


# જૂન

## ૨૦૨૨

## તમામ માહિતી સાથે

Most IMP
Current Affairs

www.crackgpsc.com

Crack GPSC ™

# જૂન ૨૦૨૨

## (૧ થી ૩૦ જૂન, ૨૦૨૨)

## સ્પેશ્યલ થેન્ક્સ

**શ્રી એમ. કે. પ્રજાપતિ (ડે. કલેક્ટર)**

**પોતાની વ્યસ્તતામાંથી પણ સમય કાઢીને વિદ્યાર્થીઓ માટે ફ્રી કરન્ટ અફેર્સ, વિવિધ વિષયોની નોટ્સ તથા સતત માર્ગદર્શન આપવા બદલ.**


**We are famous for…**

**The Most IMP, Authentic, To the point, Up to date material**




CrackGPSC

## Most Imp Current Affairs

### 1 જૂન

❖ **ન્યાયાધીશ મોહંતી નવા લોકપાલ અધ્યક્ષ**

- ✓ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે ન્યાયાધીશ પ્રદીપ કુમાર મોહંતીને લોકપાલ અધ્યક્ષનો વધારાનો ચાર્જ આપ્યો.
- ✓ ન્યાયાધીશ પિનાકી ચંદ્ર ઘોષનો મે 2022માં લોકપાલ અધ્યક્ષ તરીકેનો કાર્યકાળ પૂર્ણ થતાં આ નિમણૂક કરવામાં આવી છે.
- ✓ લોકપાલમાં એક અધ્યક્ષ અને અન્ય 8 સભ્યો હોય છે. જયારે હાલમાં તેમાં 6 સભ્યો છે.

❖ **એમ. શ્રીશંકરે ગ્રીસ ખાતે ગોલ્ડ મેડલ મેળવ્યો**

- ✓ ટોક્યો ઓલિમ્પિયન લોન્ગ જમ્પર મુરલી શ્રી શંકરે વેનિજિલિયા-ચાનિયા 2022 એથ્લેટિક્સમાં 7.95 મીટરની કૂદ સાથે ગોલ્ડ મેડલ મેળવ્યો.
- ✓ આ મહિનામાં તેમણે એથેન્સના કલિથિયામાં (8.31 મીટર) પણ ગોલ્ડ મેડલ મેળવ્યો હતો.

❖ **1 જૂન: Global Day Of Parents**

- ✓ સંયુક્ત રાષ્ટ્ર દ્વારા આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- ✓ 2021માં UN મહાસભાએ 1 જૂનને આ દિવસ તરીકે જાહેર કર્યો.
- ✓ આ દિવસ એક બાળકના જીવનમાં માતા-પિતાની ભૂમિકાને સન્માનિત કરવાના હેતુથી મનાવાય છે.
- ✓ વર્ષ 2022 ની થીમ - એપ્રિશિયેટ ઓલ પેરેન્ટ્સ થ્રુઆઉટ ધ વર્લ્ડ.

❖ **1 જૂન: World Milk Day (વિશ્વ દૂધ દિવસ)**

- ✓ સંયુક્ત રાષ્ટ્રના ખાદ્ય અને કૃષિ સંગઠન દ્વારા આ દિવસ ઉજવાય છે.
- ✓ આ દિવસનો ઉદ્દેશ્ય દૂધને વૈશ્વિક ખોરાક તરીકે માન્યતા આપવા અને ડેરી ઉદ્યોગને વિકસિત કરવા માટેનો છે.
- ✓ ભારત 150 મિલિયન ટનથી વધુના દૂધ ઉત્પાદન તથા પ્રતિ વ્યક્તિ 300 gm/1 દિનની આવશ્યકતા સાથે વિશ્વનો સૌથી મોટો ઉત્પાદક દેશ બની ચૂક્યો છે.

❖ **પ્રખ્યાત ગાયક કે.કે.નું નિધન**

- ✓ લોકપ્રિય પાશ્વગાયક કૃષ્ણકુમાર કુનાથનું નિધન થયું.
- ✓ એ. આર. રહેમાને કે.કે.ને તમિલ ફિલ્મ કધલ દેશમમાં સૌ પ્રથમ વખત કામ અપાવ્યું હતું.

- ✓ કે.કે.એ તમિલ, તેલુગુ, કન્નડ, મલયાલમ, મરાઠી અને બંગાળી જેવી ભાષાઓમાં ગીતો ગાયાં છે.

### ❖ IPL 2022માં ગુજરાત ટાઇટન્સ બન્યું વિજેતા

- ✓ IPL-2022 (15મી સિઝન)માં રાજસ્થાન સામે ગુજરાત ટાઇટન્સે 133 રન કરીને જીત મેળવી.
- ✓ આ મેચ ગુજરાતના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમવામાં આવી હતી.
- ✓ હોમ ગ્રાઉન્ડ પર ફાઇનલ જીતનારી ગુજરાત ટાઇટન્સ બીજી ટીમ. અગાઉ 2011માં ચેન્નઈ સુપર કિંગ્સે હોમ ગ્રાઉન્ડ એમ. એ. ચિદમ્બરમ સ્ટેડિયમમાં મેચ જીતી હતી.
- ✓ લોકી ફ્ર્ગ્યુર્સને IPL ઇતિહાસમાં 157.3 km પ્રતિ કલાકની ઝડપે સૌથી ઝડપી બોલ ફેંકવાનો રેકોર્ડ બનાવ્યો.

## કરન્ટ ઇન શોર્ટ

- ✓ RBIના અહેવાલ મુજબ ભારતના લોકોમાં રૂ. 100ની નોટ અને રૂ. 5નો સિક્કો સૌથી વધુ પસંદગીનું ચલણ. જયારે રૂ. 2000ની નોટ અને રૂ. 1નો સિક્કો સૌથી ઓછી પસંદગીનું ચલણ.
- ✓ રાષ્ટ્રપતિએ એક કીર્તિ ચક્ર અને 14 શૌર્ય ચક્ર રાષ્ટ્રપતિ ભવન ખાતે રક્ષા અલંકરણ સમારોહ (ચરણ -2) દરમિયાન એનાયત કર્યા. જેમાં જમ્મુ કશ્મીરના પોલીસ અલ્તાફ હુસૈન ભટને મરણોપરાંત કીર્તિ ચક્ર એનાયત કરાયો.
- ✓ ભારતીય પૈરા-એથ્લીટ વિનોદ કુમાર પર 2 વર્ષનો પ્રતિબંધ લગાવાયો.
- ✓ વયોવૃદ્ધ પત્રકાર 'ધાન'ના ઉપનામથી પ્રખ્યાત પદ્માનંદ ઝાનું નિધન.
- ✓ 8મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની થીમ (21 જૂન 2022) 'યોગ ફોર હ્યુમેનિટી' જાહેર કરવામાં આવી.
- ✓ કેન્દ્ર સરકારે PMEGP (Prime minister's employment generation programme)ની અવધિ 2026 સુધી વધારી.
- ✓ ભારતે શ્રીલંકાને 40,000 મેટ્રિક ટન ડીઝલની નિકાસ કરી.
- ✓ મુંબઈ ઇન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટીવલ ઓફ ઇન્ડિયા (MIFF 2022)ની 17મી આવૃત્તિમાં સંજીવ નાર્વેકરને ડો. વી. શાંતારામ લાઇફટાઇમ અચીવમેન્ટ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા.
- ✓ LIC (life insurance corporation) એ નવી વીમા યોજના 'વીમા રત્ન' જાહેર કરી.
- ✓ ઓડીશાના મુખ્યમંત્રી નવીન પટનાયકે સરકારી ડેટાની સુરક્ષાના પ્રયાસોના ભાગ રૂપે ભુવનેશ્વર ખાતે સાયબર સુરક્ષા સંચાલન કેન્દ્રનું ઉદ્ઘાટન કર્યું. સાથે જ covid-19 રેપિડ એન્ટીજન ટેસ્ટ કિટના નિર્માણ પ્લાન્ટનું પણ ઉદ્ઘાટન કર્યું.

**2 જૂન**

### ❖ ગાંધીનગર ખાતે રાષ્ટ્રીય શિક્ષણમંત્રી પરિષદ

- ✓ ગુજરાતના ગાંધીનગર ખાતે બે દિવસીય રાષ્ટ્રીય શિક્ષણમંત્રી પરિષદનો પ્રારંભ કરવામાં આવ્યો. જેનું ઉદ્ઘાટન કેન્દ્રીય શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાને કર્યું.
- ✓ આ પરિષદમાં ભારતનાં તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશના શિક્ષણમંત્રીઓએ ભાગ લીધો.
- ✓ આ પરિષદનો હેતુ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020ને રાષ્ટ્ર વ્યાપી અમલી કરવા માટે જરૂરી સૂચનોની ચર્ચા કરવાનો હતો.

### ❖ અલ્બાનિયાના પૂર્વ રાષ્ટ્રપતિ બુઝર નિશાનીનું નિધન

- ✓ બુઝરે 2012થી 2017 સુધી રાષ્ટ્રપતિ તરીકે સેવા આપી હતી.
- ✓ તેઓ અલ્બાનિયાના સૌથી ઓછી ઉંમરના રાષ્ટ્રપતિ (45 વર્ષની ઉંમરે) બન્યા હતા.
- ✓ અલ્બાનિયા દક્ષિણ પૂર્વી યુરોપનો દેશ છે જેની રાજધાની તિરાના છે.
- ✓ અલ્બાનિયાના હાલમાં રાષ્ટ્રપતિ - ઈલિર મેટા તથા વડાપ્રધાન - એદિ રામા છે.

### ❖ ફ્રંટિયર વિશ્વનું સૌથી ઝડપી સુપર કમ્પ્યુટર બન્યું

- ✓ સંયુક્ત રાષ્ટ્ર અમેરિકા નિર્મિત સુપર કમ્પ્યુટર ફ્રંટિયરે જાપાનના ફૂગકુ સુપર કમ્પ્યુટરને ઝડપની દ્રષ્ટિએ પાછળ રાખ્યું.
- ✓ ફ્રંટીયરને 1.1 એકસાફ્લોપ્સની ઝડપ પ્રાપ્ત કરવામાં સફળતા મળી છે. જયારે ફૂગાકુની ઝડપ 442 પેટાફ્લોપ્સ (1 એકસાફ્લોપ = 1000 પેટાફ્લોપ)ની છે.
- ✓ ફ્રંટિયર AMD EPYC 64C 2GHZ પ્રોસેસર્સથી સંચાલિત છે.
- ✓ હવે ફૂગાકુ એ વિશ્વનું બીજા નંબરનું સૌથી ઝડપી સુપર કમ્પ્યુટર બન્યું છે.

### ❖ કર્ણાટકના મુખ્યમંત્રીએ આયુ એપ લોન્ચ કરી

- ✓ કર્ણાટકના મુખ્યમંત્રી બસવરાજ બોમ્બોઈએ યોગ અને ધ્યાનના માધ્યમથી બિમારીઓ અને વિકારોને દૂર કરવા માટે આયુ એપ લોન્ચ કરી.
- ✓ આ એપ્લિકેશન S-VYAS (સ્વામી વિવેકાનંદ યોગ અનુસંધાન સંસ્થાન) દ્વારા વિકસાવવામાં આવી છે.

### ❖ 2 જૂન: તેલંગાણા સ્થાપના દિવસ

- ✓ તેલંગાણાનું 2 જૂન 2014 ના રોજ અધિકારિક રીતે ગઠન થયું હતું.
- ✓ તેલંગાણા ભારતનું 28મું રાજ્ય છે જેને આંધ્રપ્રદેશમાંથી અલગ કરીને બનાવાયું હતું.



CrackGPSC

- ✓ વિદેશ મંત્રી ડો. એસ. જયશંકર સ્લોવેકિયા, ચેક ગણરાજ્યની મુલાકાતે પાંચ દિવસીય યાત્રા કરશે. જ્યાં તેઓ GLOBSEC 2022 ફોરમમાં ભાગ લઇ 'ટેકિંગ ફ્રેંડશિપ ટૂ ધ નેક્સ્ટ લેવલ: અલાઈઝ ઇન ધ ઇન્ડો-પેસિફિક રિજિયન' પર ભાષણ આપશે.
- ✓ ISSF વિશ્વ કપ 2022માં 10 મીટર એયર રાઈફલમાં ભારતીય મહિલા નિશાનેબાજ ટીમે ગોલ્ડ મેડલ મેળવ્યો.
- ✓ કોઈન સ્વિસ એપે, ભારતનો પ્રથમ રૂપિયા આધારિત ક્રિપ્ટો ઇન્ડેક્સ જાહેર કર્યો.
- ✓ ઉત્તરપ્રદેશની હોકી ટીમે 12મી હોકી ઇન્ડિયા જૂનિયર પુરૂષ રાષ્ટ્રીય ચેમ્પિયનશિપમાં જીત મેળવી.
- ✓ PMbi (Pharmaceuticals & Medical Devices Bureau of India)એ 100 કરોડ રૂપિયાના વેચાણને પાર કર્યું.
- ✓ ઉપરાષ્ટ્રપતિ વૈંકેયા નાયડુ ગૈબોન, સેનેગલ અને કતારની મુલાકાતે.

**3 જૂન**

### ❖ સયાજી હોસ્પિટલ સ્ટેમ સેલ હાર્વેસ્ટિંગનું લાઇસન્સ મેળવનાર દેશની પ્રથમ સરકારી હોસ્પિટલ

- ✓ વડોદરાની સયાજી હોસ્પિટલ સ્ટેમ સેલ હાર્વેસ્ટિંગનું લાઇસન્સ મેળવનાર દેશની પ્રથમ સરકારી હોસ્પિટલ બની.
- ✓ અત્યાર સુધી એકમાત્ર દિલ્હી એઈમ્સમાં આ પ્રકારની સારવાર થતી હતી.
- ✓ ખાનગી હોસ્પિટલમાં 7 લાખ રૂપિયાના ખર્ચે થતી આ સારવાર સયાજીમાં માત્ર 25 હજારમાં થશે.

**કેવી રીતે કામ કરે છે આ સ્ટેમ સેલ પદ્ધતિ**

- ✓ કેન્સરના દર્દીમાં કિમોથેરાપી ફેઇલ જાય ત્યારે હેવી કિમોથેરાપી આપવામાં આવે છે. આ એવી કિમોથેરાપી છે જેમાં તેમના શરીરના દુષિત રક્તકણો નાશ પામે છે.
- ✓ દર્દીને લોહીની ઊણપ ન થાય તે માટે દર્દીના શરીરમાંથી લોહીમાંથી સ્ટેમસેલ કાઢી કિમોથેરાપી આપ્યા બાદ ઈન્જેકશનથી ફરી તેને લોહી આપતાં શરીરમાં નવા રક્તકણોનો જન્મ થાય છે.

### ❖ મંકી પોક્સ વાયરસ

- ✓ આ વાયરસ સૌ પ્રથમવાર બ્રિટન, અમેરિકા, યુરોપ, ઓસ્ટ્રેલિયા, ઇઝરાયેલમાં જોવા મળ્યો.
- ✓ તાવ, શરીરનો દુ:ખાવો, ધ્રુજારી, થાક, હાથ-શરીર-ચહેરા પર ફોલ્લીઓ એ મંકી પોક્સનાં લક્ષણો છે.

- ✓ સામાન્ય રીતે પશ્ચિમ અને મધ્ય આફ્રિકામાં આ રોગ અવારનવાર જોવા મળે છે. કારણકે ત્યાંના રહેવાસીઓ જંગલોમાંથી વાંદરા, ચામાચીડિયાં, ઉંદરોને મારીને લાવે છે જેમાં આ વાયરસ જોવા મળે છે.
- ✓ મંકીપોક્સને શીતળાનો પિતરાઈ માનવામાં આવે છે અને WHOના મંકીપોક્સના નિષ્ણાત રોઝામન્ડ લેવિસના માટે શીતળાની નાબુદી બાદ તેનું વેક્સિનેશન બંધ થતાં આ રોગનો ફેલાવો જોવા મળે છે.
- ✓ વિશ્લેષકોના મતે સામાન્ય રીતે સજાતીય લોકોમાં આ વાયરસનો ચેપ ઝડપથી લાગે છે. જયારે તે હવાથી ન ફેલાતો હોવાનું અને સ્પર્શથી ફેલાતો હોવાનું જાણવા મળે છે.

### ❖ 3 જૂન: World Cycle Day (વિશ્વ સાયકલ દિવસ)

- ✓ UN મહાસભાએ એપ્રિલ 2018માં 3 જૂનને વિશ્વ સાયકલ દિવસ તરીકે ઉજવવાનો નિર્ણય કર્યો.
- ✓ આ દિવસ સાયકલને માનવ પ્રગતિ, સ્થિરતા અને સામાજિક સમાવેશના પ્રતીક રૂપે તથા શાંતિની સંસ્કૃતિને વિકસાવવા માટે મનાવાય છે.
- ✓ ભારત વિશ્વમાં સાયકલ ઉદ્યોગમાં બીજા સ્થાને જયારે સાયકલના વપરાશમાં ત્રીજા સ્થાને છે.
- ✓ વિશ્વની સૌ પ્રથમ સાયકલ વર્ષ 1817માં જર્મનીના બરોન કોર્લ ડ્રેઈસે બનાવી.
- ✓ ગુજરાતમાં મહારાજા ભગવતસિંહજી (ગોંડલ)ના સમયમાં સાયકલ ચલાવવા માટે લાયસન્સ લેવું પડતું.
- ✓ વિશ્વ સાયકલ દિવસની રાષ્ટ્રવ્યાપી ઉજવણી મેજર ધ્યાનચંદ સ્ટેડિયમ દિલ્હીથી તથા ગુજરાતમાં રાજ્ય કક્ષાની ઉજવણી દાંડી કુટીર-ગાંધીનગર ખાતે કરવામાં આવી હતી.

### ❖ તુર્કીએ ભારતીય ઘઉંની આયાતને રદ કરી

- ✓ તુર્કીએ ફાઈટોસેનિટરીની ચિંતાને ધ્યાને રાખી ભારતીય ઘઉંના માલની પરવાનગી રદ કરી, જેનાથી ભારતની 1.5 મિલિયન ટન ઘઉંની નિકાસને અસર પહોંચશે.
- ✓ તુર્કીની રાજધાની - અંકારા.
- ✓ તુર્કીના રાષ્ટ્રપતિ - રેસેપ તઈપ એર્દોગન.

### ❖ સ્ક્રિપ્સ નેશનલ સ્પેલિંગ બી-2022 સ્પર્ધા હરિની લોગને જીતી

- ✓ ભારતીય મૂળની મહિલા હરિની લોગને આ જીત મેળવી.
- ✓ ટેકસારની ધોરણ-8ની વિદ્યાર્થીનીએ સ્પેલ-ઓફમાં સૌથી વધુ શબ્દોનો સાચો અર્થ જણાવી આ જીત મેળવી, જે 1925માં બીની સ્થાપના બાદ પ્રથમવાર આયોજિત થયું હતું.
- ✓ તેણે 21 શબ્દોનો સાચો અર્થ જણાવ્યો જયારે તેના પ્રતિસ્પર્ધીએ માત્ર 15 શબ્દોનો અર્થ જણાવતાં હરિનીએ જીત મેળવી.

## કરન્ટ ઇન શોર્ટ

- ✓ PMJJBY (પ્રધાનમંત્રી જીવનજ્યોત બીમા યોજના)નું પ્રિમીયમ રૂ. 330થી વધારીને 436 રૂ. તથા PMSBY (પ્રધાનમંત્રી સુરક્ષા બીમા યોજના)નું પ્રીમિયમ રૂ. 12થી વધારીને રૂ. 20 કરવામાં આવ્યું.
- ✓ કેન્દ્ર સરકારના ઈ-શ્રમ પોર્ટલ પર થયેલા શ્રમિકોના રજીસ્ટ્રેશનની બાબતમાં 85 લાખ રજીસ્ટ્રેશન સાથે સમગ્ર દેશમાં ગુજરાત નવમા સ્થાને.
- ✓ નાણાકીય વર્ષ 2021-22માં દેશમાં GDP (ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ) 8.7% ના દરે નોંધાઈ.
- ✓ ગુજરાત ગૃહ વિભાગે મોબાઈલ, વાહન, ચોરી જેવી ઘટનાઓ માટે 'ઈ-FIR' પ્રોજેક્ટ લોન્ચ કર્યો. જેના આધારે નાગરિકો સ્વયં ઘટના સ્થળેથી ઓનલાઈન ફરિયાદ નોંધાવી શકશે.
- ✓ લવલીના બોર્ગોહેન IBA (ઇન્ટરનેશનલ બોક્સિંગ એસોસિએશન)ની એથલીટ સમિતિના અધ્યક્ષ નિયુક્ત કરાયા.

**4 જૂન**

### ❖ ઈ-સંજીવનીનું આયુષ્યમાન ભારત ડિજિટલ મિશન સાથે એકીકરણ

- ✓ ઈ-સંજીવનીનું આયુષ્યમાન ભારત ડિજિટલ મિશન સાથે એકીકરણ કરવામાં આવ્યું.
- ✓ NHA (National Health Autharity)એ આ એકીકરણની ઘોષણા કરી છે.
- ✓ ઈ-સંજીવની સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયની ટેલીમેડિસિન સેવા છે.
- ✓ આ એકીકરણનો ઉદ્દેશ્ય ઈ-સંજીવની ઉપયોગકર્તાને સરળતાથી પોતાનું આયુષ્યમાન ભારત સ્વાસ્થ્ય ખાતું (ABHA)બનાવી, પોતાના સ્વાસ્થ્ય રેકોર્ડ તેમાં સામેલ કરવાનો છે.

### ❖ 'સાગરમાલા યંગ પ્રોફેશનલ સ્કિમ'

- ✓ બંદર, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલયે 'સાગરમાલા યંગ પ્રોફેશનલ સ્કિમ' શરૂ કરી.
- ✓ બંદર, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલયે મંત્રાલયના વિવિધ વિભાગોમાં પ્રતિભાશાળી, વિચારસરણી ધરાવતા અને ગતિશીલ યુવા વ્યવસાયિકોને જોડવા માટે આ યોજના ઘડી છે.
- ✓ આ યોજના યુવા વ્યવસાયિકો માટે સક્રિય ઓન-ધ-ગ્રાઉન્ડ શિક્ષણ પર દયાન કેન્દ્રિત કરે છે. જે માટે પ્રોફેશનલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ટ્રાન્સફોર્મેશન જેવી સવલતો ઉભી કરવામાં આવશે.
- ✓ બંદર, શિપિંગ અને જળમાર્ગ કેન્દ્રીય મંત્રી - સર્બાનંદ સોનોવાલ

### ❖ 'પીએમ શ્રી સ્કુલ' પ્રોજેક્ટ

- ✓ કેન્દ્રીય શિક્ષા મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને આ પ્રોજેક્ટ સ્થાપિત કરવા માટેની જાહેરાત કરી.
- ✓ આ સ્કુલનો ઉદ્દેશ્ય નવી શિક્ષણ નીતિ હેઠળ વિધાર્થીઓને શિક્ષિત કરી ભવિષ્ય માટે તેમને તૈયાર કરવાનો છે.

- ✓ દેશની કુલ 11 લાખ સરકારી શાળાઓમાંથી 1% શાળાઓને 'પી એમ શ્રી સ્કૂલ' હેઠળ તૈયાર કરવામાં આવશે.

**❖ પ્રસિદ્ધ સંતૂર વાદક પંડિત ભજન સોપોરીનું નિધન**

- ✓ તેઓ ઓલ ઇન્ડિયા રેડિયોમાં સંગીતના પૂર્વ નિર્દેશક હતા અને હિંદુસ્તાની શાસ્ત્રીય સંગીતના સંરક્ષક હતા.
- ✓ તેમણે પંડિત શિવકુમાર શર્મા સાથે કાશ્મીર વાધતંત્ર સંતુરને વૈશ્વિક ખ્યાતિ અપવવામાં મહત્વનો ફાળો આપ્યો.

**❖ ભારતનું પ્રથમ લિક્વિડ મિરર ટેલિસ્કોપ ઉત્તરાખંડમાં**

- ✓ આ ટેલિસ્કોપ એશિયાનું સૌથી મોટું ટેલિસ્કોપ છે.
- ✓ તે આકાશના સર્વેક્ષણમાં મદદ કરશે તથા આકાશગંગા અને અન્ય ખગોળીય પિંડોના નિરિક્ષણને સંભવ બનાવશે.
- ✓ ILMT (ઇન્ડિયન લિક્વિડ મિરર ટેલિસ્કોપ) નામનું ટેલિસ્કોપ ભારત, બેલ્જિયમ અને કેનેડાના ખગોળવિદોએ બનાવ્યું છે.

**❖ 4 જૂન: International Day Of Innocent Children Uictims of Aggression**

- ✓ આક્રમણનો શિકાર થયેલા બાળકોનો આંતરરાષ્ટ્રીય દિવસ.
- ✓ સંયુકત રાષ્ટ્ર મહાસભાએ 19 ઓગસ્ટ, 1982ના રોજ 4 જૂનને આ દિવસ તરીકે ઉજવવાની શરૂઆત કરી.
- ✓ આ સત્ર 6 જૂનના રોજ 1982માં લેબનોન યુદ્ધના કારણે આયોજિત કરાયું હતું. જેમાં ફિલિસ્તાની તથા લેબનાની બાળકો સહિત ઘણા લોકોનાં મૃત્યુ થયાં હતાં.



**કરન્ટ ઇન શોર્ટ**

- ✓ MOFG બેંક (Mitsubishi UFJ Financial Group) GIFT સિટી (ગુજરાત ઇન્ટરનેશનલ ફાયનાન્શિયલ ટેક સિટી) ગાંધીનગર ખાતે પોતાની બ્રાન્ચ ખોલશે. 1953માં જાપાનની MUFG બેંકે મુંબઈ ખાતે પોતાની પ્રથમ બ્રાંચ ખોલી હતી.
- ✓ કર્ણાટકના રમેશ બુધિયાલ ઇન્ડિયન ઓપન સર્ફિંગમાં રાષ્ટ્રીય સર્ફિંગ ચેમ્પિયન બન્યા.
- ✓ ઉત્તરપ્રદેશ હોકીએ 12મી હોકી ઇન્ડિયા જૂનિયર પુરુષ રાષ્ટ્રીય ચેમ્પિયનશીપમાં જીત મેળવી.
- ✓ અશ્વની ભાટિયા SEBIના પૂર્ણકાલિન સદસ્ય નિયુક્ત થયા.

**5 જૂન**

### ❖ ઉંદરમાંથી નવા કોરોના વાયરસની ઓળખાણ

- ✓ સ્વીડિશ વિજ્ઞાનીઓએ લાલ પીઠવાળા વોલ્સમાં મળી આવતો કોરોના વાયરસ શોધ્યો, જે ખેતરમાંથી મળી આવતા નાના ઉંદરો સમાન હોય છે.
- ✓ સ્વીડનમાં અંદાજે 260 જેટલા વોલ્સના અધ્યયનથી આ માહિતી પ્રાપ્ત થઇ.
- ✓ સમગ્ર શોધ ઉપ્સાલા વિશ્વવિદ્યાલયના જૂનોસિસ સાયન્સ સેન્ટરની ટીમે કરી છે.

### ❖ બંદા સિંહ બહાદુર શહીદ સ્મારક પોસ્ટરનું વિમોચન

- ✓ સંસ્કૃતિ રાજ્યમંત્રી અર્જુન રામ મેઘવાલે આ વિમોચન કર્યું.
- ✓ આ સ્મારક રાષ્ટ્રીય સ્મારક પ્રાધિકરણમાં તેમના 306મા શહાદત્ત દિવસે લોન્ચ કરાયું.
- ✓ બાબા બંદાસિંહ બહાદુર ઈ.સ. 1716માં મહરૌલીમાં તેમના અન્ય 18 સાથીઓ સાથે શહીદ થયા હતા.

### ❖ સ્વતંત્રતા સેનાની અંજલાઈ પોન્નુંસામીનું નિધન

- ✓ અંજલાઈ પોન્નુસામી બ્રિટનથી ભારતની સ્વતંત્રતા માટેની લડાઈ લડ્યાં હતાં.
- ✓ તેમણે નેતાજી સુભાષચંદ્ર બોઝની સેનામાં સેવા આપી હતી.
- ✓ તેઓ બીજા વિશ્વ યુદ્ધમાં INAની મહિલા પાંખ ઝાંસી રેજિમેન્ટમાં સામેલ થયાં અને અંગ્રેજો સામે ભારતની આઝાદીની લડાઈ લડ્યાં.

### ❖ વિશ્વનો સૌથી મોટો છોડ ઓસ્ટેલિયામાંથી મળી આવ્યો

- ✓ વિજ્ઞાનીઓએ પશ્ચિમી ઓસ્ટેલિયામાં પાણીમાં ઉગતો વિશ્વનો સૌથી મોટો છોડ શોધ્યો.
- ✓ પ્રોસીડિંગ્સ ઓફ ધ રોયલ સોસાયટી Bમાં પ્રકાશિત થયેલા અધ્યયન અનુસાર સરક બે (ખાડી)માંથી પ્રાપ્ત આ છોડ 200 વર્ગ કિમી સુધી ફેલાયેલો જોવા મળે છે.

### ❖ Kiya.ai એ ભારતનું પ્રથમ બેન્કિંગ મેટાવર્સ 'કિયાવાર્સ' લોન્ચ કર્યું

- ✓ ક્રિયાવર્સની મદદથી વપરાશકર્તા સરળતાથી લેણ-દેણ કરી શકશે, તથા બેન્કિંગ અંગેની માહિતી પ્રાપ્ત કરી શકશે. અને બેન્કિંગ સંબંધી વિવિધ સેવાઓનો લાભ ઘરે બેઠાં મેળવી શકશે.
- ✓ Kiya.ai વિશ્વ સ્તરે વિત્તીય સંસ્થાઓ અને સરકારની સેવા આપનાર ડિજિટલ માધ્યમ છે.

**❖ 5 જૂન: વિશ્વ પર્યાવરણ દિવસ**

- ✓ દર વર્ષે 5 જૂને આ દિવસ પ્રકૃતિની બાબતમાં જાગૃતતા લાવવા માટે તથા તેના મહત્વના વર્ણનને લોકો સુધી પહોંચાડવા માટે મનાવાય છે.
- ✓ આ દિવસની સ્થાપના 1972માં સંયુકત રાષ્ટ્ર મહાસભાએ સ્ટેક હોમ ખાતેના સંમેલનમાં કરી હતી.
- ✓ આ દિવસને અન્ય ECODAYના નામથી પણ ઓળખવામાં આવે છે.
- ✓ સૌ પ્રથમ આ દિવસ 5 જૂન, 1974ના રોજ મનાવાયો હતો.
- ✓ દર વર્ષે અલગ અલગ રાષ્ટ્ર આ દિવસની ઉજવણીમાં યજમાન હોય છે જેમાં વર્ષ 2020માં કોલંબિયા, 2021માં પાકિસ્તાન, 2022માં સ્વિડન યજમાન રહ્યું.
- ✓ 2022માં 49મા વિશ્વપર્યાવરણ દિવસની ઉજવણી કરાઈ.
- ✓ વર્ષ 2022ની થીમ - ‘ઓન્લી વન અર્થ’.

**કરન્ટ ઇન શોર્ટ**

- ✓ ટાટા સમૂહ ઉત્તરપ્રદેશના જેવર ખાતે નોએડા આંતરરાષ્ટ્રીય એરપોર્ટનું નિર્માણ કરશે.
- ✓ સંયુકત રાષ્ટ્રે તુર્કીનું નવું નામ ‘તુર્કીયે’ રાખવાની મંજૂરી આપી.
- ✓ IIM અમદાવાદે દેશનો પ્રથમ કૃષિ ભૂમિ મૂલ્ય સૂચકાંક લોન્ચ કર્યો.
- ✓ મેટાએ જેવિયર ઓલિવનને મુખ્ય પરિચાલન અધિકારી (COO) નિયુક્ત કર્યા.
- ✓ અદાણી સમૂહ એસ્સાર પાવરની મધ્યપ્રદેશ-છત્તીસગઢ ટ્રાન્સમિશન લાઇન ખરીદશે.

**6 જૂન**

**❖ એશિયાની યુનિવર્સિટીઓની રેન્કિંગ**

- ✓ ટાઈમ્સ હાયર એજ્યુકેશને એશિયાની યુનિવર્સિટીઓની રેન્કિંગની નવી આવૃત્તિ બહાર પાડી.
- ✓ આ આવૃત્તિમાં 2022ની સમગ્ર એશિયાના 31 દેશોની 616 યુનિવર્સિટીઓનો સમાવેશ કરાયો છે.
- ✓ આ યાદીમાં 71 સંસ્થાઓ સાથે ભારત સૌથી વધુ પ્રતિનિધિત્વ ધરાવતો ત્રીજો દેશ બન્યો.

Crack GPSC

- ✓ આ યાદીમાં ટોપ-50માં સ્થાન મેળવનાર IISC બેંગ્લોર 42મા સ્થાને છે.
- ✓ ગુજરાતની IIT ગાંધીનગર 120મા સ્થાને છે.
- ✓ જાપાન 118 સંસ્થાઓ સાથે સૌથી વધુ પ્રતિનિધિત્વ ધરાવે છે.
- ✓ ચીનની બે યુનિ.ઓ સતત ત્રીજા વર્ષે પ્રથમ અને બીજા ક્રમે સિંઘુઆ અને પેકિંગ યુનિવર્સિટી છે.

**❖ UNનો WSIS પુરસ્કાર 'મેઘાલય' રાજ્યને**

- ✓ UNનો WSIS (વર્લ્ડ સમિટ ઓન ધી ઇન્ફોર્મેશન સોસાયટી ફોરમ) પુરસ્કાર 'મેઘાલય' રાજ્યને આપવામાં આવ્યો.
- ✓ આ એવોર્ડ સ્વિટ્ઝરલેન્ડ ખાતે જીનિવામાં યોજાયેલ UN વર્લ્ડ સમિટમાં આપવામાં આવ્યો.
- ✓ પુરસ્કાર મેઘાલયના CM - કોનરાડ સંગમાને એનાયત કરાયો.
- ✓ આ પુરસ્કાર MEGHEA પ્રોજેક્ટ માટે મેઘાલયને અપાયો જે 90 વિવિધ પ્રોજેક્ટમાંથી શ્રેષ્ઠ પ્રોજેક્ટ સાબિત થયો હતો.
- ✓ મેઘાલયની રાજધાની - શિલોંગ તથા મેઘાલયના રાજ્યપાલ - સત્યપાલ મલિક.

**❖ NCCનું પુનીત સાગર અભિયાન**

- ✓ NCC દ્વારા આ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.
- ✓ NCC - National Cadet Corps.
- ✓ આ અભિયાનનો ઉદ્દેશ્ય દરિયાકિનારા, નદીઓ, સરોવરો સહિત અન્ય જળાશયોને પ્લાસ્ટિક અને અન્ય કચરો દૂર કરી સાફ કરવાનો છે.
- ✓ આ અભિયાન ગુજરાત સહિત 10 રાજ્યો અને 4 કેન્દ્ર શાસિત પ્રદેશોમાં હાથ ધરાયું.
- ✓ NCC એ ભારતીય સશસ્ત્ર દળોની યુવા પાંખ છે. જેનું મુખ્ય મથક નવી દિલ્હી ખાતે છે.

**❖ નૌકાદળનાં જહાજો INS નિશંક અને INS અક્ષય સેવાનિવૃત્ત**

- ✓ મુંબઈમાં ડોક્યાર્ડ ખાતે વિશેષ કાર્યક્રમમાં ભારતીય નૌકા દળની સેવામાંથી INS નિશંક અને INS અક્ષયને સેવાનિવૃત્ત કરવામાં આવ્યાં.
- ✓ આ બંને જહાજો સતત 32 વર્ષ સેવા આપ્યા બાદ નિવૃત્ત થયાં.
- ✓ INS નિશંકને 12 સપ્ટેમ્બર, 1989ના રોજ તથા INS અક્ષયને 10 ડીસેમ્બર, 1990ના રોજ કમિશન કરાયું હતું.
- ✓ બંનેએ કારગિલ યુદ્ધ દરમિયાન ઓપરેશન તલવારમાં અને 2001માં ઓપરેશન પરાક્રમ સહિતનાં નેવલ ઓપરેશન્સમાં ભાગ લીધો હતો.

**❖ LIFE (Lifestyle for the Environment) ચળવળ**

- ✓ હાલમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વૈશ્વિક ધોરણે આ ચળવળ અમલમાં મૂકી.

Crack GPSC

- ✓ ચળવળનો ઉદ્દેશ્ય વિશ્વભરની વ્યક્તિઓ, સમુદાયો અને સંસ્થાઓને પર્યાવરણ પ્રત્યે યોગ્ય જીવનશૈલી અપનાવવા માટે પ્રભાવિત કરવાનો છે.
- ✓ વર્ષ 2021માં 26મી સંયુકત રાષ્ટ્ર કલાયમેટ ચેન્જ કોન્ફરન્સ COP 26માં વડાપ્રધાન મોદીએ LIFEનો વિચાર રજૂ કર્યો હતો.
- ✓ વડાપ્રધાન મોદીએ વર્લ્ડ ઇકોનોમિક ફોરમના દાવોસ એજન્ડા 2022માં P3 (પ્રો-પ્લેનેટ પીપલ) ચળવળ રજૂ કરી હતી.

### ❖ વિશ્વનો પ્રથમ નેનો યુરિયા પ્લાન્ટ કલોલ ખાતે

- ✓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં કલોલ ખાતે ઇફકો દ્વારા નિર્મિત દુનિયાના પ્રથમ નેનો યુરિયા લિક્વિડ પ્લાન્ટનું ઉદ્ઘાટન કર્યું.
- ✓ કલોલ ખાતેનું આ ઉત્પાદન એકમ રૂ. 175 કરોડના રોકાણ સાથે બનાવવામાં આવ્યું છે. જેની પ્રતિદિન 500 ml ક્ષમતાની 1.5 લાખ લિક્વિડ નેનો યુરિયા ઉત્પાદનની ક્ષમતા નિર્ધારિત કરવામાં આવી છે.
- ✓ ડો. યુ. એસ અવસ્થી, MD IFFCOના મતે નેનો યુરિયા પ્રવાહ પાકની પોષક ગુણવતા અને ઉત્પાદકતા વધારવા અને ભૂગર્ભ જળની ગુણવત્તા સુધારવા ખૂબ જ અસરકારક છે.
- ✓ કલોલમાં IFFCOs નેનો બાયોટેકનોલોજી રિસર્ચ સેન્ટર (NBRC) ખાતે આ યુરિયા લિક્વિડ વિકસાવવામાં આવ્યું છે.
- ✓ IFFCO - Indian Farmer's Fertiliser Cooperative Limited.

### કરન્ટ ઇન શોર્ટ

- ✓ IPS જુલ્ફિકાર હસનને નાગરિક ઉડ્ડયન સુરક્ષા બ્યુરો (BCAS)ના મહાનિર્દેશક નિયુક્ત કરાયા.
- ✓ ભારતીય ઓલમ્પિયન અંજુમ મૌદ્દગિલે બાકૂ, અજરબૈજાનમાં આયોજિત ISSF શુટિંગ વિશ્વ કપમાં મહિલાઓની 50 મીટર રાઈફલ 3 પોઝીશનમાં સિલ્વર મેડલ મેળવ્યો.
- ✓ આયુષ્માન ભારત પ્રોજેક્ટ હેઠળ ગુજરાત સરકારે નાણાકીય વર્ષ 2021-22માં 7006 આરોગ્ય અને સુખાકારી કેન્દ્રો સ્થાપવાનો લક્ષ્યાંક આપ્યો હતો જેની સામે 7523 કેન્દ્રો (107%) સ્થાપ્યાં.
- ✓ વિવિધ યુદ્ધોમાં ભારતીય વાયુ સેનાની ભૂમિકા અને કામગીરી દર્શાવવા માટે ચંદીગઢ ખાતે IAF હેરિટેજ સેન્ટર સ્થાપિત કરાયું.

## 7 જૂન

### ❖ કાંગડા ઘાટી ઉત્સવ - હિમાચલ પ્રદેશ

- ✓ હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી જય રામ ઠાકુરે ધર્મશાલા ખાતે કાંગડા ઘાટી ગ્રીષ્મકાલીન મહોત્સવનું ઉધ્ઘાટન કર્યું.
- ✓ આ ઉત્સવ ગરમીની ઋતુ દરમિયાન રાજ્યમાં આવનાર પર્યટકોને હિમાચલ પ્રદેશની સંસ્કૃતિ અને પરંપરાઓથી પરિચિત કરાવવા માટે આયોજિત કરાય છે.
- ✓ આ ઉત્સવ 10 વર્ષના અંતરાલ બાદ આયોજિત કરાયો છે.

### ❖ આર જે ઉમરને યુનિસેફ પુરસ્કાર

- ✓ દક્ષિણ કાશ્મીરના રેડિયો જોકી ઉમર નિસારને મુંબઈમાં વાર્ષિક રેડિયો 4 ચાઈલ્ડ 2022 એવોર્ડ્સમાં UNICEF દ્વારા 01 સર્વશ્રેષ્ઠ પરિયોજના પુરસ્કાર અને પ્રતિરક્ષણ ચેમ્પિયન પુરસ્કારથી સન્માનિત કરાયા.
- ✓ ઉમરને મહામારી દરમિયાન દર્શકો સુધી પહોંચી તેમનામાં જાગૃતતા લાવી અફવાઓથી દૂર રહેવા માટે આ પુરસ્કાર અપાયો.

### ❖ દિલ્હીમાં કોલોની અને રસ્તાઓનું નામ બાબા સાહેબ આંબેડકરના નામ પર

- ✓ દિલ્હી સરકારે કોલોની અને રસ્તાઓના નામમાંથી 'હરીજન' શબ્દ દૂર કરી બાબા સાહેબ આંબેડકર શબ્દ રાખવાનો નિર્ણય કર્યો.
- ✓ કેન્દ્ર સરકારે આપેલા દિશા-નિર્દેશોમાં 'હરીજન' શબ્દના ઉપયોગને હટાવવાની સલાહ આપવામાં આવી છે.
- ✓ દિલ્હીના ઉપરાજ્યપાલ - વિનયકુમાર સક્સેના.
- ✓ દિલ્હીના મુખ્યમંત્રી - અરવિંદ કેજરીવાલ.

### ❖ પ. બંગાળ - રાજ્યપાલને ખાનગી યુનિવર્સિટીના 'વિઝિટર' તરીકે દૂર કરવાનું બિલ

- ✓ પશ્ચિમ બંગાળે રાજ્યપાલને ખાનગી યુનિવર્સિટીના 'વિઝિટર' તરીકે દૂર કરવાના બિલને મંજૂરી આપી.
- ✓ પશ્ચિમ બંગાળ કેબિનેટે મુખ્યમંત્રી મમતા બેનર્જીને તમામ રાજ્ય સંચાલિત યુનિવર્સિટીઓના ચાન્સેલર બનાવવાના પ્રસ્તાવને પણ મંજૂરી આપી.
- ✓ જો કે આ સમગ્ર બાબતોને લાગુ કરવા માટે રાજ્યપાલની સંમતિ લેવી ફરજિયાત છે. ત્યારબાદ જ તે કાયદો ગણાશે.

### ❖ પંજાબે જુલાઈ 2022 થી સિંગલ યુઝ પ્લાસ્ટિક પર પ્રતિબંધ લગાવ્યો

- ✓ પંજાબની ભગવંત માન સરકારે તમામ સિંગલ યુઝ પ્લાસ્ટિક પર પ્રતિબંધની જાહેરાત કરી.
- ✓ આ જાહેરાત વિશ્વ પર્યાવરણ દિવસ (5 જૂન)ની ઉજવણીના ભાગ રૂપે કરાઈ.
- ✓ આ સાથે જ રાજ્યભરમાં 55 સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ સ્થાપિત કરવા અને ભગત સિંહ પંજાબ રાજ્ય પર્યાવરણ પુરસ્કાર સ્થાપિત કરવાનો પણ નિર્ણય રાજ્ય સરકારે કર્યો.

### ❖ ડિજિટલ લર્નિંગ પ્રોગ્રામ માટે SBI ફાઉન્ડેશને ખાન એકેડમી સાથે સમજૂતી કરી

- ✓ SBI ફાઉન્ડેશને ખાન એકેડમી સાથે મળી ધોરણ 1 થી 10ના વિદ્યાર્થીઓ માટે ડિજિટલ લર્નિંગ પ્રોગ્રામ અપસ્કૂલ લોન્ચ કર્યો.
- ✓ સમગ્ર કાર્યક્રમ અંગ્રેજી, હિંદી, કન્નડ ભાષામાં ઉપલબ્ધ થશે.
- ✓ કાર્યક્રમનો ઉદ્દેશ્ય ગણિત જેવા વિષયમાં શીખવામાં આવતી મુશ્કેલીઓને દૂર કરવાનો છે.
- ✓ કાર્યક્રમના અંતે ભાગ લેનાર દરેક વિદ્યાર્થીને ડિજિટલ પ્રમાણપત્ર આપવામાં આવશે.

❖ **7 જૂન: World Food Safety Day (વિશ્વ ખાદ્યસુરક્ષા દિવસ)**

- ✓ આ દિવસ દર વર્ષે 7 જૂને અસુરક્ષિત ખોરાકથી જોડાયેલ સ્વાસ્થ્ય સમસ્યાઓ બાબતે જાગૃતિ લાવવા તથા ખોરાકમાં સ્વચ્છતાને ઉજાગર કરવા માટે મનાવાય છે.
- ✓ UN મહાસભાએ વર્ષ 2018માં આ દિવસ ચિન્હિત કર્યો.
- ✓ આ દિવસ WHO અને FAO (Food and Agriculture Organisatin) દ્વારા સંયુક્ત રીતે ઉજવાય છે.
- ✓ વર્ષ 2022ની થીમ - 'Safer food, better health (સલામત ખોરાક, સારું સ્વાસ્થ્ય).

**કરન્ટ ઇન શોર્ટ**

- ✓ નવી દિલ્હી ખાતે વિજ્ઞાન ભવનમાં નાણાં મંત્રાલય અને કોર્પોરેટ બાબતોના મંત્રાલયના 'પ્રતિષ્ઠત સપ્તાહની ઉજવણી' (આઇકોનિક વીક સેલિબ્રેશન) દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ક્રેડીટ-લિંક્ડ સરકારી યોજનાઓ માટેનું રાષ્ટ્રીય 'જન સમર્થ પોર્ટલ' લોન્ચ કર્યું.
- ✓ ઓડીશાની શ્રેયા લેંકા કે-પોપ કલાકાર બનનાર પ્રથમ ભારતીય બની. કે-પોપ એ સંગીતનો એક પ્રકાર છે જેની ઉત્પતિ દક્ષિણ કોરિયામાં થઇ હતી.
- ✓ ડચ ડોક્યુમેન્ટ્રી ફિલ્મ 'ટર્ન યોર બોડી ટૂ ધ સન' ને MIFF 2022માં સર્વશ્રેષ્ઠ ડોક્યુમેન્ટ્રી ફિલ્મ માટે ગોલ્ડન શંખ પુરસ્કાર મળ્યો.
- ✓ 16 વર્ષીય કાજોલ સરગરે KIYG (ખેલો ઇન્ડિયા યુથ ગેમ્સ) 2021માં મહિલા 40 kg વર્ગમાં 113 kg વજન ઉઠાવીને ગોલ્ડ મેડલ મેળવ્યો.
- ✓ બોલટ તુર્લોખાનોવ કપ કુશ્તી ટુર્નામેન્ટમાં રાષ્ટ્રીય ચેમ્પિયન અમન સહરાવતે ગોલ્ડ મેડલ, જયારે ટોક્યો 2020માં બ્રોન્ઝ વિજેતા બજરંગ પુનિયાએ બ્રોન્ઝ મેડલ મેળવ્યો.

સરકારી નોકરીની તૈયારી માટે
76000 51070
ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ
CRACK GPSC
● અનુભવી અને સફળ ફેકલ્ટીઝ સાથે ઓછા સમયમાં સચોટ તૈયારી એટલે Crack GPSC

**8 જૂન**

## ❖ Covid સંક્રમણને અટકાવતા મીની પ્રોટીનની શોધ

- ✓ IISC (ઇન્ડિયન ઇન્સ્ટીટયુટ ઓફ સાયન્સ) બેંગલુરુના શોધકર્તાઓએ કૃત્રિમ પેપ્ટાઈડ્સ અથવા મિનીપ્રોટીનના એક નવા વર્ગની શોધ કરી જે SARS-COV-2 જેવા વાયરસને નિષ્ક્રિય કરે છે.
- ✓ સમગ્ર અધ્યયન નેચર કેમિકલ બાયોલોજી જર્નલમાં પ્રકાશિત થયું છે.
- ✓ મિનીપ્રોટીન ન માત્ર માનવ શરીરની કોશિકાઓમાં પ્રવેશતા વાયરસને અટકાવે છે પરંતુ વાયરસના સુક્ષ્મ કણો સાથે જોડાઈને તેનો નાશ કરે છે જેથી સંક્રમણ અટકાવી શકાય.
- ✓ શોધકર્તાઓએ SARS-COV-2 અને ACE 2 પ્રોટીનના સ્પાઇક પ્રોટીન વચ્ચેની ક્રિયા દ્વારા SIH-5 નામનું મિની પ્રોટીન બનાવ્યું અને તેના આધારે આગળનું સંશોધન હાથ ધર્યું.

## ❖ પર્યાવરણ પ્રદર્શન સૂચકાંક 2022માં ભારત 180મા ક્રમે

- ✓ 2022ના આ સૂચકાંકમાં ભારતે 180 દેશોમાં સૌથી નીચો સ્કોર દર્શાવ્યો.
- ✓ આ સૂચકાંક યેલ અને કોલંબિયા વિશ્વવિધાલયના શોધકર્તાઓ દ્વારા કરવામાં આવેલ વિશ્લેષણોના આધારે જાહેર કરાયો.
- ✓ ભારત 18.9ના સ્કોર સાથે સૌથી નીચે.
- ✓ ડેનમાર્ક આ યાદીમાં સૌથી ટોચના સ્થાને છે.

## ❖ બેલિસ્ટિક મિસાઈલ અગ્નિ-4નું સફળતાપૂર્વક પરીક્ષણ

- ✓ ભારતે 4000 કિલોમીટરની મારક ક્ષમતા ધરાવતી પરમાણું સક્ષમ મધ્યમ રેન્જની બેલેસ્ટિક મિસાઈલ અગ્નિ-4નું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું.
- ✓ આ પરીક્ષણ ઓડીશાના એપી જે અબ્દુલ કલામ દ્વીપ ખાતે કરાયું.
- ✓ અગ્નિ-4 મિસાઈલ અગ્નિ શ્રુંખલાની ચોથી મિસાઈલ છે જેને અગાઉ અગ્નિ-2 પ્રાઈમ તરીકે ઓળખવામાં આવતી.
- ✓ તેનું નિર્માણ DRDO દ્વારા કરવામાં આવ્યું છે.

## ❖ 8 જૂન: World Brain tumor Day (વિશ્વ બ્રેઈન ટ્યુમર દિવસ)

- ✓ બ્રેઈન ટ્યુમર બાબતે જાગૃતતા લાવવાના ઉદ્દેશ્ય સાથે દર વર્ષે 8 જૂને આ દિવસ ઉજવાય છે.
- ✓ બ્રેઈન ટ્યુમર એ મસ્તિષ્કમાં ઉદ્ભવતી અસામાન્ય કોશિકાઓની વૃદ્ધિ છે.
- ✓ બ્રેઈન ટ્યુમર બે પ્રકારનાં હોય - કેન્સરમુક્ત (સામાન્ય) અને કેન્સરમુક્ત (ઘાતક).
- ✓ રાષ્ટ્રીય સ્વાસ્થ્ય પોર્ટલ અનુસાર વિશ્વભરમાં દરરોજ 500થી વધુ નવા બ્રેઈન ટ્યુમરના દર્દીઓ સામે આવે છે.

- ✓ વર્ષ 2022ની થીમ - 'Together we are stronger'.

### ❖ મિતાલી રાજનો આંતરરાષ્ટ્રીય ક્રિકેટનાં તમામ ફોર્મેટમાંથી સંન્યાસ

- ✓ મિતાલીના નામે એક દિવસીય મેચમાં સૌથી વધુ રન બનાવનાર ખેલાડી તરીકેનો રેકોર્ડ છે.
- ✓ તેમણે 232 મેચોમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું અને 50.68 ઓવરમાં 7805 રન બનાવ્યા.
- ✓ તેમના 23 વર્ષના કરિયરમાં એક દિવસીય આંતરરાષ્ટ્રીય મેચોમાં સતત સાત વખત 50 રન બનાવ્યા છે.
- ✓ તેમણે ચાર વખત વિશ્વ કપમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું છે.

### કરન્ટ ઇન શોર્ટ

- ✓ રાફેલ નડાલે નોર્વેના કૈસ્પર રૂડને હરાવી ફ્રેન્ચ ઓપનનો 14મો સિંગલ્સ ખિતાબ મેળવ્યો.
- ✓ ભારત-બાંગ્લાદેશ વચ્ચે સંયુકત સૈન્ય અભ્યાસ 'EX SAMPRITIX'નું બાંગ્લાદેશના યશોર સૈન્ય સ્ટેશનમાં આયોજન કરાયું.
- ✓ એ. મણીમેખલાઈની યુનિયન બેંક ઓફ ઇન્ડિયાના MD અને CEOના રૂપમાં નિયુક્તિ કરવામાં આવી. તેઓ 3 વર્ષની અવધિ માટે આ પદ પર રહેશે.
- ✓ કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી ડો. મનસુખ માંડવિયાએ ચોથો રાજ્ય ખાદ્ય સુરક્ષા સૂચકાંક (SFSI) રજૂ કર્યો. તેમાં તમિલનાડુ પ્રથમ ક્રમે તથા ગુજરાત બીજા અને મહારાષ્ટ્ર ત્રીજા સ્થાને છે.
- ✓ ICC મહિલા ODI બોલર રેન્કિંગમાં મિતાલી રાજ 7મા સ્થાને. સ્મૃતિ માંધાના નવમા સ્થાને તથા ઝૂલન ગોસ્વામી પાંચમા સ્થાને.
- ✓ ભારત સહિત 16 દેશોની સૈન્ય ટુકડીઓએ બહુરાષ્ટ્રીય શાંતિ અભ્યાસ 'એક્સ ખાન ક્વેસ્ટ 2022' મંગોલિયા ખાતે ભાગ લીધો. મંગોલિયાના રાષ્ટ્રપતિ ઉખનાગિન ખુરેલસુખે આ અભ્યાસનું ઉદઘાટન કર્યું હતું.
- ✓ કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ નવી દિલ્હી ખાતે પ્રથમ વાર National Air Sports પોલીસી-2022 જાહેર કરી. આ નીતિનો ઉદ્દેશ્ય 2030 સુધીમાં ભારતને ટોચના એર સ્પોર્ટ્સ દેશોની હરોળમાં લાવવાનો છે.
- ✓ આલોક કુમાર ચૌધરી SBIના નવા MD તરીકે 2 વર્ષની અવધિ માટે નિયુક્ત. તેઓ પૂર્વ MD અશ્વિની ભાટિયાનું સ્થાન લેશે.
- ✓ દક્ષિણ પશ્ચિમ રેલવેના શ્રેયસ હોસુર 'IRONMAN' ટ્રાયથલોન પૂર્ણ કરનાર પ્રથમ રેલવે અધિકારી બન્યા. આ આયોજનમાં 3.8 km સ્વિમ, 180 km સાઇક્લિંગ અને 42.2 km રનિંગનો સમાવેશ કરાયો હતો.

## 9 જૂન

crackgpsc

❖ **75 kmનો રસ્તો બનાવવા બદલ NHAIને ગિનિશ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન**
- ✓ NHAIએ 5 દિવસમાં 75 kmનો લાંબો રસ્તો બિટુમિનસ કોંક્રિટથી બનાવતાં આ રેકોર્ડ સ્થપાયો.
- ✓ આ કાર્ય 105 કલાક 33 મિનિટના સમયમાં પૂર્ણ થયું હતું.
- ✓ અમરાવતીથી અકોલા ખંડ રાષ્ટ્રીય રાજમાર્ગ-53 રસ્તાનું આ પ્રોજેક્ટ હેઠળ નિર્માણ થયું.

❖ **બજરામ બેગજ અલ્બાનિયાના નવા રાષ્ટ્રપતિ નિયુક્ત**
- ✓ અલ્બાનિયાઇ સાંસદોએ અલ્બાનિયાઇ સશસ્ત્ર બળ (AAF)ના ચીફ ઓફ જનરલ સ્ટાફનું પદ સંભાળનાર બજરામને રાષ્ટ્રપતિ પસંદ કર્યા.
- ✓ બજરામ કમ્યુનિસ્ટ અલ્બાનિયા બાદના 8મા અને સૈન્ય રેન્કના ત્રીજા રાષ્ટ્રપતિ છે.
- ✓ તેઓ વર્તમાન રાષ્ટ્રપતિ ઈલિર મેટાની જગ્યા લેશે.
- ✓ અલ્બાનિયાની રાજધાની - તિરાના.

❖ **બ્લુ ડ્યૂક સિક્કિમનું રાજ્ય પતંગિયું જાહેર**
- ✓ સિક્કિમના મુખ્યમંત્રી પ્રેમસિંહ તમાંગે વિશ્વ પર્યાવરણ દિવસે આ જાહેરાત કરી છે.
- ✓ બ્લુ ડ્યૂકનું વૈજ્ઞાનિક નામ 'બસારોના દુર્ગા' છે જે સિક્કિમ અને પૂર્વી હિમાલયમાં જોવા મળે છે.
- ✓ તેની શોધ 1858માં થઈ હતી.
- ✓ વન્યજીવ સંરક્ષણ અધિનિયમ 1972ની અનુસૂચિ 2 હેઠળ તેને હિમાલયની સંરક્ષિત પ્રજાતિમાં મૂકવામાં આવ્યું છે.

❖ **22મો iifa એવોર્ડ**
- ✓ IIFA (International Indian Film Academy)ની 22મી આવૃત્તિનું આબુ ધાબી, સંયુક્ત આરબ અમિરાત ખાતે આયોજિત કરવામાં આવ્યું.
- ✓ બાયોપિક શેરશાહને બેસ્ટ પિક્ચરણો એવોર્ડ અપાયો.
- ✓ ફિલ્મ શેરશાહ માટે વિષ્ણુ વર્ધનને સર્વશ્રેષ્ઠ નિર્દેશકનો પુરસ્કાર અપાયો.
- ✓ વિક્કી કૌશલને સરદાર ઉધમસિંહ માટે સર્વશ્રેષ્ઠ અભિનેતા અને કૃતિ સેનનને 'મિમી' માટે સર્વશ્રેષ્ઠ અભિનેત્રીનો પુરસ્કાર અપાયો.
- ✓ બેસ્ટ પ્લેબેક સિંગર ફીમેલનો ખિતાબ સિંગર અસીસ કૌરે 'રાતાં લંબિયાં.. (શેરશાહ) માટે પોતાના નામે કર્યો.
- ✓ બેસ્ટ પ્લેબેક સિંગર મેલનો એવોર્ડ જુબિન નૌતિયાલે રાતાં લંબિયા (શેરશાહ) માટે જીત્યો છે.

❖ **શિલોંગમાં આયોજિત થયું મેઘાલયનું પ્રથમ રાજ્ય મહિલા સંમેલન**

- ✓ મેઘાલયમાં 'સમર્થન અને જશન' વિષય ઉપર પ્રથમ રાજ્ય મહિલા સંમેલનનું સિલોંગ ખાતે આયોજિત કરાયું.
- ✓ સંમેલનનું ઉદઘાટન મેઘાલયના મુખ્યમંત્રી કોનરાડ કે. સંગમા દ્વારા કરાયું.
- ✓ આ આયોજનનો ઉદ્દેશ્ય મહિલાઓમાં ઉત્સવ મનાવવા તથા મહિલાઓ માટે સ્થાયી અને સક્ષમ વાતાવરણ બનાવી યોગ્ય સંવાદ ઉત્પન્ન કરવાનો છે.

### ❖ ગોવાના મુખ્યમંત્રીએ લોન્ચ કરી 'બીચ વિજિલ એપ'

- ✓ ગોવાના મુખ્યમંત્રી પ્રમોદ સાવંતે 'બીચ વિજિલ એપ' લોન્ચ કરી.
- ✓ આ એપ ગોવાના સમુદ્રતટો પર નજર રાખવાના હેતુ સાથે લોન્ચ કરવામાં આવી છે.
- ✓ એપને ગોવા ઇલેક્ટ્રોનિક્સ લિમિટેડ દ્વારા વિકસાવવામાં આવી છે.
- ✓ ગોવાની રાજધાની - પણજી.
- ✓ ગોવાના રાજ્યપાલ - પી. એસ. શ્રીધરન પિલ્લઇ.
- ✓ ગોવાની આધિકારીક ભાષા - કોંકણી.

### ❖ ચિલ્કા સરોવર ખાતે વિશ્વની પ્રથમ ફિશિંગ કેટની ગણતરી

- ✓ ચિલ્કા સરોવર ખાતે વિશ્વની પ્રથમ ફિશિંગ કેટ (બિલાડી)ની ગણતરી કરવામાં આવી.
- ✓ ઓડિશા ખાતેના ચિલ્કા સરોવરમાં અંદાજે 176 ફિશિંગ કેટનું રહેઠાણ છે, જે હાલમાં થયેલી આ ગણતરીમાં નોંધવામાં આવ્યું.
- ✓ આ વિશ્વની પ્રથમ ફિશિંગ કેટ ગણતરી છે જે સંરક્ષિત ક્ષેત્ર નેટવર્ક બહાર આયોજિત કરી હતી.
- ✓ ચિલ્કા ડેવલપમેન્ટ ઓથોરિટીએ 'ધ ફિશિંગ કેટ પ્રોજેક્ટ'ના સહયોગથી આ ગણતરી કરી.
- ✓ ફિશિંગ કેટ પશ્ચિમ બંગાળનું રાજ્ય પશુ છે.

### ❖ 9 જૂન 2022: બિરસા મુંડાની 122મી પુણ્યતિથિ

- ✓ બિરસા મુંડા આદિવાસી સ્વતંત્રતા સેનાની હતા.
- ✓ તેમનું વર્ષ 1900માં તેમની ઉપર ચાલી રહેલા કેસ દરમિયાન 24 વર્ષની ઉંમરમાં જેલમાં નિધન થયું.
- ✓ તેમનો જન્મ 15 નવેમ્બર, 1875ના છોટાનાગપુર પઠાર ક્ષેત્રમાં મુંડા જનજાતિમાં થયો હતો.

### ❖ 9 જૂન: World Accreditation Day (વિશ્વ માન્યતા દિવસ)

- ✓ વિશ્વ માન્યતા દિવસ, ઇન્ટરનેશનલ લેબોરેટરી એક્રેડિટેશન કોઓપરરેશન (ILAC) અને ઇન્ટરનેશનલ એક્રેડિટેશન ફોરમ (IAF) દ્વારા સયુંકત રીતે દર વર્ષે 9 જૂને મનાવાય છે.
- ✓ વર્ષ 2007માં આ દિવસને માન્યતા આપ્યા બાદ પ્રથમ વખત 2008માં ઉજવવામાં આવ્યો હતો.

- ✓ આ દિવસની ઉજવણીનો ઉદ્દેશ્ય વેપાર અને અર્થવ્યવસ્થામાં માન્યતાની ભૂમિકાના મહત્વને ઉજાગર કરવાનો છે.
- ✓ વર્ષ 2022ની થીમ - માન્યતા:આર્થિક વિકાસ અને પર્યાવરણમાં સ્થિરતા.

## કરન્ટ ઇન શોર્ટ

- ✓ દેશની પ્રથમ બુલેટ ટ્રેન 2006માં સુરતથી બીલીમોરા વચ્ચે દોડવાની જાહેરાત રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે કરી.
- ✓ પંજાબ સરકારે પેપર સ્ટેમ્પની જગ્યાએ 'ઈ-સ્ટેમ્પ' સુવિધાનો શુભારંભ કર્યો.
- ✓ ઈન્સ્ટાગ્રામ એપ ખોવાયેલા બાળકોને શોધવા માટે અલર્ટ (alert) ફીચર લાવશે.
- ✓ ઈસરોના અધ્યક્ષ ડો. એસ. સોમનાથે કર્ણાટક ખાતે અંતરિક્ષયાન નિર્માણ સુવિધાનું ઉદઘાટન કર્યું.
- ✓ સચિન તેંડુલકર 20મા વર્ષ માટે યુનિસેફના સદભાવના રાજદૂત તરીકે કાર્યરત રહેશે.
- ✓ બાંગ્લાદેશના ઓલરાઉન્ડર શાકિબ અલહસને ત્રીજી વખત ટેસ્ટ ટીમના કેપ્ટન નિયુક્ત કરાયા.
- ✓ આંધ્રપ્રદેશ સરકારે 'ACB14400' નામની એપ લોન્ચ કરી. જેનો ઉપયોગ નાગરિકો ભ્રષ્ટાચાર વિરુદ્ધની ફરિયાદો માટે કરી શકશે.
- ✓ NATOએ બાલ્ટિક સમુદ્ર ખાતે BAL TOPS નૌસૈન્ય અભ્યાસ આયોજિત કર્યો.

**10 જૂન**

### ❖ કેનિચી હોરીએ પ્રશાંત મહાસાગર એકલા જ પાર કરવાની સિદ્ધિ મેળવી

- ✓ જાપાનના કેનિચી હોરીએ પ્રશાંત મહાસાગર એકલાએ જ પાર કરવાની સિદ્ધિ મેળવી.
- ✓ 69 દિવસ અગાઉ કેનિચી સાન ફ્રાન્સિસ્કોથી પ્રશાંત મહાસાગરની સફર ખેડવા નીકળ્યા હતા.
- ✓ અગાઉ 1962માં જાપાનથી સાન ફ્રાન્સિસ્કો પ્રશાંત મહાસાગર ખેડનાર તેઓ વિશ્વના પ્રથમ એકલા વ્યક્તિ હતા.
- ✓ 60 વર્ષ બાદ તેઓ (ઉંમર 83 વર્ષે) સાન ફ્રાન્સિસ્કોથી પરત જાપાન માટેની સફરે પ્રશાંત મહાસાગરમાં એકલા નીકળ્યા.

### ❖ હાથી બચાવ કેન્દ્ર - ચંપારણ (બિહાર)

- ✓ બિહારના પશ્ચિમ ચંપારણ જિલ્લામાં વાલ્મિકી ટાઈગર રિઝર્વ ખાતે બિહારના વન વિભાગે હાથી બચાવ કેન્દ્રની સ્થાપના કરી.

- ✓ આ કેન્દ્રનો ઉપયોગ રખડતા, ત્યજી દેવાયેલા અને ઘાયલ હાથીઓના પુનવર્સન માટે કરવામાં આવશે.
- ✓ વાલ્મિકી ટાઈગર રિઝર્વ બિહારના પશ્ચિમ ચંપારણ જિલ્લામાં આવેલું છે જે 899 ચો. કિ.મી.ના ફેલાયેલું છે.
- ✓ હાલમાં હાથીઓ નેપાળના પારસા અને ચિતવન વન્યજીવ અભ્યારણયમાંથી ભારતમાં આવ્યા છે તથા પૂર્વીય રાજ્યોમાં હાથી બચાવ માટેના કેન્દ્રમાં ચાર હાથીઓ છે.

### ❖ વર્ષ 2021માં ભારતની FDI 7મા ક્રમે

- ✓ વર્ષ 2021માં ભારતની FDI (Foreign Direct Investment) 7મા ક્રમે પહોંચી.
- ✓ સંયુકત રાષ્ટ્ર વેપાર અને વિકાસ સંમેલન દ્વારા (UNCTAD) જાહેર કરવામાં આવેલા એક રિપોર્ટ અનુસાર ભારત 2021માં પ્રત્યક્ષ વિદેશી નિવેશ (FDI)માં એક સ્થાન ઉપર આવી 7મા ક્રમે પહોચ્યું.
- ✓ આ યાદીમાં અમેરિકા (367 અરબ ડોલર સાથે) પ્રથમ, ચીન (181 અરબ ડોલર સાથે) બીજા, હોંગકોંગ (141 અરબ ડોલર સાથે) ત્રીજા સ્થાને છે.
- ✓ ભારત 45 અરબ ડોલર સાથે સાતમા સ્થાને છે.

### ❖ સૂફી મહોત્સવ – શ્રીનગર

- ✓ જમ્મુ અને કાશ્મીર પર્યટન વિભાગે શ્રીનગર ખાતે શેર-એ-કાશ્મીર ઇન્ટરનેશનલ કન્વેન્શન સેન્ટર (SKICC) માં સૂફી મહોત્સવનું આયોજન કર્યું.
- ✓ આ ઉત્સવનો ઉદ્દેશ્ય કાશ્મીરમાં સૂફીઓ અને ઋષિઓના શિક્ષણને ઉજાગર કરવાનો અને તેમનો પ્રચાર કરવાનો છે.
- ✓ 3 દિવસીય આ ઉત્સવનું ઉદ્ઘાટન જમ્મુ અને કાશ્મીરના ઉપરાજ્યપાલના સલાહકાર આર. આર. ભટનાગરે કર્યું.

Crack GPSC

## કરન્ટ ઇન શોર્ટ

- ✓ ગુજરાત અને રાજસ્થાન બાદ ઉત્તરપ્રદેશ સરકારે ઈશા ફાઉન્ડેશનના સ્થાપક સદગુરુ સાથે માટી બચાવો અભિયાન માટે MOU કર્યાં.
- ✓ QS (ક્વાકવેરેલી સાઈમંડસ)ના વર્લ્ડ યુનિવર્સિટી રેન્કિંગમાં IISC બેંગલુરુ દેશની સૌથી શ્રેષ્ઠ અને વિશ્વમાં 155મા ક્રમની શ્રેષ્ઠ સંસ્થા જયારે IIT મુંબઈ અને IIT દિલ્હી અનુક્રમે બીજા અને ત્રીજા સ્થાને.
- ✓ વડાપ્રધાન મોદીએ ગુજરાત ગૌરવ અભિયાન હેઠળ નવસારી જીલ્લાના ચિખલીના ખૂડવેલ ખાતે દક્ષિણ ગુજરાતનાં વિવિધ વિકાસલક્ષી કાર્યોનાં લોકાપર્ણ કર્યાં.

- ✓ કેન્દ્ર સરકાર દ્વારા કાર્યરત મિનિસ્ટ્રી ઓફ સ્કિલ એન્ડ એન્ટર પ્રિન્યોરશિપ (MSDE) દ્વારા ડિસ્ટ્રીક સ્કિલ ડેવલપમેન્ટ પ્લાનિંગ માટે એવોર્ડ ઓફ એકસલન્સ આપવામાં આવ્યા જેમાં દેશના 700 જિલ્લામાં રાજકોટ પ્રથમ ક્રમે રહ્યું.
- ✓ વિદેશ રાજ્ય મંત્રી મીનાક્ષી લેખી કિર્ગિજ ગણરાજ્ય અને કઝાકિસ્તાનની 6 દિવસીય મુલાકાતે.
- ✓ દૂરદર્શનના DG મયંક અગ્રવાલ પ્રસાર ભારતીના CEO નિયુક્ત થયા. તેઓ શશી શેખર વેમ્પતિનું સ્થાન લેશે.
- ✓ IISM (ઈન્ટરનેશનલ ઇન્સ્ટીટયુટ ઓફ સ્પોર્ટ્સ મેનેજમેન્ટ) દ્વારા સ્પોર્ટ્સ માર્કેટિંગ પર ભારતનું પ્રથમ પુસ્તક 'બિઝનેસ ઓફ સ્પોર્ટ્સ:ધ વિનિંગ ફોર્મુલા ફોર સકસેસ' લોન્ચ કરવામાં આવ્યું. તેના લેખક સ્પોર્ટ્સ માર્કેટિયર વિનીત કર્ણિક છે.

**11 જૂન**

**❖ ભારતમાં રાષ્ટ્રપતિની ચૂંટણી**

- ✓ અનુ. 52 - રાષ્ટ્રપતિ; અનુ 54 - રાષ્ટ્રપતિની ચૂંટણી.
- ✓ રાષ્ટ્રપતિની ચૂંટણીમાં લોકસભા, રાજયસભા અને વિધાનસભાના ચૂંટાયેલા સભ્યો મતદાન કરે છે.
- ✓ રાજ્યસભાના 245માંથી 233 સાંસદ તથા લોકસભાના 543 સાંસદ તમામ રાજ્યોના 4033 ધારાસભ્યો આ ચૂંટણીમાં મતદાન કરશે, આ રીતે આ વખતની ચૂંટણીમાં કુલ મતદાન કરનાર મતદાતાઓ 4809 હશે.
- ✓ રાષ્ટ્રપતિની ચૂંટણીમાં મત ગણતરી મત મૂલ્યના આધારે થાય છે. આ ચૂંટણીમાં એક સાંસદના વોટનું મૂલ્ય 708 હોય છે.
- ✓ ઉતરપ્રદેશ વિધાનસભાના એક સભ્યનું મત મૂલ્ય 208 છે જયારે ગુજરાતમાં તે 147 છે. જયારે સૌથી ઓછું મૂલ્ય સિક્કિમના ધારાસભ્યનું 7 છે. જયારે ગુજરાતનું કુલ મત મૂલ્ય 26,754 છે.
- ✓ રાષ્ટ્રપતિની ચૂંટણીમાં મત મૂલ્ય નક્કી કરવા માટે વર્ષ 1971ની વસ્તીને દયાને લેવામાં આવે છે જે વર્ષ 2026 બાદ બદલાશે.
- ✓ રાષ્ટ્રપતિની ચૂંટણી STV (સિંગલ ટ્રાન્સફરેબલ વોટ) (એકલ સંક્રમણિય મત) પદ્ધતિથી થાય છે જે બાબત આયર્લેન્ડના બંધારણમાંથી લેવામાં આવી છે.
- ✓ રાષ્ટ્રપતિની ચૂંટણીમાં નોટા (NOTA) ની જોગવાઇ, પક્ષ પલટા વિરોધી કાયદો લાગુ પડતા નથી.

**ટોપ-3 રાષ્ટ્રપતિ જેમનો સૌથી મોટો વિજય થયો.**

(1) રાજેન્દ્ર પ્રસાદ (1957) - 99.3% મત

(2) ડો. સર્વપલ્લી (1962) - 98.3% મત

(3) નારાયણન (1997) - 94.97% મત

**ટોપ-3 રાષ્ટ્રપતિ જેમનો સૌથી ઓછા મતે વિજય થયો.**

(1) વી વી ગિરિ (1969) - 50.2% મત

(2) ઝાકિર હુસેન (1967) - 56.2% મત

(3) રામનાથ કોવિંદ (2017) - 65.65% મત

- ✓ નીલમ સંજીવ રેડ્ડી એકમાત્ર (7મા) રાષ્ટ્રપતિ છે જેઓ બિનહરીફ ચૂંટાયા.
- ✓ રાષ્ટ્રપતિની ચૂંટણીના મતદારનું મત મૂલ્ય મેળવવાની ગાણિતિક પ્રક્રિયા.

(1) MP (સાંસદ) = $\frac{\text{કુલ વિધાનસભાના મત મૂલ્યોનો સરવાળો}}{\text{કુલ ચૂંટાયેલા સાંસદ સભ્યો(776)}}$

= 708

(2) MAL (ધારા સભ્યો) = $\frac{\text{રાજ્યની કુલ વસ્તી (1971 મુજબ)}}{\text{રાજ્યની વિધાનસભાના ચૂંટાયેલા સભ્યો}} \times \frac{1}{1000}$

**રાષ્ટ્રપતિ બનવા માટેની લાયકાત**

- 35 વર્ષની ઉંમર
- 15000 રૂ. ડીપોઝિટ તરીકે RBIમાં જમા કરાવવા પડે. જે વેલિડ વોટના 1/6 મત ન મળે તો જપ્ત થાય છે.
- કુલ મતદારમાંથી 50 સભ્યોનો પ્રસ્તાવ અને 50 સભ્યોનું લેખિત સમર્થન.
- લોકસભાના સભ્ય થઇ શકે તેટલી લાયકાત.
- ભારતનો નાગરિક હોવો જોઈએ.
- કેન્દ્ર કે રાજ્ય સરકારના લાભના પદ પર ન હોવા જોઈએ.

**રાષ્ટ્રપતિ શપથ 25 જુલાઈએજ શા માટે?!**

- ✓ દર 5 વર્ષે ભારતને 25 જુલાઈએ નવા રાષ્ટ્રપતિ મળે છે આ શિસ્તો 1977 થી ચાલી આવે છે.
- ✓ ફકરુદીન અલી અહેમદનું કાર્યકાળ દરમિયાન ફેબ્રુઆરી 1977માં અવસાન થયા બાદ ઉપરાષ્ટ્રપતિ બી. ડી. જતી કાર્યકારી રાષ્ટ્રપતિ બન્યા હતા.
- ✓ નવા રાષ્ટ્રપતિની ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ નીલમ સંજીવ રેડ્ડી 25 જુલાઈ, 1977ના રોજ રાષ્ટ્રપતિ બન્યા હતા.
- ✓ આ બાબતને દયાને રાખતાં દર 5 વર્ષે જુલાઈ માસની 25 તારીખે જ રાષ્ટ્રપતિ શપથ લે છે.

❖ **NASA ઓસ્ટ્રેલિયન અંતરિક્ષ કેન્દ્રથી 3 રોકેટ લોન્ચ કરશે**

- ✓ સંયુકત રાજ્ય અમેરિકાનું વાણિજ્યિક અંતરિક્ષ કેન્દ્રથી NASA સુદૂર ઉત્તર ઓસ્ટ્રેલિયાથી એક સાથે 3 રોકેટ લોન્ચ કરશે.
- ✓ રોકેટ આલ્ફા સેન્ચ્યુરી A અને B સ્ટાર સિસ્ટમ પર કેન્દ્રિત થશે.
- ✓ 26 જૂન, 4 જુલાઈ, 12 જૂનના રોજ નહુલુનબુયથી અર્નહેમ સ્પેસ સેન્ટરથી સબઓર્બિટલ -સાઉંડિંગ રોકેટ લોન્ચ કરવામાં આવશે.

**❖ ભારતે પ્રાણીઓ માટે પ્રથમ covid-19 વેક્સિન લોન્ચ કરી**

- ✓ કેન્દ્રીય કૃષિ મંત્રી નરેન્દ્રસિંહ તોમરે એનોકોવેક્સ નામની આ રસી લોન્ચ કરી.
- ✓ હરિયાણામાં ICAR - નેશનલ રિસર્ચ સેન્ટર ઓન ઇક્વાઇન (NRCE) દ્વારા ઉત્પાદિત પશુઓ માટેની આ પ્રથમ ઘરેલુ covid-19 વેક્સિન છે.
- ✓ આ વેક્સિનમાં સહાયક તરીકે એલહાઇડ્રોજેલનો ઉપયોગ કરાયો છે, અને નિષ્ક્રિય SARS-COV-2 (ડેલ્ટા) એન્ટિજનનો પણ ઉપયોગ કરાયો.
- ✓ કંપનીના મતાનુસાર કૂતરા, સિંહ, ચિત્તા, ઉંદર અને સસલાઓમાં આ વેક્સિનનું પરીક્ષણ સફળ રહ્યું છે.

**❖ FIDE શતરંજ ઓલંપિયાડ માટે શુભંકર અને લોગોનું અનાવરણ**

- ✓ તમિલનાડુના મુખ્યમંત્રી એમ. કે. સ્ટાલિને ચેન્નાઈ ખાતેની FIDE ચેસ ઓલંમિયાડ માટે શુભંકર અને 'થબી' નામથી લોગો અનાવરણીત કર્યો.
- ✓ તમિલમાં 'થબી'નો અર્થ છોટા ભાઈ (નાનો ભાઈ) એવો થાય છે.
- ✓ આ આંતરરાષ્ટ્રીય કાર્યક્રમ 28 જુલાઈથી 10 ઓગસ્ટ, 2022 સુધી ચેન્નઈ નજીક મમલ્લાપુરમમાં આયોજિત થશે.
- ✓ આ આયોજનમાં 186 દેશોના બે હજારથી વધુ ખેલાડીઓ ભાગ લેશે.

**❖ આસામ ખાતે ઉજવાયો બાઈખો ઉત્સવ**

- ✓ ભારતના આસામ ખાતે આ ઉત્સવ શભાસ જાતિઓ દ્વારા ઉજવવામાં આવ્યો છે.
- ✓ શભાસ એ તિબેટી - બર્મન સમુદાય છે, જેઓ પશ્ચિમ બંગાળના ગારો ટેકરીઓ અને દૂઆર પ્રદેશમાં નીચલા આસામ ખાતે કૃષિ જીવન ગાળવાની સાથે વસવાટ કરે છે.
- ✓ આ ઉત્સવ દર વર્ષે પુષ્કળ પાક, સારા સ્વાસ્થ્ય અને શુભ લાગણીઓની મોસમ લાવવા તથા સમુદાયોને વિવિધ પરિસ્થિતિઓથી સામનો કરવાની ક્ષમતા લાવવા ઉજવવામાં આવે છે.
- ✓ લોકો ઉત્સવ દરમિયાન આગથી ઉકળતા કોલસા પર દોડવાની પરંપરા નિભાવે છે.

**કરન્ટ ઇન શોર્ટ**

- ✓ એ. આર. રહેમાનને ભારત-બ્રિટન સંસ્કૃતિ મંચના એમ્બેસેડર નિયુક્ત કરવામાં આવ્યા.

- ✓ સંયુક્ત રાષ્ટ્ર મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસે આંતરરાષ્ટ્રીય ડિજિટલ સહયોગના કાર્યક્રમો માટે ભારતના અમનદિપસિંહ ગિલની સંયુક્ત રાષ્ટ્ર પ્રમુખના દૂત તરીકે નિયુક્તિ કરી.
- ✓ UNમાં બાંગ્લાદેશની સ્થાયી પ્રતિનિધિ રાજદૂત રબાબ ફાતિમાને UNના સહાયક મહાસચિવ તરીકે નિયુક્તિ આપવામાં આવી.
- ✓ MS યુનિવર્સિટીના પૂર્વ પ્રભારી રજીસ્ટ્રાર એન. જે. ઓઝાની મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના (મનરેગા)ના બે વર્ષના કાર્યકાળ માટે લોકપાલ તરીકે નિયુક્તિ આપવામાં આવી.
- ✓ મનીષ નરવાલ અને સિંહરાજ અધાનાએ ફ્રાન્સમાં ચાલી રહેલ શૈટોશૈક્સ પૈરા-શૂટિંગ વિશ્વ કપમાં મિક્સ્ડ ટીમ 50 મીટર પિસ્તલ SH1 સ્પર્ધામાં સિલ્વર મેડલ મેળવ્યો.

**12 જૂન**

### ❖ 12 જૂન: World Day Against Child Labour

- ✓ વિશ્વ બાલ શ્રમ નિષેધ દિવસ.
- ✓ આ દિવસ દર વર્ષે 12 જૂનના રોજ બાળશ્રમની વૈશ્વિક સીમા અને તેને દૂર કરવા માટેની આવશ્યક કાર્યવાહી અને પ્રયત્નો ઉપર દયાન કેન્દ્રિત કરવા માટે ઉજવવામાં આવે છે.
- ✓ આ દિવસ વર્ષ 2002માં આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન (ILO - international Labour Organisation) દ્વારા શરૂ કરાયો હતો.
- ✓ વર્ષ 2022ની થીમ - બાળશ્રમને સમાપ્ત કરવા માટે સાર્વભૌમિક સામાજિક સંરક્ષણ.
- ✓ ભારતીય બંધારણ મુજબ 14થી ઓછી વયનાં બાળકો પાસે (અનુ. 24) મજુરી કરાવવી એ કાયદેસર ગુનો છે, જ્યારે 14થી 18 વર્ષનાં બાળકોને કામમાં તાલીમના સંદર્ભે હળવું કામકાજ અથવા પારિવારિક વ્યવસાય કામમાં તાલીમ આપવી એ ગુનો નથી.
- ✓ UNએ 2021ને બાળ મજૂરી નાબૂદી આંતરરાષ્ટ્રીય વર્ષ જાહેર કર્યું હતું.
- ✓ ILO ની સ્થાપના 1919માં થઇ જેનું વડું મથક - જીનિવા, સ્વિટ્ઝરલેન્ડમાં છે.

### ❖ નેશનલ મ્યુઝિયમ ઓફ કસ્ટમ એન્ડ GST રાષ્ટ્રને સમર્પિત કરાયું

- ✓ કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમને ગોવાના પણજી ખાતે આ મ્યુઝિયમ અને GST ગેલેરીનું ઉદઘાટન કર્યું અને સાથે જ નાણા મંત્રાલયનો 'આઝાદીનો અમૃત મહોત્સવ' પ્રતિષ્ઠિત સપ્તાહ 11 જૂન 2022એ સમાપ્ત કર્યો.
- ✓ સીતારમને આ સાથે 'લર્ન બાય પ્લે' સિરિઝ હેઠળ બોર્ડ ગેમ્સ, 3D પઝલ્સ અને કોમિક બુકનો સેટ પણ લોન્ચ કર્યો.

### ❖ રશિયા-ચીનની પ્રથમ સડકનું અનાવરણ કરાયું

- ✓ રશિયા અને ચીને બંને દેશો વચ્ચેના પ્રથમ રાજમાર્ગ પુલનું અનાવરણ કરાયું.
- ✓ અમૂર નદી પર એક કિલોમીટર લાંબો આ પુલ રશિયાને બ્લાગોવેસ્ચેન્સ્ક શહેરને ઉત્તરી ચીનના હીહે સુધી જોડે છે.
- ✓ બે ટ્રાફિક લેનવાળો આ પુલ 19 બિલિયન રૂબલ (328 મિલયન ડોલર) ના ખર્ચે નિર્માણ પામ્યો છે.

### ❖ In-SPACEના મુખ્યાલયનું ઉદઘાટન

- ✓ PM મોદીએ અમદાવાદના બોપલ ખાતે IN-SPACE (Indian National Space Promotion and Authorisation centre)ના મુખ્યાલયનું ઉદઘાટન કર્યું.
- ✓ IN-SPACEની સ્થાપના જૂન 2020માં કરવામાં આવી હતી.
- ✓ આ કાર્યાલય અંતરિક્ષ વિભાગમાં સરકારી અને ખાનગી બંને સંસ્થાઓ માટે અંતરિક્ષ ગતિવિધિઓનો પ્રચાર, પ્રોત્સાહન અને વિનિમય માટે એક સ્વાયત સંસ્થા તરીકે કાર્ય કરશે.

### ❖ મહારાષ્ટ્રને 12 નવાં સંરક્ષણ રિઝર્વ અને 3 વન્યજીવ સંરક્ષણ

- ✓ મહારાષ્ટ્રને 12 નવાં સંરક્ષણ રિઝર્વ અને 3 વન્યજીવ સંરક્ષણ આપવામાં આવ્યાં.
- ✓ મહારાષ્ટ્ર રાજ્ય વન્યજીવ બોર્ડ દ્વારા આ મંજૂરી આપવામાં આવી.
- ✓ આ સંરક્ષિત ક્ષેત્રોનું કુલ ક્ષેત્રફળ અંદાજિત 1000 વર્ગ કિલોમીટર જેટલું છે.
- ✓ 3 નવાં વન્યજીવ અભયારણ્યમાં - લોનાર વન્યજીવ અભ્યારણ્ય, ગઢચિરૌલીમાં કોલામાર્કા અને જલગાંવમાં મુક્તાઇ ભવાની વિસ્તારને આવરી લેવામાં આવ્યો છે.
- ✓ આ નવી મંજૂરી બાદ મહારાષ્ટ્રમાં સંરક્ષણ રિઝર્વની સંખ્યા વધીને 27 થઇ.

## કરન્ટ ઇન શોર્ટ

- ✓ રક્ષા મંત્રી રાજનાથ સિંહે વિયેતનામને 12 હાઇસ્પીડ ગાર્ડ બોટ સોંપી.
- ✓ રામકૃષ્ણ મુક્કા વિલ્લી GSDG (સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ) પાયનિયર તરીકે ઓળખ મેળવનાર પ્રથમ ભારતીય બન્યા.
- ✓ SEBI (સિક્યુરિટી એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા)એ મ્યુચ્યુઅલ ફંડ સલાહકાર સમિતિનું પુનર્ગઠન કરી RBIના પૂર્વ ડે. ગવર્નર ઉષા થોરાટને તેના અધ્યક્ષ નિયુક્ત કર્યા.
- ✓ USએ વિશ્વમાં પ્રથમ વાર ડિજિટલ ઇલેક્ટ્રોનિક્સ માટે 'રિપેઇંગનો અધિકાર' કાયદો રજૂ કર્યો.
- ✓ મનીષ નરવાલ અને રૂબીના ફ્રાન્સિસને ફ્રાન્સના ચેંટોરોક્સમાં ચાલી રહેલ વિશ્વ શૂટિંગ પૈરા સ્પોર્ટમાં 10 મીટર P6 એર પિસ્તલ મિશ્રિત ટીમ સ્પર્ધામાં ભારતને ત્રીજો ગોલ્ડ મેડલ અપાવ્યો.

**13 જૂન**

### ❖ મલેશિયાએ મૃત્યુદંડ સમાપ્ત કરવાની ઘોષણા કરી

- ✓ મલેશિયાએ મૃત્યુદંડ અનિવાર્યતાને ધ્યાને રાખી સમાપ્ત કરવાની ઘોષણા કરી.
- ✓ અદાલતના વિવેકને આધિન મૃત્યુદંડને વૈકલ્પિક દંડથી બદલવામાં આવશે.
- ✓ મલેશિયામાં હાલમાં 11 એવા ગુનાઓ છે જેના માટે મૃત્યુદંડની જોગવાઈ કરવામાં આવી છે.
- ✓ મે-2022માં જામ્બિયાએ પણ મૃત્યુદંડ સમાપ્ત કરવાની યોજના ઘોષિત કરી હતી.

### ❖ તમિલનાડુમાં ઓનલાઈન ગેમિંગને વિનિયમિત કરવા પેનલ

- ✓ તમિલનાડુ સરકારે ઓનલાઈન ગેમિંગને વિનિયમિત કરવા માટે પેનલની રચના કરી.
- ✓ આ પેનલમાં ચાર સભ્યો રહેશે જેની અધ્યક્ષતા મદ્રાસ HCના સેવાનિવૃત જજ ચંદ્ર દ્વારા કરાશે.
- ✓ તમિલનાડુએ 2020માં ઓનલાઈન ગેમિંગ ઉપર પ્રતિબંધ મૂક્યો હતો જેને 2021માં મદ્રાસ HC દ્વારા રદ કરવામાં આવ્યો.
- ✓ તમિલનાડુના CM - એમ. કે. સ્ટાલિન.
- ✓ તમિલનાડુના રાજ્યપાલ - આર. એન. રવિ.

### ❖ YSR યંત્ર સેવા યોજના - આંધ્રપ્રદેશ સરકાર

- ✓ આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી વાય. એસ. જગમોહન રેડ્ડીએ આ યોજના શરૂ કરી.
- ✓ તેમણે ગુંટૂર જિલ્લાના ચટ્ટગુંટ્ટા કેન્દ્રથી ટ્રેક્ટર અને કંમ્બાઈન હાર્વેસ્ટરના વિતરણને લીલી ઝંડી આપી.
- ✓ રાયથૂ ભરોસા કેન્દ્રો (RBK)પર 3800 ટ્રેક્ટર અને 320 સયુંકત હાર્વેસ્ટર ઉપલબ્ધ કરાવવામાં આવશે.
- ✓ તેમણે 5260 ખેડૂતોના બેંક ખાતામાં રૂ. 175 કરોડની સબસિડી જમા કરી.

### ❖ ભારત દક્ષિણ આફ્રિકામાંથી ચિત્તા લાવશે

- ✓ ઓગસ્ટ 2022 સુધીમાં મધ્યપ્રદેશના કુનો-પાલપુર રાષ્ટ્રીય ઉધાન ખાતે દ. આફ્રિકાથી ચિત્તાને લાવવામાં આવશે.
- ✓ સમગ્ર બાબત દેશમાંથી વિલુપ્ત થયેલ પ્રજાતિઓના પુનર્વસનને ધ્યાને રાખી કરવામાં આવશે.
- ✓ યોજના અંતર્ગત સરકારે દર વર્ષે દ. આફ્રિકાથી 8થી 10 ચિત્તા લાવશે.
- ✓ વર્ષ 1952માં ભારત સરકારે દેશમાં ચિત્તાને વિલુપ્ત ઘોષિત કર્યો હતો.

### ❖ ભારતનાં અતિસંવેદનશીલ હવાઈમથકો 2023 સુધીમાં PIDS સ્થાપિત કરશે

- ✓ ભારતનાં અતિસંવેદનશીલ હવાઈમથકો 2023 સુધીમાં PIDS સ્થાપિત કરશે.

Crack GPSC

- ✓ PIDS (The Perimeter Intrusion Detection System) એ એક સેન્સર છે જે એરપોર્ટની બાઉન્ડ્રી વોલ દ્વારા કોઇ પણ ઘુષણખોરી અંગે સુરક્ષા એજન્સીઓને ચેતવણી આપવામાં મદદ કરે છે.
- ✓ ગ્રીનફિલ્ડ એરપોર્ટ કે જે સરકારની પ્રાદેશિક કનેક્ટિવિટીનો ભાગ નથી તેઓ પણ આ સિસ્ટમ ઇન્સ્ટોલ કરશે.
- ✓ આ પ્રકારની સિસ્ટમ અંગેની જાહેરાત BCAS (Bureau of civil Aviation security)એ કરી છે. જે વિમાન સુરક્ષા અંગે કામ કરતી મહત્વની સંસ્થા છે.

**કરન્ટ ઇન શોર્ટ**

- ✓ ભારતના કૃષ્ણા શ્રી નિવાસન આંતરરાષ્ટ્રીય મુદ્રા કોષ (IMF)ના એશિયા અને પ્રશાંત વિભાગના પ્રમુખ તરીકે નિયુક્ત કરાયા. તેઓ ચાંગયોંગરીનું સ્થાન લેશે.
- ✓ બ્રિટનનાં રાણી એલિઝાબેથ-2 ફ્રાન્સના લુઇ XIVના પછી ઇતિહાસમાં વિશ્વમાં બીજા નંબરનો લાંબો સમય રાજ કરનાર (72 વર્ષ 110 દિવસ, 1643થી 1715) વ્યક્તિ બન્યાં.
- ✓ અવની લેખરાએ પેરા શૂટિંગ વિશ્વ કપ 2022માં R8 મહિલાની 50 મીટર 3P SHI ઇવેન્ટમાં ગોલ્ડ મેળવ્યો.
- ✓ ફીફા નેશન્સ કપ 2022 માટે ભારત ક્વોલિફાઇ થયું.
- ✓ નોર્વે શતરંજમાં ભારતીય ગ્રાન્ડ માસ્ટર પ્રજ્ઞાનાનંદે જીત મેળવી.
- ✓ ઉત્તર કોરિયાએ ચો-સોન-હુઇને પ્રથમ મહિલા વિદેશ મંત્રી તરીકે નિયુક્ત કર્યાં.
- ✓ રતન ટાટાને મહારાષ્ટ્રની HSNC વિશ્વવિધાલયે માન.ડી.લિટથી સન્માનિત કર્યા.

**14 જૂન**

**❖ 'રેલવે કે લિએ સ્ટાર્ટઅપ' પ્રોગ્રામ લોન્ચ**

- ✓ રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવે 'રેલવે કે લિએ સ્ટાર્ટઅપ' પ્રોગ્રામ લોન્ચ કર્યો.
- ✓ આ કાર્યક્રમનો નવી દિલ્હીથી શુભારંભ કરવામાં આવ્યો.
- ✓ આ સ્ટાર્ટઅપ નીતિનો ઉદ્દેશ્ય ભારતીય રેલવેની ક્ષમતા અને સુરક્ષામાં સુધારા માટે ભારતીય સ્ટાર્ટઅપ, MSME, ઇનોવેટર્સ અને ઉધોગ સાહસિકો દ્વારા વિકસિત નવીન ટેકનોલોજીનો લાભ ઉઠાવવાનો છે.

**❖ કેનેડા દરેક સિગરેટ પર લેખિત ચેતવણી શરૂ કરનાર પ્રથમ દેશ**

- ✓ કેનેડા એ દુનિયાનો એવો પ્રથમ દેશ છે જેણે એક એક સિગરેટ ઉપર ચેતવણી લખવાની શરૂઆત કરી.

Crack GPSC

- ✓ અગાઉ બે દશકા પહેલાં તમાકુ ઉત્પાદનના પેકેજિંગ પર ચેતવણી લખવાની શરૂઆત કરવામાં આવી છે.
- ✓ કેનેડાની રાજધાની - ઓટાવા.
- ✓ કેનેડાના વડાપ્રધાન - જસ્ટિન ટ્રુડો.

**❖ કર્ણાટકની એશ્વર્યા બાબૂએ ટ્રીપલ જંપનો રાષ્ટ્રીય રેકોર્ડ તોડયો**

- ✓ ચેન્નઈમાં ચાલી રહેલા રાષ્ટ્રીય આંતર-રાજ્ય એથલેટીક્સમાં મહિલા ત્રિપલ જંપમાં એશ્વર્યા બાબૂએ 14.14 મીટરની છલાંગ લગાવી ટ્રીપલ જંપનો રાષ્ટ્રીય રેકોર્ડ તોડયો.
- ✓ હરિયાણાની વેણુએ 13.43 મીટર સાથે બીજું અને કાર્તિકા ગોંઠડાપાની એ 13.25 મીટર સાથે ત્રીજું સ્થાન મેળવ્યું.

**❖ 14 જૂન: world blood donor day (વિશ્વ રક્તદાતા દિવસ)**

- ✓ દર વર્ષે આ દિવસ રક્તની આવશ્યકતા બાબતે જાગૃતતા લાવવા અને રક્તદાતાઓએ આપેલા તેમના યોગદાનને બિરદાવવા માટે આ દિવસ ઉજવવામાં આવે છે.
- ✓ વર્ષ 2022ની થીમ 'Donating blood is an act of solidarity, join the effort and save lives' (રક્તદાન એ એકતાનું કાર્ય છે. પ્રયત્નમાં જોડાવ અને જીવન બચાવો.).
- ✓ આ દિવસ 1901માં ABO રક્ત સમૂહ પ્રણાલીના શોધક કાર્લ લેન્ડ સ્ટીનરના જન્મદિવસનું પ્રતીક છે.

**❖ રશિયા ભારતનો બીજા નંબરનો સૌથી મોટો તેલ આપૂર્તિકર્તા દેશ**

- ✓ મે 2022માં રશિયા સાઉદી અરબને પાછળ રાખી ઈરાક બાદ ભારતનો બીજા નંબરનો સૌથી મોટો તેલ આપૂર્તિકર્તા દેશ બન્યો.
- ✓ ભારતે મે 2022માં લગભગ 25 મિલિયન બેરલ રૂસી તેલ ખરીદી કરી જે સામાન્ય ખરીદી કરતાં 16% વધુ છે.
- ✓ અમેરિકા અને ચીન બાદ, ભારત વિશ્વનો ત્રીજા નંબરનો સૌથી મોટો તેલ આયાતકાર દેશ છે જે અંદાજે 85% તેલની આયાત કરે છે.

**❖ NESDA 2021 રિપોર્ટ**

- ✓ NESDA (નેશનલ ઈ-ગવર્નન્સ સર્વિસ ડિલીવરી એસેસમેન્ટ)ની બીજી આવૃત્તિ જાહેર કરવામાં આવી.
- ✓ આ રિપોર્ટ કેન્દ્રિય મંત્રી ડો. જીતેન્દ્ર સિંહે જાહેર કર્યો.
- ✓ આ રિપોર્ટમાં નાગરિકોને ઓનલાઈન સેવાઓ આપવા માટે કેન્દ્રીય મંત્રાલયની પ્રભાવશાળી પ્રણાલી ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.
- ✓ NESDA 2021માં સાત અલગ અલગ ક્ષેત્રોનો સમાવેશ કરાયો છે.

- ✓ NESDA 2021 રિપોર્ટ અનુસાર ઈ-ગવર્નન્સ સર્વિસ ડિલીવરીમાં તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં કેરલ  ટોચ પર છે.
- ✓ આ રિપોર્ટ અનુસાર જમ્મુ-કાશ્મીર તમામ કેન્દ્રશાસિત પ્રદેશોમાં ટોચ પર છે.

### કરન્ટ ઇન શોર્ટ

- ✓ રાહુલ શ્રીવાસ્તવ ભારતના 74મા ગ્રાન્ડમાસ્ટર બન્યા.
- ✓ મૈક્સ વરસ્ટેપને અઝરબૈઝાન F1 ગ્રાન્ડ પિક્સમાં જીત મેળવી.
- ✓ બુદ્ધ પૂર્ણિમાના ભાગરૂપે ભગવાન બુદ્ધના ચાર પવિત્ર અવશેષો ભારતથી મોંગોલિયા મોકલવામાં આવશે.
- ✓ ઇક્વાડોર, જાપાન, માલ્ટા, મોઝામ્બિક અને સ્વિટ્ઝરલેન્ડને UNSC (સયુંકત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ)માં 2023-24ના કાર્યકાળ માટે અસ્થાયી સદસ્ય તરીકે પસંદ કરાયાં. તેઓ ભારત, આયરલેન્ડ, કેન્યા, મેક્સિકો, નોર્વેની જગ્યા લેશે.
- ✓ આબૂધાબી ઇન્વેસ્ટમેન્ટ ઓથોરીટીએ હોમ ફાયનાન્સમાં 20% હિસ્સેદારીની જાહેરાત કરી.
- ✓ ચીને ચંદ્રની વિશ્વની સૌથી વિસ્તૃત નકશારૂપી પ્રતિમા જાહેર કરી.
- ✓ AICTE (All India Council for Technical Education) મેટાવર્સમાં કાર્યાલય સ્થાન ધારણ કરનાર પ્રથમ માન્યતાપ્રાપ્ત સંસ્થા બની.

**15 જૂન**

### ❖ ટાઇમના ઈનોવેટિવ ટીચર્સમાં ત્રણ ભારતીયની પસંદગી

- ✓ 'ટાઇમ' મેગેઝિને અમેરિકામાં 2022ના 10 ઈનોવેટિવ ટીચર્સની યાદી બહાર પડી છે, જેમાંથી ત્રણ ભારતીય મૂળના છે.
- ✓ આ ઇનોવેટર્સ શિક્ષણ ક્ષેત્રમાં પરિવર્તન લાવવા માટે અલગ અલગ નવીનતમ પ્રયોગો હાથ ધર્યા. આ ત્રણ વ્યક્તિ અને તેમનું યોગદાન આ મુજબ રહ્યું.
- ✓ **<u>નીલમ પાટીલ</u>:**

  - મિયાંવાકી જંગલના વધારા ક્ષેત્રે તેમણે યોગદાન આપ્યું.

  - મિયાંવાકી જંગલો સામાન્ય જંગલની સરખામણીએ ખૂબ જ ઝડપથી વૃદ્ધિ પામે છે અને સામાન્યની સાપેક્ષે વધુ $CO_2$ શોષે છે.
- ✓ **<u>રચના નાથ</u>:**

  - વિદ્યાર્થીઓને સોલ્યુશન્સ પર બ્રેઈન સ્ટોર્મિંગ, પેટન્ટ અંગે રિસર્ચ અને દરેક બાબતોના પ્રોટોટાઈપ અંગે માર્ગદર્શન આપ્યું.

- તેમણે ડેડ ઝોનમાં વાઈફાઈ સિગ્નલ વધારતું ડિવાઈસ અને હીટ સ્ટ્રેસ માપતી ટોપી બનાવી જેનું આવનાર સમયમાં પ્રોટોટાઈપ રજૂ કરશે.

✓ **આકાશ પટેલ:**

- વિશ્વના અનેક દેશોમાં ફરીને તેમણે અલગ અલગ દેશની ભાષાઓ શીખી અને આ ભાષાઓ તેમણે હેપીવર્લ્ડ ફાઉન્ડેશનના માધ્યમથી વિદ્યાર્થીઓને વીડિયો કોલની મદદથી શીખવવાની શરૂઆત કરી.

### ❖ વંદે ગુજરાત યાત્રા

✓ ગુજરાત રાજ્ય સરકારે ગુજરાતના નાગરિકો સમક્ષ વિકાસ ગાથા રજૂ કરવા માટે 1થી 15 જુલાઈ વંદે ગુજરાત યાત્રાનું આયોજન કર્યું.

✓ આ યાત્રા 20 વર્ષના વિશ્વાસ, 20 વર્ષનો વિકાસ થીમ પર આયોજિત થશે.

✓ આ દરમિયાન રાજ્યનાં ગામડાંમાં 80 જેટલા રથ ફેરવવામાં આવશે.

✓ એક રથ એક દિવસમાં દસ-દસ ગામોમાં જઈ આ યાત્રાનો પ્રચાર કરશે.

### ❖ ભારતીય સૈન્યમાં અગ્નિપથ યોજના

✓ કેન્દ્ર સરકારે સૈન્યમાં ભરતી માટે ‘અગ્નિપથ યોજના’ જાહેર કરી છે.

✓ યોજના હેઠળ ભૂમિદળ, નૌકાદળ, વાયુદળમાં 4 વર્ષ માટે સૈનિકોની ભરતી કરવામાં આવશે.

✓ ભરતી થયેલા યુવાનોને ‘અગ્નીવીર’ નામ આપવામાં આવશે.

✓ આ ભરતીમાં ઓફિસર રેન્કથી નીચેના કર્મચારીની ભરતી થશે તથા સૈન્યની ત્રણેય પાંખમાં અલગ અલગ રેન્ક તથા વર્દી સાથે અલગ પ્રતીક ચિહ્ન અપાશે.

### ❖ વે ફાઈન્ડિંગ એપ્લિકેશન

✓ કેન્દ્રીય મંત્રીમંડળે ‘વે ફાઈન્ડિંગ એપ્લિકેશન’ માટે ભારત અને UN વચ્ચે સમજૂતી પર હસ્તાક્ષર કર્યા.

✓ આનો ઉપયોગ પેલેસ ડેસ નેશન્સ - જીનિવામાં આવેલ UN ઓફિસમાં કરવામાં આવે છે.

✓ આ એક GPS આધારિત એપ છે.

✓ આ એપને C-DOT (સેન્ટર ફોર ડેવલપમેન્ટ ઓફ ટેલિમૈટિક્સ) દ્વારા વિકસિત કરવામાં આવી છે.

### ❖ 15 જૂન: World Wind Day (વિશ્વ પવન દિવસ)

✓ વિંડયૂરોપ અને GWEC (ગ્લોબલ વિંડ એનર્જી કાઉન્સિલ) દ્વારા દર વર્ષે આ દિવસ વિશ્વવ્યાપી કાર્યક્રમ તરીકે ઉજવાય છે.

✓ આ દિવસનો ઉદ્દેશ્ય પવન ઊર્જા અને તેના ઉપયોગ બાબતે લોકોમાં જાગૃતતા લાવવાનો છે.

✓ આ દિવસને અન્ય વૈશ્વિક પવન દિવસ તરીકે પણ ઓળખવામાં આવે છે.

- ✓ આ દિવસ સૌપ્રથમ વાર વર્ષ 2007માં ઉજવવામાં આવ્યો હતો.

  વર્ષ 2022નો આ દિવસ - પવન ઊર્જાના લાભોનો આનંદ માણવા અને પવન ઊર્જાની સંભવિતતા વિશે લોકોને શિક્ષણ આપવું (To enjoy the benefits of wind energy and give education to masses about the potential ઑફ wind energy)ની થીમ પર આધારિત છે.




## કરન્ટ ઇન શોર્ટ

- ✓ રાજસ્થાનના રાવતભાટામાં બોર્ડ ઑફ રેડીયેશન એન્ડ આઇસોટોપ ટેકનોલોજી (બ્રિટ)ના કોબાલ્ટ ફેસિલિટીમાં કોબાલ્ટ 60 વિકિરણથી પ્રોસેસ્ડ કરવામાં આવેલ કેરી US એક્સપોર્ટ કરાશે.
- ✓ વિશ્વની સૌથી મોટી ફૂડ રેસ્ટોરન્ટ ચેન મેકડોનાલ્ડસે રશિયામાં ‘વકુસ્નો આઇ તોચકા’ (સ્વાદિષ્ટ)ના નવા નામ સાથે રેસ્ટોરન્ટ ખોલી.
- ✓ વિશ્વના એશિયાની સૌથી લાંબા દાંત ધરાવતા કર્ણાટકના બાંદીપુર ટાઇગર રિઝર્વની ગુન્દ્રે રેન્જના 60 વર્ષીય હાથી ‘ભોગેશ્વર’નું મૃત્યુ થયું.
- ✓ અદાણી ફ્રાન્સની ટોટલ એનર્જીમાં 25% હિસ્સો ખરીદી વિશ્વની સૌથી મોટી ગ્રીન હાઇડ્રોજન ઇકોસિસ્ટમ બનાવશે.
- ✓ ઇન્ડિયન પ્રીમિયર લીગના આવનારા પાંચ વર્ષના મીડિયા અધિકારોની ઈ-હરાજીમાં સ્ટાર સ્પોર્ટ્સે ઇન્ડિયા, વાયકોમ 18 અને ટાઇમ્સ એન્ટરટેઇનમેન્ટે આ અધિકારો રૂ. 48,390 કરોડમાં ખરીધા.

- ✓ નીરજ ચોપડાએ પ્રથમ વાર પાવો નુરમી ગેમ્સ 2022માં ભાગ લઇ પ્રથમ પ્રયાસે 86.92 મીટર અને બીજા જ પ્રયાસે 89.30 મીટરનો થ્રો કરી નેશનલ રેકોર્ડ તોડ્યો. પાવો નુરમી ગેમ્સ ફિનલેન્ડની ટોચની ટ્રેક એન્ડ ફિલ્ડ ગેમ્સમાંની એક છે.
- ✓ ઝાયડસ લાઈફ સાયન્સિઝના ચેરમેન પકંજ આર. પટેલની રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાના સેન્ટ્રલ બોર્ડના પાર્ટ ટાઇમ નોન ઓફિશિયલ ડિરેક્ટર તરીકે નિમણૂક કરવામાં આવી.
- ✓ ભારતીય રેલવેએ 'ભારત ગૌરવ' યોજના હેઠળ પ્રથમ ટ્રેન તમિલનાડુના કોઇમ્બતુર ઉત્તર રેલવે સ્ટેશનથી મહારાષ્ટ્રના સાઈનગર શિરડી સુધી રવાના કરી.
- ✓ વડાપ્રધાન ધર્મશાલા, હિમાચલ પ્રદેશમાં પ્રધાનોના મુખ્ય સચિવોના પ્રથમ રાષ્ટ્રીય સંમેલનની અધ્યક્ષતા કરશે. જેનો મુખ્ય ઉદ્દેશ્ય રાજ્ય અને કેન્દ્ર વચ્ચેના સંબંધોને મજબૂત કરવાનો છે.
- ✓ થાઇલેન્ડ ઔષધીય ઉપયોગ માટે ભાંગની ખેતીને માન્યતા આપનાર પ્રથમ એશિયન દેશ બન્યો.

**16 જૂન**

### ❖ નિરજ ચોપડાનો ભાલા ફેંકમાં નવો રેકોર્ડ

- ✓ નિરજ ચોપડાએ પાવો નૂરમી ગેમ સિમ ફિનલેન્ડમાં 89.30 મીટરનો નવો રાષ્ટ્રીય રેકોર્ડ બનાવ્યો.
- ✓ ચોપડાએ પ્રથમ રાષ્ટ્રીય રેકોર્ડ 88.07 મીટર માર્ચ 2021માં પટિયાલામાં બનાવ્યો હતો.
- ✓ 2021માં ટોકિયો ઓલિમ્પિકમાં 87.58 મીટર ના થ્રો સાથે ગોલ્ડ મેડલ મેળવ્યો હતો.
- ✓ પાવોનૂરમી ગેમમાં ફિનલેન્ડના ઓલિવર હેલેન્ડરે 89.83 મી. સાથે ગોલ્ડ મેળવ્યો.

### ❖ ક્રાંતિ ગાથાનું ઉદ્ઘાટન

- ✓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 'ક્રાંતિ ગાથાનું' ઉદઘાટન કર્યું.
- ✓ મુંબઈમાં રાજભવન ખાતેના બ્રિટિશ યુગના બંકરમાં ભારતીય ક્રાંતિકારીઓની નવ નિર્મિત ગેલેરી એટલે ક્રાંતિગાથા.
- ✓ આ બંકર 2016માં રાજભવનની નીચેથી મળી આવ્યું હતું.
- ✓ વડાપ્રધાને મહારાષ્ટ્રના રાજ્યપાલ આવાસ તથા કાર્યકાલ 'જલભૂષણ'નું પણ ઉદઘાટન કર્યું.

### ❖ આરતી પ્રભાકર અમેરિકન રાષ્ટ્રપતિની વિજ્ઞાન સલાહકાર નિયુક્ત

- ✓ સંયુકત રાજ્ય અમેરિકન રાષ્ટ્રપતિ જો બાઈડેને ભારતીય મૂળના ભૌતિક વિજ્ઞાની આરતી પ્રભાકરને તેમનાં વૈજ્ઞાનિક સલાહકાર નિયુક્ત કર્યાં.

- ✓ તેઓ વ્હાઈટ હાઉસ ઓફિસ ઓફ સાયન્સ એન્ડ ટેક(OTSP)નાં નિર્દેશક તરીકે નામિત થયાં.
- ✓ તેઓ એરિક લેંડરનું સ્થાન લેશે.

### ❖ 16 જૂન: World Sea Turtle Day (વિશ્વ સમુદ્રી કાચબા દિવસ)

- ✓ આ દિવસ દર વર્ષે જલીય પ્રજાતિને વિલુપ્ત થતી બચાવવા માટે 16 જૂને ઉજવાય છે.
- ✓ ભારતમાં સમુદ્રી કાચબા વન્યજીવ (સંરક્ષણ) અધિનિયમ, 1972 દ્વારા સંરક્ષિત છે.
- ✓ આ અધિનિયમ આંદામાન અને નિકોબાર દ્વીપ સમુહમાં સ્વદેશી જનજાતીય સમુદાયોને છોડીને તમામ દ્વારા કાચબાના માંસ અને ઈંડાની ખપત પર પ્રતિબંધ લગાવાયો છે.

### ❖ પ્રસિદ્ધ આલોચક અને ભાષાવિદ પ્રોફેસર ગોપીચંદ નારંગનું નિધન

- ✓ સન્માનિત ઉર્દૂ આલોચક અને ભાષાવિદ ગોપીચંદ નારંગે પદ્મભૂષણ અને સાહિત્ય અકાદમી પુરસ્કાર પ્રાપ્ત કર્યો તથા તેઓએ ઉર્દૂ, હિંદી, અંગ્રેજી ભાષામાં સાહિત્ય, કવિતા અને સંસ્કૃતિક અધ્યયન પર 65 થી વધુ પુસ્તકો લખ્યાં.
- ✓ તેઓ દિલ્હી વિશ્વવિદ્યાલય અને જામિયા માલિયા ઇસ્લામિયામાં પ્રોફેસર તરીકે પણ ફરજ બજાવી ચૂક્યાં છે.

**કરન્ટ ઇન શોર્ટ**

- ✓ Indian Bank દ્વારા ‘ડિજિટલ નવીનીકરણ યોજના’ શરુ કરવામાં આવી.
- ✓ કેન્દ્રીય મંત્રી નિતિન ગડકરીએ ઇન્ડસ્ટ્રીયલ ડિકાર્બોનાઇઝેશન સમિટ-2022 નું ઉદઘાટન કર્યું.
- ✓ ભારતે ફ્રાન્સ સાથે UPI અને Rupay Card સેવા શરૂ કરવા સમજૂતી કરી.
- ✓ છત્રપતિ શિવાજી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ સંચાલન માટે પવન ઊર્જાનો ઉપયોગ કરનાર દેશનું પ્રથમ એરપોર્ટ બન્યું.

## 17 જૂન

### ❖ મિસિઝ ઇન્ડિયા વર્લ્ડ 2022-2023

- ✓ મિસિઝ ઇન્ડિયા વર્લ્ડ 2022-23નું મુંબઈ ખાતે આયોજન કરાયું હતું.
- ✓ શ્રીમતી સરગમ કૌશલને એ એવોર્ડના વિજેતાનો તાજ પહેરાવાયો અને તેણી મિસિઝ વર્લ્ડ 2022માં ભારતનું પ્રતિનિધિત્વ કરશે.

- ✓ સરગમ બાદ શ્રીમતી જૂહી વ્યાસ પ્રથમ ઉપવિજેતા અને શ્રીમતી ચાહત દલાલ દ્વિતીય ઉપવિજેતા રહ્યાં.
- ✓ શ્રીમતી સરગમને ભારતના તમામ ભાગોના 51 પ્રતિસ્પર્ધીઓમાંથી આ એવોર્ડ માટે વિજેતા પસંદ કરાયા.

### ❖ એનમ એજુથમ યોજના-તમિલનાડુ

- ✓ તમિલનાડુના મુખ્યમંત્રી એમ. કે. સ્ટાલિને આ યોજના શરૂ કરી.
- ✓ આ યોજનાનો ઉદ્દેશ્ય 2025 સુધી મૂળભૂત સાક્ષરતા અને સંખ્યાત્મકતાને સુનિશ્ચિત કરવાનો છે.
- ✓ આ કાર્યક્રમ હેઠળ શિક્ષણ વિભાગ દ્વારા ધોરણ 1થી 3ના વિદ્યાર્થીઓમાં શિક્ષણના અંતરાળની સમીક્ષા તથા તેની કાર્યપુસ્તિકાનું વિતરણ કરવામાં આવશે.

### ❖ ભારત આસિયાન-ભારત વાર્તાના 30 વર્ષ પૂર્ણ થવાના ઉપલક્ષ્યમાં SAIFMMની મેજબાની કરશે.

- ✓ SAIFMM-Special ASEAN-India Foreign Minister's Meeting.
- ✓ આ બેઠકમાં ભારતના વિદેશમંત્રી એસ. જયશંકરે ભાગ લીધો તથા તેમણે રિપબ્લિક ઓફ સિંગાપોરના વિદેશમંત્રી ડો. વિવિયન બાલક્રિષ્નન સાથે આ બેઠકની સહઅધ્યક્ષતા કરી.
- ✓ આ બેઠકમાં covid-19 અને આરોગ્ય, વેપાર અને વાણિજ્ય, કનેક્ટિવિટી, શિક્ષણ અને ક્ષમતા નિર્માણ તથા 'ઇન્ડો-પેસિફિક પર આસિયાન આઉટલુક પર સહકાર' પર આસિયાન-ભારતના સંયુક્ત પ્રયાસો અંગે ચર્ચાઓ કરવામાં આવી.

### ❖ ભારત-જાપાન વચ્ચે પ્રથમ નાણાકીય વાતચીતનું આયોજન.

- ✓ મેક્રો-ઇકોનોમિક સ્થિતિ, નાણાકીય વ્યવસ્થા અને નાણાકીય ડિજિટલાઇઝેશન પર બંને દેશોના વિચારોના આદાન-પ્રદાન માટે આ આયોજન કરવામાં આવ્યું.
- ✓ નાણાં મંત્રાલયના સચિવ અજય શેઠ અને જાપાનના તેમના સમકક્ષ મસાતો કાંડાએ આ બેઠકમાં ભાગ લીધો.
- ✓ બેઠકની હવે પછીની વાતચીત ટોક્યો ખાતે કરવામાં આવશે.

### ❖ 17 જૂન: World Day To Combat Desertification And Drought (રણ વિસ્તારોને આગળ વધતા અટકાવવા અને દુકાળ સામે સંઘર્ષ કરવા માટેનો વૈશ્વિક દિવસ)

- ✓ આ દિવસ દર વર્ષે 17 જૂનના રોજ દુકાળ સામે લડવા તથા રણને આગળ વધતું અટકાવવા માટેની જાગૃતતા લાવવાના ઉદ્દેશ્યથી ઉજવાય છે.
- ✓ સયુંકત રાષ્ટ્ર મહાસભાએ 30 જાન્યુઆરી, 1995ના રોજ આ દિવસની જાહેરાત કરી હતી.
- ✓ વર્ષ 2022ની થીમ-'રાઇઝિંગ અપફ્રોમ ડ્રોટ ટુગેધર'

❖ **GSER 2022 એફોર્ડેબલ ટેલેન્ટમાં કેરળ એશિયામાં પ્રથમ સ્થાને.**

- ✓ GSER (ગ્લોબલ સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમ રિપોર્ટ)-2022માં કેરળને આ સ્થાન પ્રાપ્ત થયું છે.
- ✓ કેરળ આ જ યાદીમાં વૈશ્વિક રેંકિંગમાં ચોથા સ્થાને છે.
- ✓ આ રિપોર્ટ નીતિ સલાહકાર અને સંગઠન સ્ટાર્ટઅપ જીનોમ અને ગ્લોબલ આંત્રપ્રિન્યોરશિપ નેટવર્ક દ્વારા સંયુક્ત રૂપે તૈયાર કરાયો.
- ✓ 2020માં પ્રકાશિત પ્રથમ GSERમાં કેરળ એશિયામાં 5મા અને દુનિયામાં 20મા સ્થાને હતું.

**કરન્ટ ઇન શોર્ટ**

- ✓ અમેરિકાને પડકાર આપવા માટે ચીને કેરિયર ફૂજિયાન-003 સ્વદેશી એરક્રાફ્ટનું લોન્ચિંગ કર્યું.
- ✓ IWF યુવા વિશ્વ ચેમ્પિયનશિપમાં સનાપથી ગુરુનાયડુએ ગોલ્ડ મેડલ મેળવ્યો.
- ✓ કર્ણાટક રાજ્ય સરકારે 'ફ્રૂટ્સ' સોફ્ટવેર લોન્ચ કર્યું.
- ✓ બેંગલુરુ ખાતે ભારતનું પ્રથમ કેન્દ્રીયકૃત (સેન્ટ્રલાઇઝ્ડ) AC રેલ્વે ટર્મિનલ શરૂ કરાયું.
- ✓ તાજેતરના એક રિપોર્ટ અનુસાર મુંબઈ શહેર દર વર્ષે અંદાજે 2 MM સુધી દરિયામાં ડૂબી રહ્યું છે.

**18 જૂન**

❖ **ગુજરાત અને અરૂણાચલ વચ્ચે રુકમણી-કૃષ્ણ સર્કિટ બનાવવની જાહેરાત કરવામાં આવી.**

- ✓ ભગવાન કૃષ્ણએ હરણ કરીને રુકમણીજી સાથે ગુજરાતના પોરબંદર પાસેના માધવપુરમાં લગ્ન કર્યાં હતા. પરંતુ રુકમણીજીને કૃષ્ણ છેક અરૂણાચલ પ્રદેશથી ગુજરાત લઇ આવ્યા હતા.
- ✓ અરૂણાચલ પ્રદેશના ઇદુ મિશિમ પ્રજાતિના રહેણાંક વિસ્તારમાં કેન્દ્ર સરકારની નેશનલ મોન્યુમેન્ટ ઓથોરીટી (NMA)એ બે દિવસીય પ્રવાસ દરમ્યાન સંસ્કૃતિક બાબતો સાથે જોડાયેલા પુરાતત્વીય પુરાવાઓ અને વિગતો એકત્રિત કરી આ સર્કિટ બનાવવાની જાહેરાત કરી.
- ✓ અરૂણાચલ પ્રદેશમાંથી મળી આવેલા આ પુરાવાઓ રૂકમણીજીના પિતા ભિષ્મકની રાજધાની ભિષ્મકનગરમાં સ્થિત છે.
- ✓ સમગ્ર પ્રોજેક્ટ વડાપ્રધાનના ડ્રીમ પ્રોજેક્ટ 'એક ભારત શ્રેષ્ઠ ભારત' હેઠળ આગળ ધપાવવામાં આવશે.

❖ **પૃથ્વી-2 મિસાઈલનું સફળ લોન્ચ કરાયું.**

- ✓ ઓડિશાના ચાંદીપુરમાં ઈન્ટીગ્રેટેડ ટેસ્ટિંગ રેન્જ ખાતે આ લોન્ચિંગ કરાયું.
- ✓ પૃથ્વી-2 બેલેસ્ટિક મિસાઈલ ઓછા અંતર સુધી પ્રહાર કરી શકતી મિસાઈલ છે અને તેને DRDO દ્વારા વિકસાવવામાં આવી છે.
- ✓ આ મિસાઈલની પ્રહાર ક્ષમતા 350 કિમી છે તથા તે 500 થી 1000 kg વજન સુધીનો પેલોડ લઈ જવામાં સક્ષમ છે.
- ✓ આ મિસાઈલ સપાટીથી સપાટી પ્રહાર કરી શકે છે.

**❖ ગ્લોબલ પીસ ઈન્ડેક્સ 2022**

- ✓ ગ્લોબલ પીસ ઇન્ડેક્સ-2022માં 163 દેશોને રેન્કિંગ અપાયું, જેમાં આઇસલેન્ડ વિશ્વમાં સૌથી શાંત દેશ રહ્યો.
- ✓ આ યાદીમાં બીજા અને ત્રીજા ક્રમે અનુક્રમે ન્યુઝીલેન્ડ અને આયર્લેન્ડનો સમાવેશ થાય છે.
- ✓ ભારત આ યાદીમાં 135મા ક્રમે રહ્યું જે ગત વર્ષે 138મા ક્રમે હતું.
- ✓ આ યાદીમાં અફઘાનિસ્તાન સૌથી અંતિમ (163) સ્થાને રહ્યું.

**❖ આંતરરાષ્ટ્રીય સાહિત્યિક ઉત્સવ 'ઉનમેશ' શરૂ કરાયો.**

- ✓ ત્રણ દિવસીય આંતરરાષ્ટ્રીય સાહિત્યિક ઉત્સવની શિમલાના ઐતિહાસિક ગેયટી થિયેટર ખાતે શરૂઆત કરવામાં આવી.
- ✓ આ ઉત્સવનું ઉદઘાટન કેન્દ્રીય સંસ્કૃતિ રાજયમંત્રી અર્જુનરામ મેઘવાલે કર્યું હતું.
- ✓ સમગ્ર ઉત્સવનું આયોજન કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રાલય અને સાહિત્ય અકાદમી દ્વારા કરાયું હતું.
- ✓ દેશમાં અત્યાર સુધીનો આ સૌથી મોટો આંતરરાષ્ટ્રીય સાહિત્યિક ઉત્સવ છે. જેનું પ્રથમ વખત આયોજન થયું છે.

**❖ ડિજિટલ યુનિવર્સિટી-કેરળ, સી-મેટ, ટાટા સ્ટીલ વચ્ચે ઇન્ડિયા ઇનોવેશન સેન્ટર ફોર ગ્રાફીન (IICG)ની સ્થાપના માટે mou થયા.**

- ✓ સી-મેટ: સેન્ટર ફોર મટિરિયલ્સ ફોર ઇલેક્ટ્રોનિક્સ ટેકનોલોજિસ.
- ✓ ભારત સરકાર અને કેરળ સરકાર દ્વારા ગ્રાફીનની એપ્લિકેશનમાં સંશોધન અને નવીનતાઓને આગળ વધારવા માટે એક અનુવાદ સંશોધન કેન્દ્ર 'ઇન્ડિયા ઇનોવેશન સેન્ટર ફોર ગ્રાફીન'ની સ્થાપનાની સ્થાપના કરવામાં આવી છે, જે ગ્રાફીનના ક્ષેત્રની પ્રવૃત્તિઓ હાથ ધરાશે.
- ✓ ડિજિટલ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર સાજી ગોપીનાથ, સી-મેટના ડિરેક્ટર એન. રઘુ અને ટાટા સ્ટીલના વાઈસ પ્રેસીડેન્ટ દેબાશિષ ભટ્ટાચારીએ નાણામંત્રી કે. એન. બાલાગોપાલ અને ઉધોગપતિ પી. રાજીવની હાજરીમાં આ mou પર હસ્તાક્ષર કર્યાં.

❖ **18 જૂન: International Day For Countering Hate Speech (હેટ સ્પીચનો સામનો કરવાનો આંતરરાષ્ટ્રીય દિવસ)**

✓ 18 જૂન-2022ના રોજ વિશ્વનો પ્રથમ હેટ સ્પીચ (અપ્રિય ભાષણ)નો સામનો કરવા માટેનો આંતરરાષ્ટ્રીય દિવસ ઉજવાયો.

✓ આ દિવસનો ઉદ્દેશ્ય હેટ સ્પીચનો સામનો કરવા તથા વિવિધ લોકો અને સમૂહો વચ્ચે સહિષ્ણુતા અને સંવાદિતા વધારવાનો છે.

✓ 2022નો વિષય: **Role of education to address the root causes of hate speech and advance inclusion, non-discrimination and peace** (અપ્રિય ભાષણ, અદ્યતન સમાવેશન, બિન-ભેદભાવ અને શાંતિના મૂળ કારણોને સંબોધવા માટે શિક્ષણની ભૂમિકા)

❖ **18 જૂન: Sustainable Gastronomy day.**

✓ આ દિવસ સ્થાઈ ભોજનના પુરવઠા સાથે સંકળાયેલ પ્રથાઓ વિશે જાણવા તથા ભોજનને એકઠું કરવાના ઉદ્દેશ્યથી ઉજવાય છે.

✓ ગ્રેસ્ટ્રોનોમી એક વિશેષ ક્ષેત્રમાં ખોરાક પકવવાની પદ્ધતિ સાથે જોડાયેલ છે.

✓ આ દિવસ UN દ્વારા વર્ષ 2016થી દર વર્ષે ઉજવાય છે.

## કરેન્ટ ઇન શોર્ટ

✓ ભારતે તાજેતરમાં ઇઝરાયેલ, UAE અને USA સાથે મળીને 12U2 સમૂહનું નિર્માણ કર્યું.

✓ તાજેતરમાં વડાપ્રધાન મોદીએ પૂને ખાતે જગતગુરૂ શ્રી સંત તુકારામ મહારાજ શિલા મંદીરનું ઉદઘાટન કર્યું.

✓ બી. એસ. પાટિલને કર્ણાટકના નવા લોકાયુક્ત નિયુક્ત કરાયા.

✓ વિશ્વ પ્રતિસ્પર્ધા સૂચકાંક-2022માં ભારત 37મા સ્થાને રહ્યું.

## 19 જૂન

❖ **બેલેસ્ટિક મિસાઈલ પૃથ્વી-2નું સફળ પરીક્ષણ.**

✓ ભારતે ઓડિશામાં ઓછા અંતરની બેલેસ્ટિક મિસાઈલ 'પૃથ્વી-2'નું સફળતાપૂર્વક પ્રક્ષેપણ કર્યું.

- ✓ પૃથ્વી-2 500-1000Kg સુધીનું વજન વહન કરવા માટે સક્ષમ છે તથા તેને DRDO દ્વારા વિકસાવવામાં આવી છે. તે સપાટી થી સપાટીની મારક ક્ષમતા ધરાવે છે.

**❖ PCI (Press Conference of India)નાં નવા પ્રમુખ જસ્ટિસ રંજના પ્રકાશ દેસાઈ.**

- ✓ સુપ્રીમ કોર્ટનાં પૂર્વ જજ રંજના દેસાઈને આ પદ માટે નિયુક્ત કરાયાં છે.
- ✓ તેઓ હાલ જમ્મુ-કશ્મીરમાં પરિસીમન આયોગનું નેતૃત્વ કરી રહ્યા હતાં.
- ✓ ન્યાયમૂર્તિ ચંદ્રમૌલી કુમાર પ્રસાદ (સેવાનિવૃત્તિ)નો PCIના અધ્યક્ષ તરીકે કાર્યકાળ પૂરો થતા આ નિયુક્તિ કરવામાં આવી છે.

**❖ જાપાને પ્રથમ વખત નાટો શિખર સંમેલનમાં ભાગ લેવાની જાહેરાત કરી.**

- ✓ જાપાનના પ્રધાનમંત્રી ફૂમિયો ફિશિદા દ્વારા આ જાહેરાત કરાઈ.
- ✓ કિશિદા નાટોના આ સંમેલનમાં ભાગ લેનાર પ્રથમ જાપાનીઝ નેતા બન્યા.
- ✓ તે ઉપરાંત દક્ષિણ કોરિયાના નવા રાષ્ટ્રપતિ યૂ સૂક યોલ પણ દેશના પ્રથમ નેતા તરીકે ભાગ લેશે.
- ✓ નાટો 30 સભ્ય દેશોનું આંતર સરકારી સૈન્ય ગઠબંધન છે, જેની સ્થાપના-1949માં થઇ હતી.

**❖ ચીને 'ફુજીયાન' નામક ઉન્નત વિમાન વાહક લોન્ચ કર્યું.**

- ✓ ચીને સંપૂર્ણ રીતે સ્વદેશ નિર્મિત વિમાનવાહક જહાજ લોન્ચ કર્યું છે, જેને ફૂજિયાન-ચીનના પૂર્વી તટના પ્રાંત પરથી નામ અપાયું છે.
- ✓ ચીનનું પ્રથમ વિમાનવાહક જહાજ 'લિઓનિંગ'-2012માં લોન્ચ કરાયું હતું. ત્યાર બાદ 2019માં સ્વદેશ નિર્મિત બુજુ જહાજ 'શેડોંગ' લોન્ચ કરાયું હતું.

**❖ 19 જૂન: International Day For The Elimination Of Sexual Uiolence in Confcict (સંઘર્ષમાં જાતીય હિંસા નાબુદી માટેનો આંતરરાષ્ટ્રીય દિવસ)**

- ✓ સશસ્ત્ર સંઘર્ષ દરમ્યાન ખાસ કરીને મહિલાઓ તથા પ્રાણીનો પર થતા અત્યાચારો તેમને કાયમી માનસિક અને ભાવનાત્મક નુકસાન પહોંચાડે છે.
- ✓ આ પ્રકારની ભાવનાત્મક બાબતો વિષે જાગૃતતા લાવવા UN દ્વારા આ દિવસ ઉજવવામાં આવે છે.
- ✓ વર્ષ 2022ની થીમ: સંરક્ષણ તરીકે નિવારણ - સંઘર્ષ સંબંધિત જાતીય હિંસાના માળખાકીય અને ઓપરેશનલ નિવારણને વધારવું. (prevention as protection : enhancing structural and operational prevention of confcict- related sexual uiolence.

## કરન્ટ ઇન શોર્ટ

- ✓ મુંબઇ સ્થિત ફિનટેક પ્લેટફોર્મ 'કૈશઇ' (CASHe)એ વોટ્સએપ પર તત્કાલ ક્રેડિટ લાઇન સેવા શરુ કરી.
- ✓ ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય વિશ્વવિધાલય (ઇગ્નુ)એ 'અગ્નિવીર' માટે ત્રણ વર્ષીય વિશેષ શિક્ષણમાં કૌશલ-આધારિત સ્નાતક ડિગ્રી કાર્યક્રમ શરુ કર્યો.
- ✓ બાલિકા પંચાયત શરૂ કરનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બન્યું.
- ✓ ખેલો ઇન્ડિયા યુથ ગેમ્સ 2021માં મેજબાન હરિયાણાએ 137 મેડલ તથા મહારાષ્ટ્રએ 125 મેડલ જીતી અનુક્રમે પ્રથમ અને બીજું સ્થાન મેળવ્યું.
- ✓ તાજેતરમાં 19 જૂનના રોજ નેશનલ રીડીંગ ડે ઉજવાયો. આ દિવસ ભારતમાં કેરળમાં પુસ્તકાલય અને સાક્ષરતા આંદોલનના જનક પી. એન. પણિકરના સન્માનમાં ઉજવાય છે.

## 20 જૂન

### ❖ આસિયાનના વિદેશ મંત્રીઓની નવી દિલ્હી ખાતે બેઠક

- ✓ બે દિવસીય ASEAN-ભારત વિદેશ મંત્રીઓની બેઠકની મેજબાની ભારતે કરી.
- ✓ નવી દિલ્હીમાં ભારત દ્વારા આયોજિત આ પ્રથમ બેઠક હતી.
- ✓ આ સાથે જ દિલ્હી ડાયલોગની 12મી આવૃત્તિ પણ શરુ કરાઇ, જેની થીમ 'ઇન્ડો-પેસિફિકમાં બ્રિજ બિલ્ડીંગ' છે.

### ❖ ફીફા વર્લ્ડ કપનું 2026માં ત્રણ દેશોમાં આયોજન થશે.

- ✓ અમેરિકા, કેનેડા અને મેક્સિકોના કુલ 16 શહેરોમાં આ આયોજન થશે.
- ✓ આ વિશ્વ કપમાં પ્રથમ વાર 32ના સ્થાને 48 ટીમો ભાગ લેનાર છે.
- ✓ આ વિશ્વ કપ દરમિયાન 80માંથી 60 મેચની મેજબાની અમેરિકા કરશે, જયારે કેનેડા અને મેક્સિકો 10-10 મેચોનું આયોજન કરશે.

### ❖ કાંતાર બ્રાન્ડ્સ-2022 મોસ્ટ વેલ્યુએબલ ગ્લોબલ બ્રાન્ડ્સ રિપોર્ટ.

- ✓ આ રિપોર્ટ IT સેવાઓ અને બેંકિંગ કંપનીઓ માટે રેન્કિંગ આપવા માટે તૈયાર કરાયો છે.
- ✓ 2022 માટે વૈશ્વિક TOP-100માં ભારતની ટાટા કન્સલ્ટન્સી સર્વિસિઝ (TCS), HDFC બેંક, ઇન્ફોસિસ અને LIC એમ 4 સંસ્થાઓનો સમાવેશ કરાયો છે.
- ✓ TCS 58મા સ્થાનેથી 2022માં 46મા સ્થાને પહોંચી.

### ❖ ઓકલા સ્પીડટેસ્ટ ગ્લોબલ ઇન્ડેક્સ-ભારત 115મા સ્થાને

Crack GPSC

- ✓ ઓકલા દ્વારા તૈયાર કરાયેલ આ રિપોર્ટ અનુસાર ભારતમાં મે મહિનામાં 14.28 MBPSની મોબાઈલ ડાઉનલોડની ઝડપ સ્થાપિત થઇ, જે એપ્રિલ 2022માં 14.19 MBPS હતી.
- ✓ આ સાથે જ ભારત તેના રેન્કિંગમાં 115મા સ્થાને પહોંચી ગયું.

### ❖ સેન્ટર ફોર બ્રેઈન રિસર્ચનું ઉદ્ઘાટન.

- ✓ પ્રધાનમંત્રી મોદીએ IISC બેંગલુરુ ખાતે બાગચી પાર્થસારથી મલ્ટીસ્પેશીયાલિટી હોસ્પિટલનું ઉદ્ઘાટન કર્યું.
- ✓ સેન્ટર ફોર બ્રેઈન રિસર્ચ એક સંશોધન કેન્દ્ર તરીકે સ્થાપિત કરાયું છે, જે ઉંમર સંબંધિત મસ્તિષ્કિ વિકારોનું સંશોધન કરી તેના પર ધ્યાન કેન્દ્રિત કરશે.

### ❖ 20 જૂન: World Refugee Day (વિશ્વ શરણાર્થી દિવસ)

- ✓ વિશ્વ શરણાર્થી દિવસ એક આંતરરાષ્ટ્રીય દિવસ છે, જેનું આયોજન દર વર્ષે 20 જૂનના રોજ સયુંકત રાષ્ટ્ર દ્વારા કરવામાં આવે છે.
- ✓ આ દિવસ એવા લોકોની હિંમત અને સાહસને બિરદાવવા માટે ઉજવાય છે, જેઓ સંઘર્ષ તથા શોષણથી બચવા માટે દેશ છોડવા મજબૂર બન્યા હોય.
- ✓ વર્ષ 2022ની થીમ-'રાઈટ ટૂ સીક સેફ્ટી'
- ✓ આ દિવસ પ્રથમ વખત વર્ષ 2001માં ઉજવાયો હતો.

## કરન્ટ ઇન શોર્ટ

- ✓ ગુસ્તાવો પેટ્રો કોલંબિયાના રાષ્ટ્રપતિ બન્યા. તેઓ રુડોલ્ફો ફર્નાન્ડીઝને હરાવીને આ જીત પામ્યા.
- ✓ શ્રીનગર ખાતે 47મી GST પરિષદનું આયોજન થશે. જેના અધ્યક્ષ કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સિતારમન રહેશે.
- ✓ શિક્ષામંત્રી ધર્મેન્દ્ર પ્રધાને નવી દિલ્લીમાં રાષ્ટ્રીય યોગ ઓલિમ્પિયાડ-2022 નું ઉદ્ઘાટન કર્યું.
- ✓ બાળ અધિકાર રાષ્ટ્રીય સંરક્ષણ આયોગ દ્વારા 12થી 20 જૂન બાળ શ્રમ નાબૂદી સપ્તાહ ઉજવવામાં આવ્યું.

સરકારી નોકરીની તૈયારી માટે
76000 51070
ડાઉનલોડ કરો ગુજરાતની નં.1 એપ
CRACK GPSC
● અનુભવી અને સફળ ફેકલ્ટીઝ સાથે ઓછા સમયમાં સચોટ તૈયારી એટલે Crack GPSC

## 21 જૂન

### ❖ 21 જૂન: ગ્રીષ્મકાલીન સંક્રાંતિ

- ✓ નેશનલ એરોનોટિક્સ એન્ડ સ્પેસ એડમિનિસ્ટ્રેશન (NASA) અનુસાર ગ્રીષ્મ સંક્રાંતિ અથવા જૂન સંક્રાંતિ ઉત્તર ગોળાર્ધમાં ગરમીની ઋતુ અને દક્ષિણ ગોળાર્ધમાં ઠંડીની ઋતુના આગમન સમયે ઉજવાય છે.
- ✓ આ દિવસે ઉત્તર ગોળાર્ધમાં વર્ષનો સૌથી લાંબો દિવસ હોય છે.

### ❖ 21 જૂન: વિશ્વ સંગીત દિવસ

- ✓ આ દિવસ દર વર્ષે 21 જૂનના રોજ ઉજવાય છે.
- ✓ પ્રથમવાર આ દિવસ વર્ષ 1982માં ફ્રાંસમાં 'Fetede to musique'ના રૂપે ઉજવાયો હતો.
- ✓ આ દિવસ તત્કાલીન ફ્રાન્સિસી કલા અને સંસ્કૃતિ મંત્રી, જૈક લેંગ અને ફ્રાન્સિસી સંગીતકાર મોરિસ ફ્લેરેટ દ્વારા આયોજિત કરાયો હતો.
- ✓ વર્ષ 2022નો વિષય: 'મ્યુઝિક ઓન ધ ઇન્ટરસેક્સન્સ'
- ✓ 1997માં બુડાપેસ્ટ ખાતે ચાર્ટર પર હસ્તાક્ષર દ્વારા આ દિવસને આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા આપવામાં આવી છે.

### ❖ અંતરિક્ષમાં યોગ માટે એન્ટી-ગ્રેવિટી બોડી સૂટ.

- ✓ અખિલ ભારતીય આયુવિજ્ઞાન સંસ્થાન (AIIMS-દિલ્લી)ના નિષ્ણાતો દ્વારા આ સૂટ બનાવામાં આવ્યો છે.
- ✓ આ સૂટ અંતરિક્ષમાં અંતરિક્ષયાત્રીને યોગા કરવામાં મદદરૂપ થશે.
- ✓ આ સૂટ યાત્રીની માંશપેશીઓને મજબૂત કરી તથા હાંડકાઓમાં થતી ખનિજની ઉણપને રોકવામાં મદદરૂપ થશે.
- ✓ આ પ્રકારનું આ પ્રથમ સૂટ છે, જે તેના વજનને 70%થી વધુ વધારીને તેને અંતરીક્ષમાં તરતું અટકાવશે.

### ❖ Industrial De-Carbonization summit-2022

- ✓ કેન્દ્રીય માર્ગ અને પરિવહન મંત્રી નીતિન ગડકરીએ આ સમિટનું ઉદઘાટન વર્ષ 2070 સુધીમાં કાર્બન ન્યુટ્રાલિટી માટેના રોડ મેપના આયોજન માટે કર્યું.
- ✓ આ સમિટનો મુખ્ય ઉદ્દેશ્ય પાવરની અછત દૂર કરવાનો છે. જે બાયોટેકનોલોજીના ઉપયોગ થકી બાયોગેસની ઉત્પાદકતા વધારીને બાયો-ઇથેનોલ, બાયો-CNG, બાયો-LNGની બનાવટથી થઈ શકશે.
- ✓ De-carbonizationનો અર્થ કાર્બનનો ઘટાડો થાય છે.

### ❖ 21 જૂન: વિશ્વ યોગ દિવસ

- ✓ દર વર્ષે 21મી જૂનના રોજ ઉજવાતો વિશ્વ યોગ દિવસ વર્ષ 2022માં આઠમી વખત ઉજવાયો.
- ✓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 27 સપ્ટેમ્બર, 2014ના રોજ સયુંકત રાષ્ટ્રની સામાન્યસભામાં યોગ દિવસની ઉજવણી માટે પ્રસ્તાવ મૂક્યો. જેને 117 દેશો દ્વારા 1 ડીસેમ્બર, 2014ના રોજ મંજુર કરાયો અને સૌ પ્રથમ વાર 2015માં આ દિવસ ઉજવાયો.
- ✓ વર્ષ 2022ની થીમ-'yoga for humanity'.

### ❖ વર્ષ 2022 માટે વિશ્વનું શ્રેષ્ઠ એરપોર્ટ - હમાદ ઇન્ટરનેશનલ એરપોર્ટ, કતાર

- ✓ સતત બીજા વર્ષે હમાદ એરપોર્ટ આ યાદીમાં શ્રેષ્ઠ સ્થાન પામ્યું. જેની જાહેરાત ફ્રાન્સના પેરિસમાં પેસેન્જર ટર્મિનલ EXPO ખાતે જોડાયેલા સ્કાયટ્રેક્સ-2022 વર્લ્ડ એરપોર્ટ એવોર્ડ્સમાં કરવામાં આવી.
- ✓ કેમ્પેગૌડા ઇન્ટરનેશનલ એરપોર્ટ, બેંગલુરુને ભારત અને દક્ષિણએશિયામાં શ્રેષ્ઠ પ્રાદેશિક એરપોર્ટ તરીકે નામ અપાયું.
- ✓ સિંગાપોરના ચાંગી એરપોર્ટને શ્રેષ્ઠ એરપોર્ટ સ્ટાફ સેવા તથા શ્રેષ્ઠ એરપોર્ટ ભોજનમાં અગ્રિમ સ્થાન મળ્યું.

**કરન્ટ ઇન શોર્ટ**

- ✓ ગુજરાત હાઇકોર્ટ જજ રશ્મિન છાયા ગુવાહાટી હાઇકોર્ટના ચીફ જસ્ટિસ નિમાયા.
- ✓ વડાપ્રધાન મોદીએ દિલ્હીના ઇન્દિરા ગાંધી સ્ટેડિયમમાં ચેસ ઓલિમ્પિયાડની પ્રથમ ટોર્ચ રિલે લોન્ચ કરી.
- ✓ Equitas Small Finance Bankએ બાળકો માટે બચત ખાતાની 'ENJOI' નામક યોજના લોન્ચ કરી.
- ✓ રામબહાદુર લિખિત 'ભારતીય સંવિધાન : અનકહી કહાની'નું વડાપ્રધાને વિમોચન કર્યું.

## 22 જૂન

### ❖ સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં પ્રથમ વખત પ્રસ્તાવમાં હિંદીનો ઉલ્લેખ કરાયો

- ✓ આંતરરાષ્ટ્રીય ફલક ઉપર ભારતની વધી રહેલી મહત્તા વચ્ચે સયુંકત રાષ્ટ્ર મહાસભાએ પ્રસ્તાવમાં હિંદી ભાષાનો ઉપયોગ કરીને ભારત દ્વારા બહુભાષાવાદ પર રજૂ કરવામાં આવેલ દરખાસ્તને મંજૂર કરી.
- ✓ UNના ભારતીય પ્રતિનિધિ અને રાજદૂત ટી. એસ. તિરૂમૂર્તિએ આ પ્રસ્તાવ માટે UN એસેમ્બલીનો આભાર વ્યક્ત કર્યો.

Crack GPSC

- ✓ હિંદીને પ્રોત્સાહન આપવા Hindi@UN યોજના શરૂ કરવામાં આવી છે, જેના દ્વારા વિશ્વભરના લોકો સુધી માહિતી હિન્દીમાં પહોંચાડવામાં આવે છે.

❖ **બાલિકા પંચાયત પહેલ**

- ✓ મહિલા અને બાળ વિકાસ મંત્રાલયે સમગ્ર ભારતમાં બાલિકા પંચાયત શરૂ કરવાની જાહેરાત કરી.
- ✓ અગાઉ સમગ્ર ભારતમાં સૌપ્રથમ અને એકમાત્ર ગુજરાત રાજ્યના કચ્છ જીલ્લાના કુનરિયા ગામમાં આવી બાલિકા પંચાયત શરૂ કરવામાં આવી હતી. જેમાં 20 વર્ષની ઊર્મિ આહિરને બાલિકા પંચાયતના સરપંચ નિમવામાં આવ્યાં હતાં.
- ✓ બાલિકા પંચાયતની પહેલ કન્યાઓના સામાજિક અને રાજકીય વિકાસને પ્રોત્સાહન આપવા તેમજ રાજકારણમાં છોકરીઓની સક્રિય ભાગીદારી સુનિશ્ચિત કરવાના ઉદ્દેશ્યથી શરૂ કરવામાં આવી.
- ✓ હાલ ગુજરાતમાં કચ્છ જીલ્લાના કુનરિયા, મોટાગુઆ, મસ્કા અને વડસર ગામોમાં આ પ્રકારની પંચાયત શરૂ કરવામાં આવી છે.

❖ **'NIPUN'Project**

- ✓ કેન્દ્રના આવાસ અને શહેરી બાબતોમાં મંત્રી હરદીપસિંહ પુરીએ NIPUN-National Inditiative for promoting upskillingof nirman workers પ્રોજેક્ટ શરૂ કર્યો. જેમાં 1 લાખ બાંધકામ કામદારોને નેશનલ સ્કિલ ડેવલપમેન્ટ કોર્પોરેશન દ્વારા તાલીમ અપાશે.
- ✓ આ પ્રોજેક્ટ તાલીમાર્થીઓને 'કૌશલ ભીમ' હેઠળ રૂ.2 લાખના વીમા કવરેજ સાથે 3 વર્ષનો આકસ્મિક વીમો, BHIM એપ કેશલેસ ટ્રાન્ઝેક્શન જેવા ડિજિટલ કૌશલ્યો અંગે માહિતગાર કરશે.

❖ **કેન્દ્ર સરકારનું National coastal clean up campain**

- ✓ કેન્દ્ર સરકારે વર્ષ 2022માં અલગ અલગ 75 બીચ માટે સફાઈ અભિયાન હાથ ધરવા આ પહેલ શરૂ કરી. જેની જાહેરાત કેન્દ્રિય મંત્રી જિતેન્દ્ર સિંહ દ્વારા કરવામાં આવી.
- ✓ આ પહેલ 3 જુલાઈથી 17 સપ્ટેમ્બર 2022 સુધી કાર્યરત રહેશે.
- ✓ આ પહેલનો મુખ્ય ઉદ્દેશ્ય સાગરકિનારે એકઠા થયેલો અંદાજે 1500 ટન કચરો સાફ કરવાનો છે.
- ✓ દર વર્ષે સપ્ટેમ્બરના ત્રીજા રવિવારે આંતરરાષ્ટ્રીય કોસ્ટલ ક્લિન અપ ડે મનાવાય છે.

❖ **'ગૌતમ અદાણી' પુસ્તકનું વિમોચન કરાશે.**

- ✓ અદાણી ગ્રુપના ચેરમેન અને સંસ્થાપક ગૌતમ અદાણીની જીવનગાથા દર્શાવતું પુસ્તક 'ગૌતમ અદાણી : ધ મેન વ્હૂ ચેન્જડ ઇન્ડિયા' ઓક્ટોબર 2022માં લોન્ચ કરાશે.

- ✓ આ પુસ્તક પત્રકાર-લેખક આર. એન. ભાસ્કર દ્વારા લખવામાં આવ્યું. જેને PRHI (પેંગ્વીન રૈન્ડમ હાઉસ) દ્વારા છાપવામાં આવશે.

❖ **22 જૂન: world rainforest day(વિશ્વ વર્ષાવન દિવસ)**

- ✓ આ દિવસ વર્ષાવનોનું મહત્વ ઉજાગર કરવા અને તેમના સંરક્ષણની આવશ્યકતા બાબતે જાગૃતિ લાવવા માટે દર વર્ષે 22 જૂનના રોજ ઉજવાય છે.
- ✓ વર્ષ 2022ની થીમ - 'ધ ટાઇમ ઈઝ નાઉ'
- ✓ આ દિવસ પ્રથમ વખત 2017માં રેન્ફોરેસ્ટ પાર્ટનરશિપ નામક સંસ્થા દ્વારા ઉજવાયો હતો.

**કરન્ટ ઇન શોર્ટ**

- ✓ એસ. એસ. શિન્દે રાજસ્થાન હાઇકોર્ટના ચીફ જસ્ટિસ નિયુક્ત થયા.
- ✓ હમજા આબદી બર્રે સોમાલિયાના નવા PM નિયુક્ત.
- ✓ ભારતીય મહિલા કુશ્તી ટીમે U-17 એશિયન ચેમ્પિયનશિપમાં જીત મેળવી.
- ✓ APEDA દ્વારા બહેરીન ખાતે 8 દિવસીય 'મેંગો ફેસ્ટિવલ'નું આયોજન થયું.
- ✓ પ્રમોદ મિત્તલ COAI (સેલ્યુલર ઓપરેટર્સ એસોસિએશન ઓફ ઇન્ડિયા)ના અધ્યક્ષ નિયુક્ત થયા.
- ✓ Electric vehicle અપનાવવામાં તેજી લાવવા જિઓ bpએ Zomato સાથે સમજૂતી કરી.
- ✓ દિનેશ કાર્તિક T20માં અડધી સદી ફટકારનાર સૌથી નાની વયના ભારતીય ક્રિકેટર બન્યા.

23 જૂન

❖ **23 જૂન: United Nations Public Service Day (સંયુકત રાષ્ટ્ર લોકસેવા દિવસ)**

- ✓ અવિરત વિકાસની પ્રક્રિયામાં જાહેર સેવાના યોગદાનને ઉજાગર કરવા અને સમુદાયની જનસેવાને મહત્વ આપવા માટે દર વર્ષે 23 જૂનના રોજ આ દિવસ ઉજવાય છે.
- ✓ આ દિવસની ઉજવણીના ભાગરૂપે UN Public Service Awards આપવામાં આવે છે, જેની સૌ પ્રથમ વખત શરૂઆત વર્ષ 2003માં થઈ હતી.
- ✓ આ દિવસની ઉજવણીની જાહેરાત વર્ષ 2002માં UN મહાસભાએ કર્યા બાદ પ્રથમ વખત 23 જૂન, 2003ના રોજ આ દિવસ ઉજવાયો.

❖ **23 જૂન: International Widows Day (આંતરરાષ્ટ્રીય વિધવા દિવસ)**

- ✓ વિધવા મહિલાઓના અધિકારો જળવાઈ રહે તેમજ તેમની વિરુદ્ધ થતા ભેદભાવો દૂર કરી તેમને સમાન સામાજિક દરજ્જો આપવાના ઉદ્દેશ્યથી આ દિવસ ઉજવાય છે.

Crack GPSC

- ✓ ભારતમાં રાજા રામમોહનરાયના પ્રયત્નોથી અંગ્રેજ ગવર્નર વિલિયમ બેન્ટિકે સતીપ્રથા પર પ્રતિબંધ મૂક્યો.
- ✓ ગુજરાત રાજ્ય સરકારે વિધવાઓને પ્રોત્સાહન આપવાના હેતુથી 'ગંગા સ્વરૂપ' જેવી યોજનાઓ અમલમાં મૂકી છે.

### ❖ સિંગલ-યુઝ પ્લાસ્ટિકના વપરાશ પર પ્રતિબંધ

- ✓ કેન્દ્ર સરકારે 1 જુલાઈ, 2022થી સિંગલ યુઝ પ્લાસ્ટીકના વપરાશ પર પ્રતિબંધની જાહેરાત કરી છે. જેમાં વિશેષ રીતે પોલીસ્ટાઈરીન અને પોલિસ્ટરના વિસ્તૃતિકરણથી બનતા પ્લાસ્ટિક પરનો પ્રતિબંધ મુખ્ય છે.
- ✓ આ પ્રતિબંધિત વસ્તુઓમાં કેન્ડી સ્ટીક, પ્લેટ્સ, કપ, કટલેરી વગેરેનો પણ સમાવેશ કરાયો છે.
- ✓ વર્ષ 2018માં પ્રધાનમંત્રી મોદીએ 2022 સુધીમાં સિંગલયુઝ પ્લાસ્ટિકને સંપૂર્ણ દૂર કરવાનો લક્ષ્યાંક આપ્યો હતો.

### ❖ પર્વતારોહક-સ્કાલઝાંગ રિગ્ઝિન

- ✓ ઓક્સિજનની સહાય વિના અન્નપૂર્ણા શિખર સર કરનાર (નેપાળખાતે) ભારતના પ્રથમ પર્વતારોહક સ્કાલઝાંગ રિગ્ઝિન બન્યાં.
- ✓ 41 વર્ષીય લદ્દાખની રહેવાસી રિગ્ઝિને 16 દિવસના સમયમાં આ રેકોર્ડ બનાવ્યો.
- ✓ અન્નપૂર્ણા એ ઉત્તર-મધ્ય નેપાળના ગંડક વિસ્તારની પર્વતમાળાનો ભાગ છે. જેની સમુદ્ર સપાટીથી ઊંચાઈ 8091 મીટર (26,545 ફૂટ) છે અને તે વિશ્વનો દશમો સૌથી ઊંચો પર્વત છે.

### ❖ 23 જૂન: International Olympic Day (આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક દિવસ)

- ✓ 23 જૂન, 1894ના રોજ બેરન પિયરે ડી કૈબર્ટિન દ્વારા આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિની સ્થાપનાના ઉપલક્ષ્યમાં ઉજવાય છે.
- ✓ 2022ની થીમ-'ટુગેધર ફોર અ પીસફુલ વર્લ્ડ'
- ✓ પ્રથમ ઓલિમ્પિક દિવસ 23 જૂન, 1948ના રોજ ઉજવાયો.
- ✓ IOCનું મુખ્યાલય-લુસાને.

## કરન્ટ ઇન શોર્ટ

- ✓ વરિષ્ઠ રાજદ્વારી રૂચિરા કંબોજ UNમાં ભારતના આગામી કાયમી પ્રતિનિધિ નિયુક્ત થયાં.
- ✓ ભાજપની NDA સરકારે દ્રૌપદી મુર્મુ તથા વિપક્ષે યશવંત સિન્હાને રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર તરીકે નોમિનેટ કર્યાં.

- ✓ ભારતીય ડ્રોન સ્ટાર્ટઅપ ગરૂડ એરોસ્પેસે મલેશિયામાં પ્લાન્ટ સ્થાપિત કરવાની જાહેરાત કરી.
- ✓ કંબોડિયાની મેકાંગ નદીમાંથી 300kg વજન 3.98 મીટર લાંબી અને 2.2 મીટર પહોળી વિશ્વની સૌથી મોટી મીઠા પાણીની માછલી મળી આવી. જેને સ્થાનિક ભાષામાં ‘બોરમી’ નામથી ઓળખવામાં આવે છે.
- ✓ દક્ષિણ કોરિયાએ પ્રથમ સ્વદેશી રોકેટ ઉપગ્રહ ‘નૂરી’ના ઉપયોગથી પ્રક્ષેપિત કર્યું.




**24 જૂન**

### ❖ વિશ્વ સ્વાસ્થ્ય નેટવર્કે મંકીપોક્સને મહામારી જાહેર કરી.

- ✓ 58 દેશોમાં મંકીપોક્સના 3417 જેટલા કેસોની પુષ્ટિ થયા બાદ WHN (વિશ્વ સ્વાસ્થ્ય નેટવર્ક)દ્વારા તેને મહામારી જાહેર કરાઈ.
- ✓ તાવ, શરદી તથા શરીર પેર ફોલ્લાંના લક્ષણો ધરાવતો આ વાઇરસ ખાસ કરીને ઉંદર, ચામાચીડિયા દ્વારા ફેલાય છે.
- ✓ મંકીપોક્સ સામાન્ય રીતે 2 થી 4 સપ્તાહ ચાલનાર સ્વ-સીમિત બીમારી છે.

### ❖ સંચાર ઉપગ્રહ-GSAT-24નું સફળતાપૂર્વક લોન્ચિંગ

- ✓ GSAT-24નું લોન્ચિંગ ISRO દ્વારા કરવામાં આવ્યું છે.
- ✓ ન્યુસ્પેસ ઇન્ડિયા લિમિટેડ (NSIL) દ્વારા ISRO માટે બનાવવામાં આવેલ GSAT-24ને ફ્રાન્સિસી કંપની એરિયનસ્પેસ દ્વારા લોન્ચ કરવામાં આવ્યો.

- ✓ 4180 કિગ્રા વજનનો આ ઉપગ્રહ 24-KU બ્રેન્ડ સંચાર ઉપગ્રહ છે. જે અખિલ ભારતીય કવરેજ સાથે DTHની જરૂરિયાતો પૂરી કરશે.

**❖ ઇન્ડીયન ઓઇલ દ્વારા વિકસિત ઇનડોર સોલાર કુકિંગ સિસ્ટમ 'સૂર્ય નુતન'**

- ✓ આ સિસ્ટમ સૂર્યઊર્જાને એકત્રિત કરી વિશેષ રૂપથી તેને ઉષ્મા ઉર્જામાં રૂપાંતરણ કરે છે.
- ✓ આ સિસ્ટમ રિચાર્જેબલ છે તથા ચાર લોકોના ઉપયોગ માટે પરિપૂર્ણ થઈ શકે તે પ્રકારની છે.
- ✓ સમગ્ર સિસ્ટમનું અવલોકન પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રી હરદીપ સિંહ પુરીએ નવી દિલ્હી ખાતે કર્યું.

**❖ જ્યોતિર્ગમય ઉત્સવનું ઉદઘાટન**

- ✓ કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રી જી. કિશન રેડ્ડીએ નવી દિલ્હીમાં અનસંગ કલાકારોની પ્રતિભાને પ્રદર્શિત કરવા માટે આ ઉત્સવનું ઉદઘાટન કર્યું.
- ✓ સંગીત નાટક અકાદમીએ દેશભરમાં દુર્લભ સંગીત વાદ્યયંત્રોની પ્રતિભાને પ્રદર્શિત કરવા માટે આ ઉત્સવનું આયોજન કર્યું. જેમાં સડક પર તથા ટ્રેનમાં પોતાનું કૌશલ્ય આપી મનોરંજન કરાવનાર પણ સામેલ છે.
- ✓ સમગ્ર કાર્યક્રમનું આયોજન વિશ્વ સંગીત દિવસ (21 જૂન)ના ભાગરૂપે કરવામાં આવ્યું હતું.

**કરન્ટ ઇન શોર્ટ**

- ✓ IPS અધિકારી દિનકર ગુપ્તા NIAના પ્રમુખ નિયુક્ત થયા.
- ✓ ન્યાયાધીશ અમઝદ સૈયદે હિમાચલ પ્રદેશના HC ના મુખ્ય જજ તરીકે શપથ લીધા. હિમાચલના મુખ્યમંત્રી-જય રામ ઠાકુર.
- ✓ IAF (Indian AIR FORCE) દ્વારા પ્રથમ કૈપસ્ટોન સેમીનાર આયોજિત કરવામાં આવ્યો.
- ✓ વિશ્વ બેંકે ભારતીય રેલવેને 245 મિલિયન ડોલરની લોનની સહાય ચૂકવી.

Crack GPSC

**25 જૂન**

**❖ ઝૂમેલી ધરે આંતરરાષ્ટ્રીય ક્રિકેટના તમામ પ્રારૂપોમાંથી સન્યાસ જાહેર કર્યો**

- ✓ ઝૂમેલીએ ભારત માટે 18 T20I, 78 ODI અને ચાર ટેસ્ટ મેચો રમી.
- ✓ તેમણે 2003માં લિંકનમાં એક દિવસીય મેચ રમીને ઇંગ્લેન્ડ સામે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પદાર્પણ કર્યું.
- ✓ તેમણે ભારત માટે 100 મેચો રમીને 1328 રન તથા 84 વિકેટનો રેકોર્ડ સર્જ્યો.

## ❖ બાજરીના ઉત્પાદન સંબંધિત રાષ્ટ્રીય સંમેલનનું આયોજન

- ✓ કેન્દ્રીય મંત્રી પ્રહલાદ સિંહ પટેલે આ સંમેલનનું ઉદઘાટન કર્યું.
- ✓ આ આયોજન ASSOCHAM દ્વારા નવી દિલ્હી ખાતે 'ધ ફ્યુચર સુપર ફૂડ ફોર ઇન્ડિયા' વિષય પર કરાયું હતું.
- ✓ ભારતમાં બાજરીના મુખ્ય ઉત્પાદક રાજ્યોમાં હરિયાણા, ઉત્તરપ્રદેશ, છતીસગઢ, ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ, કર્ણાટક, તમિલનાડુ અને તેલંગાણાનો સમાવેશ થાય છે.

## ❖ વિશ્વના સૌથી મોટા જીવાણુંની વૈજ્ઞાનિકોએ શોધ કરી

- ✓ આ જીવાણું કોઇ પણ યંત્ર વગર નરી આંખે જોઇ શકાય છે. જે કેરિબિયન મેન્ગ્રોવ દલદલમાંથી મળી આવ્યું છે.
- ✓ આ જીવાણુંનું નામ થાયોમાર્ગરીટા મૈગ્નીફિકા છે. જે 2009માં ગ્વાડેલોપમાં દ્વિપસમૂહમાં મેન્ગ્રોવમાં ડુબેલા પાંદડાઓમાં ચોંટેલ સ્વરૂપે મળી આવ્યું હતું.

## ❖ ગન કન્ટ્રોલ વિધેયક અમરિકાએ પસાર કર્યું

- ✓ અમેરિકી સેનેટ 30 વર્ષનો સૌથી મહત્વપૂર્ણ અગ્નેયાસ્ત્ર કાયદો બદલ્યો છે.
- ✓ રાષ્ટ્રપતિ બાઈડેન દ્વારા આ કાયદા પર સહી કરતા અગાઉ હાઉસ ઓફ રિપ્રેઝેન્ટેટિવમાં તેને પસાર કરાયો.
- ✓ આ કાયદો એટલા માટે મહત્વનો છે, કે દાયકાઓમાં પ્રથમ વાર તેને ડેમોક્રેટ અને રિપબ્લિકન બંનેનું સમાન સમર્થન પ્રાપ્ત થયું.

## ❖ ગ્લોબલ લિવેબિલિટી ઇન્ડેક્સ-2022

- ✓ ઓસ્ટ્રિયાની રાજધાની વિયેનાને 'ગ્લોબલ લિવેબિલિટી ઇન્ડેક્સ-2022'માં રહેવા લાયક શહેરોની યાદીમાં ટોચનું સ્થાન મળ્યું.
- ✓ આ યાદીમાં દિલ્હીને 140 તથા મુંબઈને 141મું સ્થાન પ્રાપ્ત થયું.
- ✓ આ યાદીમાં સીરિયાની રાજધાની દમાસ્કસ સૌથી નીચે છે.
- ✓ આ યાદી ઈકોનોમિસ્ટ ઈન્ટેલિજન્સ યૂનિટ દ્વારા પ્રકાશિત કરવામાં આવી છે.

## ❖ રાષ્ટ્રીય MSME પુરસ્કાર 2022માં ઓડિશા પ્રથમ પુરસ્કૃત

- ✓ MSME ક્ષેત્રના પ્રચાર અને વિકાસમાં ઉત્કૃષ્ટ યોગદાન માટે રાજ્યો/કે.શા.પ્રદેશોની યાદીમાં ઓડિશાને પ્રથમ ક્રમ અપાયો.
- ✓ આ પુરસ્કારમાં બિહાર અને હરીયાણાને અનુક્રમે બીજા અને ત્રીજા ક્રમે સ્થાન મળ્યું.
- ✓ રાષ્ટ્રીય MSME પુરસ્કાર 1983માં સ્થાપિત કરાયો હતો.

## ❖ 25 જૂન: Day of the Seafarer (આંતરરાષ્ટ્રીય નાવિક દિવસ)

Crack GPSC

- ✓ આ દિવસ વૈશ્વિક વેપાર અને અર્થવ્યવસ્થામાં નાવિકોના મહત્વપૂર્ણ યોગદાનને સન્માન આપવા માટે દર વર્ષે 25 જૂનના રોજ ઉજવાય છે.
- ✓ નાવિકો મુખ્યત્વે નૌકાવહન, માછલી પકડવી વગેરે જેવી કામગીરી સાથે જોડાયેલા હોય છે.
- ✓ વર્ષ 2022ની થીમ-'યોર વોયેજ-ધેન એન્ડ નાઉ, શેર યોર જર્ની'.

**કરન્ટ ઇન શોર્ટ**

- ✓ કેન્દ્ર સરકારે R&AWના પ્રમુખ તરીકેનો સામંત ગોયલનો કાર્યકાળ એક વર્ષ માટે વિસ્તારિત કર્યો.
- ✓ પરમેશ્વરન અય્યર NITI આયોગના CEO નિયુક્ત થયા. NITI - નેશનલ ઇન્સ્ટીટયુશન ફોર ટ્રાન્સફોર્મિંગ ઇન્ડિયા.
- ✓ શ્રીલંકાએ દેશના પ્રવાસી ઘરેલૂ કામદારો માટે ન્યૂનતમ ઉંમર 21 વર્ષ નક્કી કરી.
- ✓ કૈરસેરા ગ્લોબલ સ્કિલ રિપોર્ટ-2022માં ભારત 68મા સ્થાને.
- ✓ રક્ષા મંત્રાલયે 12 રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોમાં 'BRO કેફે' સ્થાપિત કરવાની મંજુરી આપી.

## 26 જૂન

### ❖ ગુજરાત શાળા પ્રવેશોત્સવ 2022

- ✓ ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે રાજ્યની પ્રાથમિક શાળામાં બાળકોના નામાંકન સાથે 17મા પ્રવેશોત્સવની ઉજવણી કરી.
- ✓ ત્રિદિવસીય આ કાર્યક્રમ બનાસકાંઠાના વડગામ તાલુકાના મેમાદપુર પ્રાથમિક શાળા ખાતેથી શરૂ કરવામાં આવ્યો હતો.
- ✓ કાર્યક્રમ દરમ્યાન રાજ્યના ઉચ્ચ અધિકારીઓ રાજ્યની વિવિધ પ્રાથમિક શાળાઓમાં ધોરણ-1માં વિદ્યાર્થીઓનો પ્રવેશ અને નામાંકન કરાવશે.

### ❖ ગર્ભપાતના બંધારણીય અધિકારને અમેરિકી સુપ્રીમ કોર્ટે સમાપ્ત કર્યો.

- ✓ અમેરિકન SCએ મહિલાઓના આ બંધારણીય અધિકારને માન્યતા આપતા 50 વર્ષ જૂના કાયદાને બદલ્યો. જેનો અર્થ SCએ આ કાયદો રદ કર્યો એવો થયો.
- ✓ અદાલતે 6-3ના મતથી રિપબ્લિકન સમર્થિત મિસિસિપી કાનુનને સ્વીકાર્યો. જે 15 સપ્તાહ બાદના ગર્ભપાત પર પ્રતિબંધ મૂકે છે.
- ✓ અદાલતના કહેવા અનુસાર અલગ અલગ રાજ્ય હવેથી ગર્ભપાતની અનુમતિ આપવા માટે અથવા પ્રતિબંધિત કરવા માટે સ્વતંત્ર છે.

Crack GPSC

❖ **ફિફા રેન્કિંગ માં ભારત 104મા સ્થાને.**

- ✓ ભારતીય ફૂટબોલના પ્રભાવશાળી પ્રદર્શનને કારણે બે રેન્કિંગના ફાયદા સાથે 104મા સ્થાને આવ્યું.
- ✓ એશિયન ફૂટબોલ ફોન્ફેડરેશનના સભ્યોમાં ભારતનું રેન્કિંગ 19 પર સ્થિર રહ્યું.
- ✓ ઈરાને એશિયન ફૂટબોલ કોન્ફેડરેશન દેશોમાં ટોચનું સ્થાન જાળવી રાખ્યું છે.
- ✓ FIFAના પ્રમુખ-Gianni Infantion.
  FIFAની સ્થાપના-21 મે 1904.
  FIFAનું વડું મથક- ઝ્યુરિચ, સ્વિટ્ઝર્લેન્ડ.

❖ **26 જૂન: International day against drug abuse and illicit trafficking (માદક દ્રવ્યોનો દુરુપયોગ અને તેની ગેરકાયદેસર હેરફેર વિરૂદ્ધ આંતરરાષ્ટ્રીય દિવસ)**

- ✓ 7 ડિસેમ્બર, 1987ના રોજ સયુંકત રાષ્ટ્ર મહાસભા દ્વારા દર વર્ષે આ દિવસ ઉજવવાની જાહેરાત કરવામાં આવી.
- ✓ આ દિવસનો મુખ્ય ઉદ્દેશ્ય આંતરરાષ્ટ્રીય સમાજને માદક પદાર્થોના દુરુપયોગથી મુક્ત બનાવવા માટે વૈશ્વિક પગલા લેવા અને સહયોગને મજબુત બનાવવાનો છે.
- ✓ સૌ પ્રથમવાર આ દિવસ 26 જૂન, 1988ના રોજ ઉજવાયો.
- ✓ વર્ષ 2022ની થીમ : share drug facts to save lives.
- ✓ UNODC- united nations office on drugs and crime. જેની સ્થાપના 1997માં થઈ.

**કરન્ટ ઇન શોર્ટ**

- ✓ ONGC વિદેશ લિમિટેડ (OVL)એ તાજેતરમાં કોલંબિયામાં ડ્રિલ્ડ કૂવા URRACA-IXમાં તેલની શોધ કરી.
- ✓ ફિલ્મ નિર્માતા શ્રીજીત મુખરજીએ ભારતીય મહિલા ક્રિકેટ ટીમની પૂર્વ કેપ્ટન મિતાલી રાજ પર તાપસી-પન્નુ-સ્ટારર બાયોપિક 'શાબાશ મીથું' બનાવી.
- ✓ આસામ વન-નેશન-વન-રાશન કાર્ડ યોજના લાગુ કરનાર 36મું રાજ્ય બન્યું.
- ✓ હરિયાણા CM મનોહરલાલ ખટ્ટરે યોગ દિવસના રોજ ડો. સોનુ ફોગાટ દ્વારા લખાયેલા 'અષ્ટાંગ યોગ' પુસ્તકનું વિમોચન કર્યું.

**27 જૂન**

❖ **મધ્યપ્રદેશે પ્રથમ વાર રણજી ટ્રોફી જીતી**

- ✓ બેંગલુરુના કે. એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં મધ્યપ્રદેશે મુંબઈને છ વિકેટે હરાવી પ્રથમ વાર રણજી ટ્રોફી મેળવી.
- ✓ મધ્યપ્રદેશે 4 વિકેટના નુકશાન સાથે 108 રન મેળવી આ ટ્રોફી જીતી.
- ✓ 41ના અંક સાથે મુંબઈ સૌથી વધુ રણજી જીતનાર ટીમ છે.

### ❖ ઉતરાખંડમાંથી પ્રથમ વખત દુર્લભ માંસાહારી છોડની પ્રજાતિ મળી

- ✓ ઉતરાખંડ વન વિભાગની અનુસંધાન શાખાએ ચમોલી જિલ્લાના મંડલ ઘાટી ખાતેથી 'યુટ્રિકુલરિયા ફુરસેલટા' નામના આ છોડની શોધ કરી છે.
- ✓ ઉતરાખંડની સાથે સાથે સમગ્ર પશ્ચિમ હિમાલય ક્ષેત્રમાં આ વનસ્પતિ પ્રથમ વખત જોવા મળી છે.
- ✓ આ શોધને 'જર્નલ ઓફ જાપાની બોટની'માં પ્રકાશિત કરવામાં આવી છે.

### ❖ નેશનલ લોજિસ્ટિકસ એકસેલેન્સ એવોર્ડ

- ✓ નેશનલ લોજિસ્ટિકસ એકસેલેન્સ એવોર્ડ-વિવિધ 12 કેટેગરીમાં અપાયા.
- ✓ કેન્દ્ર સરકારે નવી દિલ્હી ખાતે પ્રથમ નેશનલ લોજિસ્ટિકસ એક્સેલન્સ એવોર્ડનું પિયુષ ગોયલ અને ઉધોગ રાજ્યમંત્રી પ્રકાશ અરમાની હાજરીમાં આયોજન કર્યું.

1. શ્રેષ્ઠ કાર્ગો એરલાઈન અને ટર્મિનલ ઓપરેટરનો એવોર્ડ - FEDEX એક્સપ્રેસ ટ્રાન્સપોર્ટેશન એન્ડ સપ્લાય ચેઈન સર્વિસ
2. બેસ્ટ રોડ ફ્રેઇટ સર્વિસ પ્રોવાઈડરનો એવોર્ડ - DHL સપ્લાય ચેઈન ઇન્ડિયા
3. બેસ્ટ રેલ ફ્રેઇટ સર્વિસ પ્રોવાઈડરનો એવોર્ડ - અદાણી લોજેસ્ટિક્સ
4. શ્રેષ્ઠ શિપિંગ અને NVOCC સર્વિસ પ્રોવાઇડરનો એવોર્ડ - મેર્સ્ક ઇન્ડિયા
5. બેસ્ટ પોર્ટ સર્વિસ પ્રોવાઈડરનો એવોર્ડ - DP વર્લ્ડ
6. શ્રેષ્ઠ વેરહાઉસ સર્વિસ પ્રોવાઈડરનો એવોર્ડ - ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા
7. શ્રેષ્ઠ કોલ્ડ ચેઇન/રેફ્રીજરેટર સર્વિસ પ્રોવાઇડ એવોર્ડ - ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા
8. બેસ્ટ એક્સપ્રેસ લોજિસ્ટિક્સ સર્વિસ પ્રોવાઇડર એવોર્ડ - સેફ એક્સપ્રેસ
9. બેસ્ટ લોજિસ્ટિક્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સર્વિસ પ્રોવાઇડ એવોર્ડ - અદાણી લોજિસ્ટિક
10. બેસ્ટ ફ્રેઇટ ફોરવર્ડરનો એવોર્ડ - કુહેનેપ્લસ નાગેલ
11. શ્રેષ્ઠ કસ્ટમ્સ હાઉસ એજન્ટ/કસ્ટમ બ્રોકર એવોર્ડ - ઇન્ટરનેશનલ ક્લિયરિંગ એન્ડ શિપિંગ એજન્સી
12. ઇન્ડસ્ટ્રી એકસેલન્સ એવોર્ડ - સન ફાર્માસ્યુટિકલ ઇન્ડસ્ટ્રીઝ

### ❖ BHELના પૂર્વ અધ્યક્ષ વી. કૃષ્ણમૂર્તિનું નિધન

- ✓ BHEL મારૂતિ ઉધોગ અને SAILના પૂર્વ અધ્યક્ષ વૈકટરામન કૃષ્ણમૂર્તિનું નિધન થયું.
- ✓ તેમનો જન્મ તમિલનાડુના કરુવેલી ખાતે થયો હતો.

- ✓ તેમને 'ટર્નઅરાઉન્ડ મેન' તરીકે ઓળખવામાં આવતા.
- ✓ બીજા વિશ્વયુદ્ધ દરમિયાન તેમણે હવાઈ મથકોમાં ટેકનિશિયન તરીકે પોતાની કારકિર્દી શરૂ કરી હતી.

### ❖ ઝોમેટો લિમિટેડ બ્લીંકિટનું અધિગ્રહણ કરશે

- ✓ બ્લીંકિટ કોમર્સ કે જે અગાઉ ગ્રોફર્સ ઇન્ડિયા તરીકે ઓળખાતું હતું તેનું ઝોમેટો અધિગ્રહણ કરશે.
- ✓ 4447 કરોડના નુકશાન સાથે ચાલી રહેલ બ્લીંકિટના આ અધિગ્રહણને મંજૂરી અપાઈ છે.
- ✓ અધિગ્રહણ બાદ ઝોમેટોનો શેર 6% જેટલા ઘટાડા પર જોવા મળ્યો.

### ❖ 27 જૂન: World MSME Day (વિશ્વ MSME દિવસ)

- ✓ સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ એપ્રિલ 2017માં 27 જૂનને વિશ્વ MSME દિવસ તરીકે ઘોષિત કર્યો હતો.
- ✓ આ દિવસ નાના ઉદ્યોગોને સતત વિકાસલક્ષી પ્રગતિ મળે તે માટે પ્રોત્સાહિત કરવાના ઉદ્દેશ્યથી મનાવાય છે.
- ✓ MSME લાખો લોકોને રોજગાર આપવામાં મહત્વની ભૂમિકા ભજવે છે.
- ✓ વર્ષ 2022 ની થીમ - 'રેસિલિએન્સ એન્ડ રિબિલ્ડિંગ MSME ફોર સસ્ટેનેબલ ડેવલપમેન્ટ'.
- ✓ MSME - MIcro, small and medium enterprises.

## કરન્ટ ઇન શોર્ટ

- ✓ મત્સ્ય પાલન, પશુપાલન અને ડેરી મંત્રાલય દ્વારા 'વન હેલ્થ અપ્રોચ' યોજના શરૂ કરાઈ જેમાં પશુ માનવ અને પર્યાવરણના સ્વાસ્થ્ય સંબંધિત મુશ્કેલીઓને ધ્યાને લઇ તેમાં સુધાર કરાશે.
- ✓ રાષ્ટ્રીય બાળ અધિકાર સંરક્ષણ આયોગે સગીર બાળ કલાકાર પાસે 27 દિવસથી વધુ કામ ન લેવા, આવકના 20% ફિક્સ ડીપોઝીટ કરવા તથા દર 3 કલાકે ફરજીયાત બ્રેક આપવાના આદેશો જાહેર કર્યા.
- ✓ ન્યુયોર્કમાં આયોજિત 146મા વેસ્ટમિન્સ્ટર કેબલ ક્લબ ડોગ શોમાં 2022ના શ્રેષ્ઠ ડોગનો પુરસ્કાર બ્લડહાઉન્ડે જીત્યો.
- ✓ 26મી સિંધુ દર્શન યાત્રા લેહ, લદ્દાખ ખાતે શરૂ થઈ.
- ✓ એશિયન ટ્રેક સાઈક્લિંગ ચેમ્પિયનશિપ-2022માં રોનાલ્ડો સિંહે સિલ્વર મેળવ્યો.
- ✓ તપન ડેકા IB (Intelligence bureau)ના નવા પ્રમુખ બન્યા. તેઓ અરવિંદ કુમારનો કાર્યકાળ પૂર્ણ થતાં તેમના સ્થાને આ પદ સંભાળશે.

- ✓ રિસર્ચ એન્ડ એનાલિસિસ વિંગ (RAW)ના વર્તમાન પ્રમુખ સામંત ગોયલનો કાર્યકાળ એક વર્ષ માટે વધારવામાં આવ્યો.






**28 જૂન**

### ❖ NASAએ ઓસ્ટ્રેલિયન વાણિજિયક સ્પેસપોર્ટથી પ્રથમ રોકેટ લોન્ચ કર્યું

- ✓ નેશનલ એરોનોટિક્સ એન્ડ સ્પેસ એડમિનિસ્ટ્રેશન (NASA)એ ઓસ્ટ્રેલિયાના અર્નહેમ સ્પેસ સેન્ટર ખાતેથી આ સફળ લોન્ચિંગ કર્યું.
- ✓ અમેરિકાનું આ પ્રકારે અમેરિકા બહારનું પ્રથમ પ્રક્ષેપણ છે. તેવી જ રીતે ઓસ્ટ્રેલિયાના ઇતિહાસમાં પણ વ્યવસાયિક અંતરિક્ષ પ્રક્ષેપણ પ્રથમ વાર છે.

### ❖ ભારતની GDP આગામી 30 વર્ષમાં 30 ટ્રિલિયન સુધી પહોંચવાનો અંદાજ

- ✓ કેન્દ્રીય વાણિજ્ય અને ઉધોગ મંત્રી પિયૂષ ગોયલના જણાવ્યા મુજબ ભારતનું અર્થતંત્ર વિશ્વમાં ઝડપથી વિકસતું અર્થતંત્ર હોવાના અંદાજ સાથે તેની GDP 30 ટ્રિલિયન સુધી પહોચવાનો અંદાજ છે.
- ✓ આ લક્ષ્યાંક મુજબ જો ભારત વાર્ષિક 8%ના ચક્રવૃદ્ધિ દરે વિકાસ કરે તો નવ વર્ષમાં અર્થતંત્ર બમણું થશે.
- ✓ હાલ દેશની અર્થવ્યવસ્થા અંદાજે 3.2 ટ્રિલિયન ડોલર છે જે નવ વર્ષમાં અંદાજે 6.5 ટ્રિલિયન થઇ શકે.

- ✓ આ રીતે વાર્ષિક ગણતરીના આધારો પર આવનાર 30 વર્ષમાં GDP 30 ટ્રિલિયન કરવાનો અંદાજ લગાવાયો છે.

### ❖ સૌરાષ્ટ્રના નીરજ ઓડેદરા બર્મુડાની ક્રિકેટ ટીમના હેડ કોચ નિયુક્ત

- ✓ 2020માં સૌરાષ્ટ્રની ટીમને રણજી ટ્રોફીમાં ચેમ્પિયન બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવનાર કોચ નીરજ ઓડેદરા બર્મુડા નેશનલ ક્રિકેટ ટીમના હેડ કોચ બન્યા.
- ✓ 2024માં વેસ્ટ ઇન્ડિઝ અને અમેરિકામાં T20 વર્લ્ડ કપ પૂર્વે યોજાનાર ક્વોલિફાંઇગ રાઉન્ડમાં ઉચ્ચ પ્રદર્શન કરી વર્લ્ડ કપમાં બર્મુડાને સ્થાન આપવાની તેમને જવાબદારી અપાઈ છે.
- ✓ બર્મુડા ટીમ વર્ષ 2007ના વન-ડે-વર્લ્ડ કપમાં રમી હતી.

**કરન્ટ ઇન શોર્ટ**

- ✓ ફિલિપિન સાગરમાંથી 22,621 ફૂટ ઊંડેથી બીજા વિશ્વયુદ્ધ દરમિયાનના 78 વર્ષ જૂના જહાજના કાટમાળના અવશેષો મળી આવ્યા.
- ✓ ઓડિશા કેપિટલ રીજન અર્બન ટ્રાન્સપોર્ટની 'મો બસ'ને SDG (સતત વિકાસ લક્ષ્યો)ને પ્રાપ્ત કરવામાં મહત્વના યોગદાન બદલ સંયુક્ત રાષ્ટ્ર લોક સેવા પુરસ્કાર અપાયો.
- ✓ PGVCL (પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ) દ્વારા કુસુમ યોજના હેઠળ 600 મેગાવોટ સોલાર વીજળી ઉત્પન્ન કરવાનો લક્ષ્યાંક અપાયો.
- ✓ વડતાલ ખાતે ભગવાન સ્વામિનારાયણના વચનામૃતનો કન્નડ ભાષામાં અનુવાદ થયા બાદ હવે તેનો તેલુગુમાં પણ અનુવાદિત કરાશે.
- ✓ કેન્દ્ર સરકારે NDPS (Narcotic Drugs and Psychotropic Substances)ને નાણાં મંત્રાલયમાંથી ગૃહ મંત્રાલયમાં તબદીલ કરવાનો નિર્ણય કર્યો.
- ✓ 'SO NEXT: Class of 2022' લિસ્ટમાં ડો. ઋશા જૈસ્મીન નાથન, વિનેશ જોની, અનુષા મૂર્તિ અને નિધિ પંત એમ 4 ભારતીયોને સ્થાન મળ્યું.

**29 જૂન**

### ❖ શિક્ષણ મંત્રાલયે ડિસ્ટ્રીક્ટસ માટે PGI-D પર પ્રથમ વાર રિપોર્ટ જાહેર કર્યા

- ✓ શિક્ષણ મંત્રાલયે વર્ષ 2018-19 અને 2019-20 માટે ડિસ્ટ્રીક્ટસ માટે PGI-D (પર્ફોર્મન્સ ગ્રેડીગ ઇન્ડેક્સ) પર પ્રથમ વાર રિપોર્ટ જાહેર કર્યા.

- ✓ આ ઇન્ડેક્સના આધારે જિલ્લા સ્તર પર સ્કુલ શિક્ષા પ્રણાલીના પ્રદર્શનને આંકલિત કરવામાં આવશે.
- ✓ રાજસ્થાનનાં સીકર, ઝુન્ઝુનુ અને જયપુર આ સૂચકાંકમાં સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરવાવાળાં સ્થાનો તરીકે પસંદ થયાં.
- ✓ ભારતીય શિક્ષણ પ્રણાલી લગભગ 15 લાખ શાળાઓ, 97 લાખ શિક્ષકો અને વિવિધ સામાજિક-આર્થિક પુષ્ઠભૂમિના લગભગ 26 કરોડ વિદ્યાર્થીઓ સાથે વિશ્વમાં સૌથી મોટી છે.

### ❖ ઈરાને ઘન ઇંધણ ધરાવતા રોકેટને અવકાશમાં લોન્ચ કર્યું

- ✓ સંરક્ષણ મંત્રાલયના પ્રવકતા અહમદ હોસૈનીના જણાવ્યાનુસાર 25.5 મીટર લાંબુ રોકેટ 220 કિગ્રાના ઉપગ્રહને લઇ જવા માટે સક્ષમ છે જે પૃથ્વીની ભ્રમણ કક્ષામાં ડેટાઓ એકત્રિત કરશે અને ઈરાનના અવકાશ ઉધોગને પ્રોત્સાહન આપશે.
- ✓ આ રોકેટને જુલ્લાના નામ પયગંબર મુહમ્મદના પૌત્ર ઈમામ હુસૈનના ઘોડાના નામ પરથી રખાયું છે.

### ❖ એક રાષ્ટ્ર એક ડાયાલિસિસ કાર્યક્રમ

- ✓ કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ 'એક રાષ્ટ્ર એક ડાયાલિસિસ' કાર્યક્રમની જાહેરાત કરી.
- ✓ આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય ડાયાલિસિસની પ્રક્રિયા સાથે જોડાયેલા વ્યક્તિઓને દેશના કોઈ પણ ખૂણેથી ડાયાલિસિસની સારવાર પ્રાપ્ત થઈ રહે તે માટેનો છે.
- ✓ આ જાણકારી તેમણે ચેન્નઈના ઉપનગર આબાદીમાં કેન્દ્ર સરકારની સ્વાસ્થ્ય યોજના વેલનેસ સેન્ટરના ખાતમૂર્હુત સમયે આપી.

### ❖ 'ડાક કર્મયોગી' ઈ-લર્નિંગ પોર્ટલ

- ✓ સંચાર મંત્રી અશ્વિની વૈષ્ણવે નવી દિલ્હીમાં ટપાલ વિભાગમાં આ પોર્ટલ લોન્ચ કર્યું.
- ✓ આ પોર્ટલ લગભગ ચાર લાખ ગ્રામીણ ડાક સેવકો અને વિભાગીય કર્મચારીઓની કાર્યક્ષમતામાં વધારો કરશે.
- ✓ આ પોર્ટલની મદદથી કર્મચારીઓને ઓનલાઇન પ્રશિક્ષણ તાલીમ આપી તેમની કાર્યકુશળતા વધારવાના પ્રયત્નો કરવામાં આવશે અને તાલીમ અંતે તેમને પ્રમાણપત્ર પણ એનાયત કરાશે.

### ❖ ALH MK III સ્કવોડ્રન પોરબંદર ખાતે સામેલ કરાયું

- ✓ સ્વદેશ નિર્મિત એડવાન્સ્ડ લાઇટ હેલિકોપ્ટર (ALH) MK III સ્કવોડ્રન પોરબંદર ખાતે ભારતીય કોસ્ટ ગાર્ડમાં સામેલ કરાયું.
- ✓ આ સ્કવોડ્રન વડાપ્રધાનના 'આત્મનિર્ભર ભારત' વિઝનનો એક ભાગ છે જે દરિયાઇ સુરક્ષાના હેતુથી પ્રસ્થાપિત કરાયું છે.

Crack GPSC

❖ **29 જૂન: International Day of the Tropics (આંતરરાષ્ટ્રીય ઉષ્ણકટિબંધીય દિવસ)**

- ✓ આ દિવસ ઉજવણીનો મુખ્ય હેતુ ઉષ્ણકટિબંધીય ક્ષેત્રો સામેના મુદ્દાઓ પર વિશ્વના તમામ દેશોમાં જાગૃતતા વધારવાનો તથા તેના મહત્વને ઉજાગર કરવાનો છે.
- ✓ 14 જૂન 2016ના રોજ UN મહાસભાએ 29 જૂનને આ દિવસ જાહેર કર્યો હતો.
- ✓ સામાન્ય રીતે ઉષ્ણકટિબંધીય પ્રદેશો ગરમ આબોહવાવાળા હોવાનું કારણે આબોહવા પરિવર્તન, વન નાબૂદી, શહેરીકરણ અને વસ્તી વિષયક બાબતોમાં મોટા પ્રમાણમાં તફાવત જોવા મળે છે.

❖ **29 જૂન: National Statistics Day (રાષ્ટ્રીય આંકડાકીય દિવસ)**

- ✓ આ દિવસ દિવંગત પ્રોફેસર પ્રશાંતચંદ્ર મહાલનો બિસની જયંતી પર મનાવાય છે.
- ✓ તેમણે ભારતીય આંકડાકીય સંસ્થાની સ્થાપના કરી અને તે અંગેના સર્વેક્ષણમાં તથા સંશોધનમાં યોગદાન આપ્યું.
- ✓ તેમના આ યોગદાન માટે મહાલનોબિસને ભારતમાં આધુનિક આંકડાકીય બાબતના જનક માનવામાં આવે છે.
- ✓ વર્ષ 2022ની થીમ - 'ડેટા ફોર સસ્ટેનેબલ ડેવલપમેન્ટ'.

**કરન્ટ ઇન શોર્ટ**

- ✓ ન્યાયાધીશ સતીશચંદ્ર શર્માએ દિલ્હી HCના મુખ્ય ન્યાયાધીશ તરીકે શપથ ગ્રહણ કર્યા. તેઓ અગાઉ તેલંગાણા HCના મુખ્ય ન્યાયાધીશ હતા.
- ✓ DRDO અને ભારતીય સેનાએ મહારાષ્ટ્રના અહમદનગર ખાતે સ્વદેશ નિર્મિત ATGM (એન્ટી ટેન્ક ગાઈડેડ મિસાઈલ)નું અર્જુન ટેન્કની મદદથી સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું.
- ✓ શાપૂરજી પલ્લોનજી સમુહના પ્રમુખ પલ્લોનજી મિસ્ત્રીનું નિધન થયું.
- ✓ દીપક પુનિયાએ કિર્ગિસ્તાનના બિશ્કેકમાં U23 એશિયાઈ કુશ્તી ચેમ્પિયનશિપ 2022માં 86 kg ફ્રિસ્ટાઇલ ભાર વર્ગમાં બ્રોન્ઝ મેડલ (કાંસ્ય પદક) મેળવ્યો.

**30 જૂન**

❖ **ઓલિમ્પિક પદક વિજેતા હોકી ખેલાડી વરિદર સિંહનું અવસાન**

- ✓ તેઓ કુઆલાલુમ્પુરમાં 1975માં પુરુષ હોકી વિશ્વ કપમાં સ્વર્ણ પદક મેળવનાર ભારતીય ટીમનો હિસ્સો હતા.
- ✓ 1972 માં મ્યૂનિખ ઓલિમ્પિકમાં કાંસ્ય પદક મેળવનાર ટીમમાં પણ તેઓ હતા.

- ✓ 2007માં તેમને પ્રતિષ્ઠિત ધ્યાનચંદ લાઇફટાઇમ અચીવમેન્ટ એવોર્ડથી સન્માનિત કરાયા હતા.

## ❖ ભારતની સૌથી મોટી તરતી સોલર પાવર પરિયોજના

- ✓ ટાટા પાવર સોલાર સિસ્ટમ લિમિટેડે કેરળ ખાતે ભારતની સૌથી મોટી તરતી સોલર પાવર પરિયોજના અમલમાં મૂકી.
- ✓ કેરળના કાયમકુલમમાં સ્થિત નવી પરિયોજના 350 એકરના જળીય વિસ્તારના બેકવોટર ક્ષેત્રમાં ફેલાયેલ છે જેની ઉચ્ચતમ સ્થાપિત ક્ષમતા 101.6 મેગાવોટ છે.
- ✓ આ યોજના FSPV - ફ્લોટિંગ સોલર ફોટોવોલ્ટિકમાં પ્રથમ પરિયોજના છે.

## ❖ ખુશી પટેલ - મિસ ઇન્ડિયા વર્લ્ડવાઇડ 2022

- ✓ યુનાઇટેડ કિંગ્ડમની બાયોમેડિકલની વિધાર્થીની ખુશી પટેલને મિસ ઇન્ડિયા વર્લ્ડવાઇડ 2022ની વિજેતા ઘોષિત કરાઈ.
- ✓ અમેરિકાની વૈદેહી ડોંગરેને પ્રથમ ઉપવિજેતા જ્યારે શ્રુતિકા માત્રને દ્વિતીય ઉપવિજેતા જાહેર કરવામાં આવી.
- ✓ આ વિદેશમાં સૌથી લાંબો સમય ચાલનાર ભારતીય પેજેંટ છે અને તેનું આયોજન ઇન્ડિયા ફેસ્ટિવલ કમિટી (IFC) દ્વારા કરાયું હતું.
- ✓ આ પેજેંટ 29મું સંસ્કરણ હતું.

## ❖ મુખ્યમંત્રી બાલ ગોપાલ યોજના

- ✓ રાજસ્થાન સરકારે આ યોજના અમલમાં મૂકી છે.
- ✓ આ યોજના હેઠળ સરકારી શાળાઓમાં ધોરણ 1થી 8 સુધીનો અભ્યાસ કરતાં બાળકોને અઠવાડિયામાં બે વાર મંગળવાર અને શુક્રવારે પાવડરમાંથી બનાવેલું દૂધ આપવામાં આવશે.
- ✓ ધો- 1થી 5નાં બાળકોને 150 મિલી દૂધ અને ધોરણ 6થી 8નાં બાળકોને 200 મિલી દૂધ વિતરણ કરાશે.
- ✓ રાજસ્થાન કો-ઓપરેટીવ ડેરી ફેડરેશન પાસેથી પાવડર દૂધ ખરીદશે.

## ❖ ગ્લોબલ રિપોર્ટ ઓન ફૂડ ક્રાઈસિસ

- ✓ FAO (ફૂડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઈઝેશન)ના રિપોર્ટ મુજબ 53 દેશો/વિસ્તારના અંદાજે 19.3 કરોડ લોકોએ ખાધ અસુરક્ષાનો અનુભવ કર્યો.
- ✓ FAOના આ રિપોર્ટનું નામ ગ્લોબલ રિપોર્ટ ઓન ફોડ ક્રાઈસીસ છે.
- ✓ સૌથી વધુ ખાધ સુરક્ષાનો અભાવ ઇથોપિયા, યમન, દક્ષિણ સુદાન, સોમાલિયા અને અફઘાનિસ્તાન જેવા દેશોમાં છે જેમાં લગભગ 7.5 લાખ લોકો ખાધ અસુરક્ષાનો સંઘર્ષ કરી રહ્યા છે.

✓ યુનિસેફ મુજબ પાંચ વર્ષ સુધીનાં 1.36 કરોડ બાળકો અતિકુપોષિત છે.

### કરન્ટ ઇન શોર્ટ

✓ આસામના કામાખ્યા મંદિર ખાતે સૂર્ય મિથેન રાશિમાં પ્રવેશ થવાના સમયને વધાવતાં અંબુબાચીનો મેળો મનાવાયો.

✓ LICએ 'ધન સંચય' નામની નવી જીવન વીમા યોજના શરૂ કરી.

✓ નોર્વેના ઓસ્લો ખાતે આંતરરાષ્ટ્રીય જેલ રેડિયો સંમેલનનું આયોજન કરાયું, જેમાં ભારતના અગ્રણી જેલ સુધારક અને મીડિયા શિક્ષક ડો. વર્તિકા નંદાએ ભારતનું પ્રતિનિધિત્વ કર્યું.

✓ NDB (ન્યુ ડેવલપમેન્ટ બેંક)ની ઇન્ડિયા રિજનલ ઓફિસના ડિરેક્ટર જનરલ તરીકે ડી. જે. પાંડીયનની 4 વર્ષ માટે નિયુક્તિ કરવામાં આવી.

✓ 1908ની તુંગુસ્કા ઘટનાની વર્ષગાંઠ પર 30 જૂનના રોજ Asteroid Day મનાવાયો જેની વર્ષ 2022ની થીમ - 'સ્મોલ ઈસ બ્યુટીફૂલ' રખાઈ હતી.

Crack GPSC


**કોઈપણ પરીક્ષા માટે આ બુક્સ વાંચવાનું ન ચૂકશો....**

**UPSC, GPSC ક્લાસ 1, 2, 3 લેવલની બુક્સ**

- એક બુક બધી પરીક્ષાઓ કન્સેપ્ટ મુજબ કોઈપણ સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઉપયોગી,
- પોતાની નોટ્સ ઉપરાંત, NCERT, નેશનલ લેવલની બુક્સ અને પરીક્ષાઓને ધ્યાને રાખીને એમ. કે. પ્રજાપતિ (ડેપ્યુટી કલેકટર) દ્વારા વિદ્યાર્થીઓ માટે ફ્રી લખવામાં આવેલ,
- ઓછા સમયમાં વધુ સારી અને ઊંડાણપૂર્વક તૈયારી માટે,
- નવી પરીક્ષા પદ્ધતિ મુજબના ફેરફાર સાથેની ઈતિહાસ માટેની બેસ્ટ બુક્સ:

**1. ફાસ્ટ ટ્રેક ભારતનો ઈતિહાસ, 2. ભારતનો ઈતિહાસ, 3. આધુનિક ભારતનો ઈતિહાસ.**

12 પાસ, ગ્રેજ્યુએટ

# સરકારી નોકરીની તૈયારી કરો

## ગુજરાતની નં. 1 એપ સાથે

# CRACK GPSC

UPSC - GPSC - PI - PSI - Dy. SO / મામલતદાર

બિનસચિવાલય કલર્ક | હેડ કલર્ક | તલાટી | કોન્સ્ટેબલ

ગુજ. શિક્ષણ સેવા - હિસાબી અધિકારી - STI - RAILWAY - મોટર વાહન નિરીક્ષક

RFO | TAT | TET | HTAT




• અનુભવી અને સફળ ફેકલ્ટીઝ સાથે ઓછા સમયમાં સચોટ તૈયારી એટલે Crack GPSC

સ્પર્ધાત્મક પરીક્ષા ક્ષેત્રે
5,00,000+
યુઝર્સ ધરાવતી ગુજરાતની એકમાત્ર એપ

એક એપ
બધી પરીક્ષાઓ

એપ ડાઉનલોડ કરવા
આ કોડ સ્કેન કરો.

76000 51070

/CrackGPSCexam /CrackGPSC /CrackGPSC /CrackGPSCapp